بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૦૮**

ઝિલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૨૯-૧૪૩૦

વર્ષ : ૦૫, અંક : ૧૨, સળંગ અંક : ૬૦



સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી (B.Sc.)

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | કુર્આને મુક઼દ્દસ ગૈર મુસ્લિમ વિદ્વાનોની નજરમાં | ૦૨ |
| ૦૨ | *જામિઆ અક્કલકુવાનું માસિક !* : બયાને મુસ્તફા કે "બયાને મુખાલિફે મુસ્તફા" ?! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૨ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૪ |
| ૦૫ | ફત્વા વિભાગ | ૧૬ |
| ૦૬ | શિફા શરીફ | ૧૭ |
| ૦૭ | રહમતે દારૈન صلی اللہ علیہ وسلم ના શયદાઈ | ૧૯ |
| ૦૮ | ક઼ાનૂને શરીઅત | ૨૦ |
| ૦૯ | નબી صلی اللہ علیہ وسلم ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | ૨૨ |
| ૧૦ | કુર્બાની શું છે ? અને તેને કેવી રીતે કરવી ? | ૨૩ |
| ૧૧ | ઈસ્લામની દા'વતમાં નબુવ્વતનો તરીક઼ો | ૨૬ |
| ૧૨ | શેર બજાર અને તેની કાર્ય પદ્ધતિ તથા શરીઅતના હુકમો | ૨૯ |
| ૧૩ | ઈસ્લામમાં સાચાબોલીનું મહત્વ અને આપણે ! | ૩૩ |
| ૧૪ | ઈસ્લામના વિરોધીઓના નવા હથિયારને સંયમથી નિષ્ફળ બનાવો ! | ૩૬ |
| ૧૫ | સ્ત્રીઓ માટે એજ્યુકેશન જરૂરી છે પરંતુ..... | ૩૮ |
| ૧૬ | FEAR OF ALLAH : SIGNS AND REASONS | ૪૧ |
| ૧૭ | હુઝૂર અશ્શાહ મુફતી આલે મુસ્તફા ક઼ાદરી.... | ૪૪ |
| ૧૮ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |
| ૧૯ | બરકાતે ખ્વાજા (માસિક) લેખ હરિફાઈનું પરિણામ | ૪૮ |


## જાને ગુલઝાર કા પસીના.......

અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ્ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی

દૂર અય દિલ રહે મદીનેસે　　મૌત બેહતર હૈ ઐસે જીનેસે

ઉનસે મેરા સલામ કહ દેના　　જાકે તૂ અય સબા ક઼રીનેસે

હર ગુલે ગુલિસ્તાં મોઅત્તર હૈ　　જાને ગુલઝાર કે પસીને સે

યૂં ચમકતે હૈં ઝર્રે તયબાહ કે　　જૈસે બિખરે હુએ નગીનેસે

ઝિક્રે સરકાર કરતે હૈં મો'મિન　　કોઈ મર જાએ જલકે કીનેસે

બારગાહે ખુદામેં કયા પહૂંચે ?　　ગિર ગયા જો નબી કે ઝીનેસે

પીજિએ ચશ્મે નાઝસે ઉન્કી　　મયકશોં કા ભલા હૈ પીનેસે

ઈસ તજલ્લી કે સામને "અખ્તર"　　ગુલકો આને લગે પસીને સે

## કુર્આને મુક઼દ્દસ ગૈર મુસ્લિમ વિદ્વાનોની નજરમાં



:::: રજૂકર્તા :::

મુહમ્મદ અકરમ રઝા સિલવઈવાળા

(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

કુર્આન શરીફ એક એવી કિતાબ છે જેમાં કોઈ શક તથા શંકાને સ્થાન નથી. અને તેનો આદેશ બહુ ઊંચો અને બુલંદી પર છે. માણસોની કામયાબી માટે અલ્લાહ ﷻ એ જુદા જુદા મોક઼ા તથા સમય પર કિતાબો ઉતારી અને છેવટે કુર્આને મુક઼દ્દસને ઉતારીને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેના બંદા સાથે હમર્દદી તથા એહસાનમંદીની અતિશયતા ફ઼ર્માવી જેથી માણસ સીધા રસ્તા પર ચાલે અને અલ્લાહની રહમતથી ખાલી ન થાય. કુર્આન એવી કિતાબ છે જેમાં કોઈ પણ ખામી નથી, કુર્આન ખામીઓથી પાક અને બધી આસ્માની કિતાબોનો સંગમ છે.

ભારત અને યૂરોપના મોટાથી મોટા અક઼લમંદો (બુદ્ધિજીવીઓ)એ કુર્આન શરીફ઼ની સચ્ચાઈની મોટી ક઼દરની સાથે એલાન કર્યું છે. પરંતુ કુર્આન શરીફ઼ને સમજવા માટે પાક (સ્વચ્છ) રૂહ હોવી જોઈએ. મોટાથી મોટા કોમ્પ્યુટર દિમાગવાળા કુર્આનની સાચી હક઼ીક઼તને સમજી કુર્આન સામે નમી ગયા ! અને અસંખ્ય લીડરોએ કુર્આનની સાચી હક઼ીક઼ત બતાવી છે. જેમ કે :–

**ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજી**એ કહ્યું છે કે, "મેં કુર્આનને સારી રીતે વાંચ્યું છે, મને કુર્આનને આસ્માની કિતાબ માનવામાં રજ માત્ર શંકા નથી. મેં આ કિતાબમાં બધાથી મોટી ખૂબી એ જોઈ છે કે તે માનવ પ્રકૃતિ અનુસાર છે."

**શ્રીમતિ સરોજની નાઇડુ**એ કહ્યું છે કે, "કુર્આન શરીફ એ ગૈર મુસ્લિમોને સારી આદતો–ટેવો રાખવાનું શિખવાડે છે. કુર્આન શરીફના હુકમ પ્રમાણે ચાલવાથી દુનિયાનું તંત્ર સારી રીતે ચાલી શકે છે. અને દુનિયામાં હવે પછી આવવાળો મઝહબ (ધર્મ) ઈસ્લામ હશે."

**લાલા લજપતરાયે** કહ્યું, "કે હું ઈસ્લામ ધર્મની સાથે ખૂબ પ્રેમ કરું છું અને ઈસ્લામના પૈગંબરને દુનિયાના સૌથી મહાન પુરૂષ સમજુ છું. હું કુર્આનની રોજગારી તેમજ રાજકરણની સારી ટેવોની દિલથી તારીફ કરું છું અને તે રંગને ઈસ્લામનો સૌથી શ્રેષ્ઠ રંગ સમજુ છું જે ખલીફા હઝરત ઉમરના જમાનામાં હતો."

**ભારત રાષ્ટ્રના પ્રખ્યાત ડોકટર રવિન્દ્રનાથ ટાગોર**નું માનવું છે કે એ સમય હવે દૂર નથી કે જ્યારે કુર્આન પોતાની સંપૂર્ણ સચ્ચાઈ અને રૂહાની કરિશ્મા (ચમત્કાર)થી બધાને પોતાના હક઼્ હોવા પર મનાવી લેશે. તે જમાનો પણ દૂર નથી જ્યારે કે ઈસ્લામ ગૈરોના ઉપર છવાઈ જશે અને સર્વત્ર એક માત્ર ઈસ્લામ જ હશે."

**શીખોના ધર્મગુરૂ ગુરૂનાનકે** કહ્યું છે કે, "કુર્આન સૌથી વિશેષ નસીહતોનો દરિયો છે. સાંભળો ! અને યક઼ીન કરો અને પોતે ઈમાન લાવો કે જો કોઈ ઈમાનની કિતાબ છે તો એ એક માત્ર કુર્આન શરીફ જ છે."

**સરાયડોરડ ડેની રાઈસ**નું કહેવું છે કે, "કુર્આન શરીફ એ બાબતોનું હક઼્દાર છે કે યૂરોપના ખૂણા ખૂણામાં તેને ફેલાવવો જોઈએ."

**ડોકટર જાર્ટને** કહ્યું હતું કે કુર્આનની જે લિખાવત (શૈલી) છે તે રસપ્રદ છે. બહુ નાનુ છે પરંતુ સમૃદ્ધ છે અને કુર્આન ખુદાનો ચર્ચો બહુ શાનદાર રીતે રજૂ કરે છે."

**પ્રખ્યાત બંગાળના બાબુ ચંન્દ્રલાલે** કહ્યું કે, "કુર્આનની શિક્ષા (તા'લીમ)માં હિંદુઓ જેવુ નાત જાતનો ભેદભાવ નથી અને કોઈને ખાનદાનીથી પણ મોટો સમજાવતુ નથી."

**શ્રી ભોપીન્દ્રનાથ બસુ** કહે છે કે, "૧૩૦૦ (તેરસો વર્ષ) પછી પણ કુર્આનની તા'લીમ (શિક્ષા) એ છે કે તેની અસરથી નાનો માણસ પણ ઈસ્લામને ક઼બૂલ કર્યા પછી મોટા મોટા ખાનદાની મુસલમાનોની બરાબરીનો દાવો કરી શકે છે."

**ડેન શયલી**એ તો ખુલ્લા શબ્દોમાં કહ્યું છે કે, "કુર્આને પાકનો ક઼ાનૂન બાઈબલના ક઼ાનૂનથી વધારે અસર કરવાવાળો છે."

**આર્ય સમાજના પ્રખ્યાત ઉપદેશક પંડિત લક્ષ્મણે** લખ્યું છે કે "સ્વામી દયાનંદ સરવસ્તીએ પણ હુકમ આપ્યો હતો કે જે કિતાબ કુર્આનની વિરુદ્ધ છે તે કિતાબોને (જમના) એટલે કે યમુના નદીમાં નાખી દો."

ઉપર લખેલી બધી બાબતો "તારીફે કુર્આન"માં અત્યારે પણ મૌજૂદ છે કે આ તમામ બાબતોને જોઈને માણસની બુદ્ધિ આશ્ચર્યમાં ગરકાવ છે, અને આ આશ્ચર્યથી "કોનેટ નેહરી ધ કાટસરી" પણ નથી બચ્યો, અને પોતાની કિતાબ 'અલ્ ઈસ્લામ'માં ક઼બૂલે છે કે કુર્આન વાંચીને મારી બુદ્ધિ આશ્ચર્યમાં ડૂબી ગઈ છે કે કુર્આન શરીફ઼નું બેઐબ તથા અજોડ (મિષાલ) કલામ તે માણસની જબાનથી કેમ કરીને અદા થયું જે ઉમ્મી (કોઈ વ્યક્તિથી જેણે વિદ્યા શીખી નથી) હતો ?! આ ઉપરાંત મોટાથી મોટા ફ઼િલોસોફ઼રો, વૈજ્ઞાનિકો, પ્રોફ઼ેસરોએ કુર્આન પાકની સચ્ચાઈને ક઼બૂલ કરી છે.

ઉપરોક્ત લખાણથી પુરવાર થાય છે કે ગૈર મુસ્લિમ પણ ઈસ્લામની અને કુર્આન પાકની સચ્ચાઈ અને તેનું આસ્માની કિતાબ હોવાનુ ક઼બૂલ કરવા માટે મજબૂર છે.

જામિઆ અક્કલકુવાનું માસિક !

## બયાને મુસ્તફા

# "બયાને મુખાલિફે મુસ્તફા"?!

(હપ્તો : પેહલો)




અત્યારે મારી સમક્ષ દેવબંદી ફિર્કાના જામિઆ અક્કલકૂવાથી પ્રસિદ્ધ થતા "બયાને મુસ્તફા" (ﷺ) નામના માસિકના ઓકટો.–૨૦૦૮ના અંકના અમુક પેજોની ઝેરોક્ષ કોપીઓ છે. તેના પેજ નં. ૭૪ના લેખનું હેડીંગ છે : "મુસલમાનોમાં પ્રચલિત બિન ઈસ્લામી તહેવારોનો ઈતિહાસ" એમાં વિશેષતઃ ફાતિમી શીઆઓની તદન સંક્ષિપ્ત વાતો પોતાની રીતે કશાય હવાલા વિના દર્શાવી જેમાં બિન ઈસ્લામી તહેવાર નં. (૧) "નવા વર્ષનો જશ્ન" દશાવ્યો છે જેને સુન્નીઓ જાણતા પણ નથી કે એવો કોઈ જશ્ન મનાવતા નથી, જે કરતા હશે તે જાણે ! બિન ઈસ્લામી તહેવાર નં. (૨) "યવમે આશૂરા" બતાવ્યો, જેની રીત રસમો લખી છે કે, શોક વ્યક્ત કરવો, નવહા (વિલાપ કરવો), તાઝિયા બનાવવાં વગેરે, તો અહલે સુન્નત વ જમાઅતના મહાન આલિમે દીન મુજદ્દિદે વક્ત આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہએ મુહર્રમની ગલત રસ્મોની તથા તાઝિયાદારીની ખરાબીઓની ઝાટકણી કાઢીને તેની ભરપુર રદ કરી જ છે, એ સુન્ની મઝહબની ચીજ છે જ નથી ! કેટલાક જાહિલો શીઆઓની દેખાદેખી અમુક ખુરાફાત કરે છે જેને **વિશ્વાસુ સુન્ની ઉલમાની કોઈ કિતાબમાં સમર્થન નથી.** હા ! જે શરીઅતમાં જાઈઝ કામો છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہની યાદમાં દીની મેહફિલોમાં કુર્આન શરીફની તિલાવત કરવી, નઅત તથા મન્કબત પઢવી, ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા કર્બલાના શહીદોની શાનમાં કુર્આન હદીષની રૂએ બયાન કરવું, ફાતેહા પઢી ન્યાઝ કરવી, શરબત પીવડાવવું, સહીહ રિવાયતોથી કર્બલાના બનાવોની લોકોને જાણ થાય તથા યઝીદ પલીદની બદ્તમીઝીઓ જાહેર થાય અને ઈસ્લામ પર, શરીઅત પર મજબૂતીથી રહેવાની પ્રેરણા મળે એવા પ્રસંગો બયાન કરવા, તેને સુન્ની ઉલમા બયાન કરે છે જે કોઈ યઝીદીના કહેવાથી નાજાઈઝ થવાનું નથી.

### ✪ શું ઈદે મીલાદુન્નબી "બિન ઈસ્લામી" તહેવાર છે ?!

હવે આ દેવબંદીઓમાં ખાસ તો મૂળ ચીજ તેમનામાં જે છે તે "નબીપાક ﷺની અદાવત તથા કીનો !" તે એ રીતે આ માસિકમાં જાહેર થયો છે કે "બિન ઈસ્લામી તહેવારો"માં નં. ૩ "ઈદે મીલાદુન્નબી" (ﷺ)ને આપ્યો છે. જો ઈમાનદારીથી "ઈદે મીલાદુન્નબી" (ﷺ)નો ઈતિહાસ વર્ણવ્યો હોત તો અમને કોઈ વાંધો ન હોત, પણ **જેમના મઝહબમાં ખૂદ અલ્લાહ માટે જ એ અકીદો હોય કે, "અલ્લાહ જૂઠુ બોલી શકે છે." (મઆઝલ્લાહ !) તે ધર્મના ચેલાઓ પોતે કેટલુ જૂઠ ચલાવી શકે છે તે સમજી શકાય છે.** લખે છે, "ખ્રિસ્તી અને અન્ય બિન ઈસ્લામી બાતિલ મઝહબોની (જેમ) મુસલમાનોમાં પણ યવમે વિલાદતે નબવીની ઉજવણી શરૂ કરવામાં આવી. ફાતિમીઓએ જ આ ઈદ મુસલમાનોમાં પ્રચલિત કરી હતી પરંતુ પાછળથી માલિક મુઝફ્ફર અબૂ સઈદ કાકોરીએ આનું પ્રચલન વધાર્યું જેની ઉજવણી આજ દીન સુધી કરવામાં આવે છે." *(પેજ–૭૫, બયાને મુસ્તફા, ઓગષ્ટ–૦૮)*

શું ખરેખર આટલો જ અને આ જ ઈદે મીલાદુન્નબી (ﷺ)નો ઈતિહાસ છે ? અને ખરેખર એ "બિન ઈસ્લામી તહેવાર" છે ? શું ઈસ્લામના મહાન ઈમામો, બુઝુર્ગો, મહાન ઉલમાએ પણ એને તદન "બિન ઈસ્લામી તહેવાર" જ ગણાવ્યો છે ? અને તેને મનાવવાથી આવી જ નફરત દર્શાવી છે જેવી આજે આ અક્કલકુવાવાળા તથા અન્ય વહાબી દેવબંદી દર્શાવી રહ્યા છે ? એનો જવાબ ઈન્શાઅલ્લાહ ! આગળ વિગતે જોવા મળશે.

વળી એ જ માસિક વધુમાં લખે છે કે, "જો કે ખૂદ નબીએ કરીમ (صلى الله عليه وسلم)થી અથવા સહાબા (رضوان الله تعالیٰ علیهم اجمعین) અને તાબઈન (رحمة الله علیهم) પૈકી કોઈનાથી પણ સાબિત નથી, તદુપરાંત, કુર્આન અને હદીષમાં ક્યાંય એનો ઉલ્લેખ જોવા મળતો નથી, આથી આ બિદઅત અને હરામ છે." *(પેજ–૭૫, બયાને મુસ્તફા, ઓગષ્ટ–૦૮)*

## ✯ દેવબંદી સર્વ માસિકો બિદઅત તથા હરામ છે ! કેમ કે...... ✯

ઈદે મીલાદુન્નબી صلى الله عليه وسلم મનાવવાના ઈતિહાસ વિશે ચર્ચા પછી કરીશું. અહીં આ વહાબી દેવબંદી ફિર્કાના કહેવાતા "બયાને મુસ્તફા" (માસિક)માં દર્શાવ્યું છે કે **ઈદે મીલાદુન્નબી (صلى الله عليه وسلم) મનાવવું "બિદઅત" તથા "હરામ" એટલા માટે છે કે નબી કરીમ صلى الله عليه وسلم તથા સહાબા رضوان الله تعالیٰ علیهم اجمعین તેમજ તાબઈન رحمة الله علیهم પૈકી કોઈનાથી સાબિત નથી.**

આ પરથી **દેવબંદી ધર્મનો પાયાનો કાયદો** જાણવા મળ્યો કે જે હુઝૂર صلى الله عليه وسلمથી, સહાબાથી, તાબઈનથી સાબિત ન હોય, તેમણે કર્યું ન હોય તે "બિઅદત" તથા "હરામ" છે.

તો હવે જે પણ દીની રસમ કે કાર્ય હાલમાં થતું હોય પણ ઉપર જણાવ્યા મુજબ ન હોય તો તે દેવબંદી કાયદાનુસાર બિદઅત તથા હરામ ગણાશે, એ તો ચોક્કસને ! તો અમે કહીએ છીએ કે **સૌ પ્રથમ તો જામિઆ અક્કલકુવાથી આ કહેવાતુ "બયાને મુસ્તફા" (માસિક) પ્રસિદ્ધ કરવું "બિદઅત" તથા "હરામ" છે. કારણ કે નબી પાક صلى الله عليه وسلمના સમયમાં નથી આવું માસિક નીકળ્યું, ન સહાબાએ કોઈ માસિક પ્રસિદ્ધ કર્યું હતું અને ન તાબઈનના સમયમાં બહાર પડયું.** પોતાના જ કાયદા પ્રમાણે પોતે બહાર પાડેલ તેમનું આ માસિક બહાર પાડવું "બિદઅત" તથા "હરામ" છે જેથી એને બંધ કરી આપે !

**હે ઈન્સાફપ્રિય વાંચકો !** તમે જાતે જ ફેંસલો કરો કે એક આ જ માસિક નહીં, દેવબંદીઓનાં સર્વ માસિકો ઉપરોક્ત તેમના જ કાયદા અનુસાર બિદઅત તથા હરામ ઠરે છે કે નહીં ?! કેમ કે ન નબી પાક صلى الله عليه وسلمએ કોઈ માસિક કાઢયું, ન કોઈ સહાબીએ ન તાબઈએ કાઢયું. જેથી તેમના જ આ પાયાના કાયદા હેઠળ એ કાર્ય બિદઅત તથા હરામ ઠરે છે.

## ✯ અન્યને બિદઅતી કહેનારા દેવબંદીઓનાં આ રહ્યાં બિદઅત તથા હરામ કામો ! ✯

એ જ માસિક પેજ–૭૭ ઉપર જામિઆ અક્કલકુવામાં ૧૨–૮–૨૦૦૮ના રોજ "દસ્તારબંદીનો વાર્ષિક ઈજલાસ" મનાવાયો તેનો રિપોર્ટ છે. તો આ રીતે **દસ્તારબંદીનો જલ્સો ન રસૂલે પાક صلى الله عليه وسلمથી સાબિત છે, ન સહાબા કે ન તાબઈનથી સાબિત છે. જેથી એમના તથા સર્વ દેવબંદી મદરસાઓમાં દર વરસે થતા આ જલસા પણ તેમના પોતાના જ કાયદા હેઠળ બિદઅત તથા હરામ છે.**

તે ઉપરાંત.....હુઝૂર صلى الله عليه وسلمના જમાનામાં, સહાબાના કે તાબઈનના જમાનામાં અક્કલકુવાના તથા અન્ય દેવબંદીઓના જેવા મદરસા ન હતા, ત્યારે આવા કોર્સ પઢાવવા માટે ન હતા, દૌરાએ હદીષ, પગારો લઈને મુદર્રિસોનું પઢાવવું, ચંદા માટે ચોપડીઓ લઈને ફરવું, ચંદામાં કમીશનો આપવાં, પ્રિન્ટીંગ પ્રેસોમાં કુર્આન તથા હદીષની કિતાબો છપાવવી, બુખારી શરીફનો ખતમ રાખવો, હદીષ શીખવા ઈલ્મે સરફ તથા નહ્વની તા'લીમ, સ્વાતંત્ર્ય દિને દીની મદરસાઓ પર રાષ્ટ્ર ધ્વજ ફરકાવવું, ઈમાને મુજમલ, ઈમાને મુફસ્સલ પઢાવવું, છ કલમા, કલમાનાં નામો વગેરે, નમાઝ માટે જીભથી નિય્યત કરવું, દેશભરમાં કિર્અતના ઈનામી મુકાબલા ગોઠવવા, પાસપોર્ટ બનાવી હજ્જમાં જવું, હજ્જ કમિટીમાં નામ નોંધાવવું, તેનો ડ્રો કરવો, એજન્ટોની મદદ લેવી વગેરે, એજન્ટ બનવું, ત્રણ દિવસ, અઠવાડિયું, ચાલીસ દિવસ કે છ મહિના, વરસ ચિલ્લાં કરવા જવા નામોની નોંધણી કરી જમાઅતો કાઢવી, ગશ્ત કરવું, દેશ વિદેશ વિમાનોમાં, મોટરોમાં તબ્લીગના બહાને ફરવું, સ્ત્રીઓની જમાઅતો કાઢવી, કૌમી એકતા માટે ગૈર ધર્મના ધાર્મિક સરઘસોનું સ્વાગત તથા તેમના મહારાજનું

ફૂલહારથી સ્વાગત કરવું, (જેમ કે જમિયતુલ ઉલમા ગુજરાતના મૌલાના અ. અહદ તારાપુરીએ કર્યું હતું) તથા શાલ ઓઢાડી ગૈરોના ધર્મગુરૂનું ક઼યામની હાલતમાં રહી સન્માન (તા'ઝીમ) કરવું જેમ કે જમિયતુલ ઉલમાના માજી પ્રમુખ મૌલાના અસદ મદની તથા તેમના પુત્ર મૌલાના મેહમૂદ મદનીએ કર્યું હતું, જમિઅતુલ ઉલમાએ હિંદ તથા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ સ્થાપવું, પ્રથમવાર નીકળેલી નકલી દાંડીયાત્રાની મશાલને હાર પહેરાવવો તથા તેમાંનાં ગૈર મુસ્લિમોનું સ્વાગત કરી તેમને બદામનું શરબત પાવું જેમ કે દા.ઉ. કંથારીઆ આગળ થયું હતું, વળી ખાસ દેવબંદ મદરસાની શતાબ્દી મનાવવી તથા તેમાં આંજહાની ઈંદિરા ગાંધીને મંચ પર બોલાવી ખુરશી પર બેસાડવું અને મોલ્વીઓનું તેમના પગોમાં બેસવું.....વગેરે.

આવાં બધાં કામો એઓ કરતા રહે છે તે સર્વ હુઝૂરે પાક ﷺના સમયમાં ન થતાં હતાં, ન સહાબાએ કર્યા, ન તાબઈને કર્યા જેથી દેવબંદી ક઼ાયદા અનુસાર બિદઅત તથા હરામ છે કે નહીં ?! ઈન્સાફથી જવાબ આપશો ! **એક નબીપાક ﷺની "ઈદે મીલાદુન્નબી" (ﷺ) જ શા માટે બિદઅત તથા હરામ ?!** શું તમે કરો તે હલાલ અને સુન્નીઓ કરે તે હરામ અને બિદઅત ?! આ અક્કલને અભરાઈએ મૂકીને લખનારાઓને **અમારી ચેલેંજ છે કે** તમારા જ ક઼ાયદા હેઠળ પુરવાર કરી બતાવો કે તમારાં આ દર્શાવ્યાં તે કામો બિદઅત તથા હરામ નથી ? શું રસૂલે પાક ﷺએ કર્યા ? સહાબા કે તાબઈને કર્યા ? જો નથી કર્યા તો તમારો ક઼ાયદો તેને બિદઅત તથા હરામ નથી કહેતો ? એવું નિશાન ન ચલાવો કે ગોળી પોતાનાં જ લમણામાં વાગે !

આવો હવે જોઈ લઈએ કે "ઈદે મીલાદુન્નબી ﷺ" આ પથભ્રષ્ટ થયેલા અક્કલકુવાના દેવબંદીઓ કહે છે તેમ "બિન ઈસ્લામી તહેવાર" છે કે ઈસ્લામની માન્યવર હસ્તીઓનો "માન્ય ઈસ્લામી તહેવાર" છે ?

## ✯ શું ઈસ્લામમાં કેવળ બે જ ઈદો (ખુશીના પર્વો) છે ? ✯

અક્કલકુવાનું કહેવાતુ "બયાને મુસ્તફા" માસિક તથા અન્ય દેવબંદી ફિર્કાનાં માસિકો વારંવાર લખતાં રહે છે કે, "ઈસ્લામમાં કેવળ બે જ ઈદ છે, એક ઈદુલ ફિત્ર અને બીજી ઈદે અદહા. જેથી આ બે સિવાય ઈદ મનાવવી બિદઅત, નાજાઈઝ તથા હરામ છે. *(બયાને મુસ્તફા, ઓકટો. ૦૮, યંગ વહોરા વેલ્ફેર બુલેટીન, ફેબ્રુ–માર્ચ : ૨૦૦૮ વગેરે)*

"ઈદે મીલાદુન્નબી" (ﷺ) શબ્દથી એમને ખૂબ ચીડ થાય છે ! અને પોતે મુસ્લિમ એકતાનો ઝંડો લઈને ફરનાર આ જ તત્વચિંતકો મુસ્લિમોમાં નકારાત્મક લખાણો વડે પોતે જ વિવાદો ખડા કરતા રહે છે.

**તફસીરે રૂહુલ બયાન**માં "ઈદ"નો તર્જુમો છે : "પરત આવવાવાળી ખુશી." શું ૧૨ રબીઉલ અવ્વલ શરીફની તારીખ આપણા માટે ખુશી પરત આવવાની તારીખ નથી ? શું નબીઓના સરદાર, રહમતુલ્ લિલ્ આલમીન ﷺ જે દિવસે દુનિયામાં તશરીફ લાવ્યા તે યાદગાર તારીખે કેમ મુસ્લિમોને ખુશી ન ઉપજે ?

જે લોકો "ઈદ"ના શબ્દનો ઉપયોગ બે ઈદો સિવાય પર બિદઅત કહે છે તે તેમની નાદાની છે. તેમની પાસે "ઈદ"ના શબ્દનો ઉપયોગ બીજી ખાસ પ્રકારની ખુશીના પ્રસંગે ન કરવા સંબંધે કોઈ શરઈ દલીલ છે જ નથી ! તેમણે **તફસીરે રૂહુલ બયાન**ની આ રિવાયત પર ધ્યાન કેન્દ્રિત કરી આ વિવાદનો હલ કાઢવો જોઈએ : "મુસલમાનો માટે દુનિયામાં જે દિવસો ઈદના હતા તે તેમના માટે જન્નતમાં પણ ઈદ હશે." તો હવે બે ઈદો સિવાય પણ ઈદો થશે કે નહીં ?!

ત્યાર બાદ ફર્માવ્યું : ખાસ લોકો માટે દુનિયાના સઘળા દિવસો ઈદ છે, તો તેમના સઘળા દિવસો આખેરતમાં ઈદ હશે, અને ખાસમાં ખાસ લોકો માટે દરેક શ્વાસ ઈદ છે !"

**તફસીરે રૂહુલ બયાનમાં** مُحَمَّدٌ رَّسُوْلُ اللهِની તફસીરમાં છે : "મીલાદ શરીફ કરવી હુઝૂરની તા'ઝીમ છે જયારે કે તે બુરી વાતોથી ખાલી હોય. ઈમામ સિયૂતી ફર્માવે છે કે હુઝૂર ﷺના જન્મ પર શુક્ર જાહેર કરવો આપણા માટે મુસ્તહબ છે.

રબ તઆલા ફર્માવે છે : لَقَدۡمَنَّ اللّٰهُ عَلَى الۡمُؤۡمِنِيۡنَ اِذۡبَعَثَ فِيۡهِمۡ رَسُوۡلًا ''બેશક ! અલ્લાહનું 'મહાન એહસાન' થયું મુસલમાનો પર કે તેમનામાં તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યા.''

હુઝૂર ﷺની પધરામણી ''મહાન નેઅમત'' છે તો એના પર ખુશી કરવામાં ન આવે ? તે દિવસને ઈદ કહેવામાં ન આવે ? જ્યારે આ આયત નાઝિલ થઈ તો એક યહૂદીએ કહ્યું કે આ આયત જો અમને આપવામાં આવી હોત તો અમે તે દિવસને ઈદ ઉજવતે ! તો હઝરત ઉમર رضی اللہ عنہએ જવાબ આપ્યો હતો કે જે દિવસે આ આયત ઉતારવામાં આવી ત્યારે બે ઈદો ભેગી હતી, એક જુમ્આનો દિવસ અને એક અરફાનો દિવસ. અહીં જુમ્આ તથા અરફાના દિવસને પણ ઈદ કહેવામાં આવે છે.

જો બે ઈદો સિવાય કોઈ ઈદ નથી તો જુમ્આને અઠવાડિક ઈદ શી રીતે કહેવામાં આવે છે ? જો દરેક જુમ્આ ઈદ છે તો વરસની કેટલી ઈદો થઈ ?!

સારાંશ કે આ મહાશયોની એ વાત જૂઠી તથા રસૂલ દુશ્મનીની બૂ વાળી છે કે, કેવળ બે જ ઈદો છે એ સિવાય ઈદ મનાવવી બિદઅત તથા હરામ છે અને જાઈઝ નથી. બલ્કે ''ઈદ'' શબ્દ મીલાદુન્નબી માટે વાપરી શકાય છે.

## ✪ મીલાદ શરીફ મનાવવી કોની કોની સુન્નત છે ?! ✪

નેકીનું કોઈ કામ એવું નથી કે જેમાં પાંચેવ પ્રકારની સુન્નતો ભેગી થતી હોય, પરંતુ માત્ર બે કામો છે એક દુરૂદ શરીફ અને એક મીલાદ શરીફ. આમાં પાંચેવ પ્રકારની સુન્નતો મૌજૂદ છે.

**સુન્નતે ઈલાહી** : કુર્આન શરીફમાં જગા જગાએ અલ્લાહ તઆલાએ નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺને આ દુનિયામાં નબી અને રસૂલ બનાવીને મોકલવાની આયતો નાઝિલ ફર્માવી, અને મીલાદ શરીફમાં આ જ પ્રકારની વાતો મુસલમાનોને સંભળાવવામાં આવે છે. ક્યારેક તક્રીરો કરી મીલાદ ઉજવવામાં આવે છે, ક્યારેક નઅતોનું આયોજન કરી મીલાદ ઉજવવામાં આવે છે. અને કુર્આન શરીફમાં રસૂલે પાકની નઅત પણ છે, આપની વિલાદતનો પણ ઝિક્ર છે, આપની રિસાલત અને નબુવ્વતનું બયાન છે, આપની હિજરત અને ગઝવાતનું બયાન છે. અને આ સઘળાં કામોને આપણી પરિભાષામાં મીલાદ શરીફ કહેવામાં આવે છે. શું ઉપરોક્ત આયતમાં નબીની મીલાદ શરીફનું બયાન નથી ? છે અને જરૂરથી છે, અને આમ તો કુર્આનમાં અગણિત આયતો છે, એટલે અમે કહીએ છીએ કે મીલાદ શરીફ સુન્નતે ઈલાહી પણ છે.

**સુન્નતે અંબિયાએ કિરામ** : અલ્લાહ તઆલાએ સઘળા અંબિયાએ કિરામને નબીએ આખેરુઝ્ઝમાં ﷺની પેદાઈશ (જન્મ)ની ખુશખબરી સંભળાવવાની જવાબદારી સોંપી હતી, અને તેમણે પોત પોતાની ઉમ્મતોને અલ્લાહના હબીબના આવવાની ખુશખબરી સંભળાવી હતી. જેનાથી સ્પષ્ટ થયું કે મીલાદ શરીફ અંબિયાએ કિરામની પણ સુન્નત છે.

મિશ્કાતુલ મસાબીહમાં છે, સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, હું મારા પિતા ઈબ્રાહીમની દુઆ અને ઈસા બિન મરયમની બશારત છું. મારી માતાએ મારી પેદાઈશના સમયે જોયું કે તેમનામાંથી એક એવું પ્રકાશ નીકળ્યું, જેનાથી શામના મહેલો પ્રકાશિત થઈ ગયા.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે **સરકારે મદીના ﷺએ પોતે પોતાની મીલાદ શરીફ સહાબાએ કિરામને સંભળાવી હતી.** એટલે મીલાદ શરીફ આપણા નબીની પણ સુન્નત છે.

**સુન્નતુલ મુસ્લિમીન** : સદીઓથી મુસલમાનોમાં મીલાદ શરીફનું કામ ચાલી રહ્યું છે અને મહાન આલિમોએ પોતે આ નેક કામ કરેલું છે, આધારભૂત કિતાબોમાં તેનો ઉલ્લેખ પણ છે. જેમાંથી અમુક વાતો હું તમારી ખિદમતમાં રજૂ કરીશ.

**સુન્નતે સહાબાએ કિરામ** : નબીએ અકરમ ﷺના સહાબાએ કિરામ પણ પોતાની મેહફિલોમાં રસૂલે પાકની મીલાદનું બયાન કરતા અને સાંભળતા હતા. સાબિત થયું મીલાદ શરીફ સહાબાની પણ સુન્નત છે.

**સુન્નતે મલાઈકા** : અલ્લાહ તઆલાએ રસૂલે પાકની પૈદાઈશના સમયે ફરિશ્તાઓને આપની ખિદમતમાં સલાતો સલામ પઢવા માટે મોકલ્યા હતા, અને બીજા અન્ય કામોમાં લગાડયા હતા. સાબિત થયું કે મીલાદ શરીફ મલાઈકાની સુન્નત છે.

મીલાદ શરીફનું કામ કેટલું બરકતવાળું અને સવાબનું કામ છે કે, તેમાં પાંચ પ્રકારની સુન્નતો ભેગી છે અને આમ જ દુરૂદ શરીફનું કામ કે, તેમાં પણ પાંચ પ્રકારની સુન્નતો ભેગી છે. અને કેમ ન હોય ? જ્યારે સરકારે દો આલમ ﷺ રબ તઆલાના મહબૂબ છે, તો તેમનાથી સંબંધિત ચીજ વસ્તુઓ પણ તેને મહબૂબ છે.

### ✪ ઈદે મીલાદુન્નબી (ﷺ) સત્ય ઈતિહાસની રોશનીમાં ✪

*નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ*
*સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !*

ઈમામ જવઝી લખે છે કે સૌથી પ્રથમ (વર્તમાન તરીકા મુજબ) અર્બલના બાદશાહ મલિક મુઝફ્ફર અબૂ સઈદે એની શરૂઆત કરી અને તે સમયના પ્રખ્યાત મોહદ્દિષ હાફિઝ ઈબ્ને દહિય્યહ્એ આ મકસદના માટે એક કિતાબ લખી અને એનું નામ 'અત્તન્વીર ફી હવલદિલ્ બશીરિન્નઝીર' રાખ્યું. મલિક મુઝફ્ફરની સમક્ષ જ્યારે એ કિતાબ રજૂ કરવામાં આવી તો તેણે ઈબ્ને દહિય્યહ્ને એક હજાર અશરફી ઈનામરૂપે આપી. તે રબીઉલ અવ્વલ શરીફમાં દર વરસે મેહફિલે મીલાદની ગોઠવણીની વ્યવસ્થા કરતો હતો. બુદ્ધિશાળી, શાણો, બહાદુર તથા મર્દે મેદાન હતો. દાનિશ્વર તથા ન્યાયી હતો. તેનો રાજ્યકાળ ઘણો લાંબો હતો, એટલે સુધી કે તેણે હિ.સ. ૬૩૦માં એ હાલતમાં વફાત પામી કે તેણે ઉક્કહના શહેરમાં જ્યાં ઈસાઈઓએ કબજો કરી રાખ્યો હતો તેનો ઘેરો કરેલો હતો. તેનું જાહેર તથા બાતિન (અંતર) ખૂબ જ પસંદીદા હતું. ઈબ્ને જવઝીના શબ્દોમાં આપ એ મર્દે મો'મિનની સીરતને વાંચો :–

સિબ્ત ઈબ્ને જવઝી પોતાની કિતાબ 'મિર્અતુઝ્ઝમાં'માં એ ઝિયાફતનો ઉલ્લેખ કરે છે જે મલિક મુઝફ્ફર મીલાદ શરીફના મોકા પર કર્યા કરતો હતો અને જેમાં એ સમયના મહાન ઉલમા તથા અઝીમ સૂફીઓ શિર્કત કરતા હતા. એ ઝિયાફતનો હાલ એ માણસ થકી બયાન કરવામાં આવે છે જે દા'વતમાં શરીક હતો તે કહે છે : મેં ઘેટાં બકરીઓનાં પાંચ હજાર માથાં, દસ હજાર મરઘીઓ તથા ફિરનીના એક લાખ કટોરા અને હલ્વાના ત્રણ હજાર થાળો જાતે જોયા છે. જે ઉલમા તથા સૂફીઓ એ ઝિયાફતમાં શરીક થતા તેમને મલિક મુઝફ્ફર ખિલ્અતે શાહી (ઝભ્ભાઓ) પહેરાવતો. અને મીલાદ શરીફના આ પ્રોગ્રામમાં ત્રણ લાખ દીનાર ખર્ચ કરતો. *(બહવાલા : સીરતે ઝિયાઉન્નબી ﷺ, પેજ–૪૯)*

### ✪ મીલાદુન્નબી વિશે આગલા ઈમામોનાં મંતવ્યો ✪

મીલાદે નબવીમાં મોહદ્દિષ ઈબ્ને જૌઝી رحمة الله عليه **મીલાદે નબવીની ઉજવણી પ્રત્યે પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખે છે, મક્કા અને મદીનાવાસીઓ તેમજ મિસ્ર, યમન, શામ અને પૂર્વથી લઈને પશ્ચિમ સુધીનો સમગ્ર પ્રદેશ રસૂલે અકરમ નૂરે મુજસ્સમ ﷺના જન્મ દિવસ પર મેહફિલો અને મજલિસોનું આયોજન કરે છે, અને રબીઉલ અવ્વલ શરીફનો ચાંદ જોઈને ખુશી પ્રગટે છે. નબીએ પાક ﷺના જન્મ દિવસને લગતી વાતો બયાન કરવામાં અને સાંભળવામાં ખાસ પ્રકારનું આયોજન કરે છે.** અને મુસલમાનો આ મહફિલોના આયોજનથી ઘણો સવાબ અને મહાન સફળતા પ્રાપ્ત કરે છે.

અલ બાઈષ અલા ઈન્કારિલ્ બિદએ વલ્ હવાદિષમાં **ઈમામ અબૂ શામા ઉસ્તાદે ઈમામે નવવી** رحمة الله عليه મીલાદુન્નબીની ઉજવણી વિશે પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખે છે, અમારા શહરે અરબલમાં નબીએ પાક ﷺની વિલાદત અને જન્મ દિવસે સદકાત, નેકીઓના કામો, હર્ષોઉલ્લાસ અને શણગાર કરવામાં આવે છે. તેમાં ગરીબો પર ભલાઈ કરવાની સાથે તેના કરવાવાળાના દિલમાં રસૂલે પાકની મહોબ્બત આપની ઈજ્જત,

આપની બુઝુર્ગી પ્રગટ થાય છે. (એટલે કે કરવાવાળાના દિલમાં સરકારે દો આલમ ﷺની મહોબ્બત છે ત્યારે તો તે આપના જન્મ દિવસને યાદ રાખી સદકાત અને બીજાં નેક કામો દ્વારા રબનો શુક્ર અદા કરે છે) આમાં રસૂલે પાક ﷺની પધરામણી પર અલ્લાહનો શુક્ર અદા કરવો છે કે અલ્લાહ તઆલાએ આપને રહમતુલ્ લિલ્ આલમીન બનાવીને મોકલ્યા. ફર્માવે છે, "સારી બિદઅતોમાંથી છે." (એટલે કે આ પ્રમાણેનું આયોજન નબીએ પાકના જમાનામાં થતું ન હતું પરંતુ તેનાથી કોઈ વાંધો આવતો નથી કારણ કે કામો નવાં છે પરંતુ સારાં અને ભલાં છે.)

**મવાહિબે લદુન્નિયહ**માં છે **શારેહે બુખારી ઈમામ કસ્તલા**ની લખે છે : રબીઉલ અવ્વલ શરીફ હુઝૂર ﷺની પેદાઈશનો મહિનો છે, તેમાં મુસલમાનો મેહફિલોનું આયોજન કરતા રહ્યા છે. તેની રાતોમાં વિવિધ પ્રકારના સદકા, ખૈરાત કરતા રહ્યા છે, ખુશીઓ પ્રગટ કરે છે, નેકીઓના કામોમાં વધારો કરે છે, આપની મીલાદ શરીફ શોખથી પઢે છે, તેની બરકતથી તેમની ઉપર દરેક પ્રકારની મહાન ફઝીલતો જાહેર થાય છે અને તેની અનુભવ મેળવેલી બરકત એ છે કે સઘળું વર્ષ સલામતીથી પસાર થશે અને તેનો દુનિયામાં પણ મકસદ પૂરો થશે. આગળ લખે છે : "અલ્લાહ તઆલા તે વ્યક્તિને પોતાના મકસદમાં સફળ કરે જે રસૂલે પાકની વિલાદતના મહિનાની રાતોને ઈદ તરીકે ઉજવે જેથી કરીને જેના દિલમાં બીમારી હોય તેની બીમારીમાં વધારો થાય."

ફતાવા હદીષિયામાં છે : **હઝરત ઈબ્ને હજર મક્કી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "મીલાદ અને ઝિક્રની મેહફિલો જેનું આયોજન આપણા ત્યાં કરવામાં આવે છે તેમાં વધુ પડતું ભલાઈ પર આધારિત છે, જેમ કે સદકો, ઝિક્ર અને રસૂલે પાક ﷺ પર સલાતો સલામ."

અન્વારે સાતેઆમાં છે : **મુલ્લા અલી કારી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, તમામ ઉલ્મા અને મશાઈખ આ મહાન મીલાદ અને શરાફતવાળી મેહફિલની તાઝીમ કરે છે.

તેઓમાંનો કોઈ પણ તે મેહફિલમાં હાજરી આપવાથી ઈન્કાર નથી કરતો તેનું નૂર પ્રાપ્ત કરવાની ઉમ્મીદમાં (એટલે કે તેઓ મીલાદની મેહફિલોને બરકતો પ્રાપ્ત કરવાનો ઝરીયો સમજતા હતા, અને તેમાં હાજરી આપી ફયૂઝ પ્રાપ્ત કરતા હતા.)

ફોયુઝૂલ હરમૈન છે : **શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, મક્કા મોઅઝ્ઝમામાં રસૂલે પાક ﷺના જન્મ દિવસે આપની પેદાઈશની જગાએ લોકો નબીએ પાક ﷺ પર દુરૂદો સલામ પઢી રહ્યા હતા અને પેદાઈશના સમયના ઈરહાસાત અને નબુવ્વતના એલાન પહેલાંના ઈરહાસાત બયાન કરી રહ્યા હતા. ઓચિંતા મારી નજર પ્રકાશ અને નૂર પર પડી. હું એ તો નથી કહી શકતો કે મેં મારા માથાની આંખોથી તેને જોયું અને એ પણ નથી કહી શકતો કે મેં માત્ર રૂહાની આંખોથી તેનો દીદાર કર્યો. અલ્લાહ જાણે બેમાંથી શું હતું પરંતુ જ્યારે મેં તે તરફ મનન કર્યું તો જાણવા મળ્યું કે **તે નૂર અને પ્રકાશ તે ફરિશ્તાઓનું હતું જેમને આ પ્રકારની મેહફિલો માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.** અને મેં જોયું કે ફરિશ્તાઓના પ્રકાશ સાથે અલ્લાહની રહમતનું પ્રકાશ મળેલું હતું.

**શાહ વલીયુલ્લાહ સાહબ**ના મંતવ્યથી એ જાણવા મળ્યું કે સરકારે દો આલમ ﷺના જન્મ દિવસે મીલાદ શરીફની મેહફિલોનું આયોજન કરવું, તેમાં શિરકત કરવી, માત્ર જાઈઝ જ નથી બલ્કે તેમાં શિરકત કરવાથી આપણી ઉપર અલ્લાહ તઆલાની રહમત નાઝિલ થાય છે. અને ફરિશ્તાઓ પોતાના પ્રકાશથી ઝિક્ર કરવાવાળાઓને ઢાંકી લે છે અને તેઓનું નામ રબની બારગાહમાં રજૂ કરે છે જેમ કે ઝિક્રે ઈલાહીની ફઝીલતવાળી હદીષમાં તેનો ઉલ્લેખ છે.

દુરુસ્સમીનમાં છે **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ પોતાના વાલિદે મોહતરમ **જનાબ અલ્લામા શાહ અબ્દુર્રહીમ દહેલ્વી**ના હવાલાથી લખે છે, તેઓ ફર્માવે છે, હું દર વર્ષે હુઝૂર ﷺના જન્મ દિવસના પ્રસંગે ન્યાઝની વ્યવસ્થા કરતો હતો પરંતુ એક વર્ષે હું ન્યાઝના ખાવાની વ્યવસ્થા ન કરી શક્યો.

"માત્ર સેકેલા ચણા મળ્યા જે મેં લોકોમાં વહેંચી દીધા. ત્યાર બાદ મેં સરકારે દો આલમ ﷺને સ્વપ્નમાં જોયા કે ખુશ ખુશ છે અને પેલા ચણા આપની સમક્ષ પીરસાએલા છે."

આ વાક્યાથી જાણવા મળ્યું કે સરકારે મદીના રાહતે કલ્બો સીના ﷺના જન્મ દિવસે સાચી નિય્યતે ઈખ્લાસની સાથે જે ન્યાઝ અને ખાણાની વ્યવસ્થા કરવામાં આવે છે તે સરકારની બારગાહમાં કબૂલ થાય છે, અને સરકાર તેવી વ્યક્તિ તરફ મહોબ્બત અને પ્યારની સાથે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેનાથી ખુશ થાય છે. ભલા મીલાદ શરીફનું કામ રસૂલે પાકની બારગાહમાં કેટલું પ્યારું અને કબૂલને પાત્ર છે ! સરકાર આપણી મીલાદની મેહફિલો પણ કબૂલ ફર્માવે.

**શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી અને તેમના વાલિદ શાહ અબ્દુર્રહીમ رحمۃ اللہ علیہما એવા પૂર્વજ આલિમો છે, જેમને જમાઅતી આલિમો પણ પોતાના માટે આધારભૂત સમજે છે,** અને તેઓ પણ મીલાદની ઉજવણી કરતા હતા અને તેમાં નઝરો ન્યાઝને બરકતો પ્રાપ્ત કરવાનો ઝરીયો સમજતા હતા. તો પછી તેવા નેક કામમાં કોઈ પ્રકારનો વિવાદ ઉભો ન કરવો જોઈએ.

જરા થોડીક પળો રોકાઈને હાલના નજદી સઊદી સત્તાકાળ અગાઉના હિજાઝ મુક઼દ્દસ પર એક દષ્ટિ ફેંકો, **એ જ મક્કા મુકર્રમા જ્યાં આજે ઈદે મીલાદુન્નબી ﷺ નો ચિરાંગાં ગુલ થઈ ચૂક્યો છે એ જ સ્થળે કેવા શાહી ઠાઠની સાથે જશ્ને મીલાદુન્નબીનું આયોજન થતું હતું.** વર્તમાન પત્ર "અલ્ કિ઼બ્લા" મક્કા મુકર્રમાના હવાલાથી જશ્ને ઈદે મીલાદુન્નબી મક્કા મુકર્રમાનો એક રિપોર્ટ રજૂ કરીએ છીએ :–

### ✪ મક્કામાં હુઝૂર ﷺ ના જન્મ સ્થળે જશ્ને મીલાદુન્નબી ﷺ ✪

"૧૧મી રબીઉલ અવ્વલના રોજ મક્કા મુકર્રમાની દરો દીવાર બરાબર એ સમયે તોપોની ધડાકામય અવાજોથી ગુંજી ઉઠી જ્યારે કે હરમ શરીફના મોઅઝ્ઝિને અસ્રની નમાઝના માટે અલ્લાહુ અકબરની સદા બુલંદ કરી. સર્વ લોકો આપસમાં એકબીજાને મુબારકબાદ આપવા લાગ્યા. મગરિબની નમાઝ એક મોટા મજમા સાથે શરીફ હુસૈને હનફી મુસલ્લા પર અદા કરી. નમાઝથી ફારિગ થયા બાદ સૌ પ્રથમ કાઝીયુલ કુઝાએ દસ્તૂર પ્રમાણે શરીફને ઈદે મીલાદની મુબારકબાદ આપી. પછી તમામ વઝીરો અને સલ્તનતના સભ્યો એક આમ મજમાની સાથે જેમાં અન્ય શહેરોના અમીરો પણ સામેલ હતા. નબી કરીમ ﷺ ના વિલાદતના સ્થળની તરફ રવાના થયા. આ શાનદાર મજમો ખૂબ જ આયોજન અને શાનો શૌકત સાથે મૌલુદુન્નબીની તરફ રવાના થયો. સુલ્તાનના મહેલથી મૌલુદુન્નબી સુધી માર્ગમાં બંને બાજુ ઉચ્ચ કક્ષાની રોશનીની વ્યવસ્થા હતી અને ખાસ કરીને મૌલુદુન્નબી તો પોતાની રંગબેરંગી રોશનીમાં રશ્કે જન્નત બનેલ હતો. ઝાઈરિનોનો આ મજમો ત્યાં પહોંચીને અદબપૂર્વક ઉભો થઈ ગયો અને એક શખ્સે અતિશય અસરકારક તરીકાથી સીરતે અહમદિયહ્ ﷺ બયાન કરી જેને તમામ હાજરજનો ખૂબ જ ખુશૂઅ તથા ખુઝૂઅ (તલ્લીનતાપૂર્વક) સાંભળતા રહ્યા અને એક સન્નાટો હતો જે તમામ મેહફિલ પર છવાયેલો હતો. આ બરકતવંત મકામની મહાનતા કોઈ હરકત કરવાની પણ ઈજાઝત નથી આપતી. અને આ યૌમે સઈદ (મુબારક દિવસ)ની ખુશી દરેક શખ્સને બેહાલ કરી ચૂકી હતી.

ત્યારબાદ શૈખ ફવાદ નાઈબ વિદેશ પ્રધાને એક શાનદાર તક઼રીર કરી જેમાં માનવ જગતની મહાન ક્રાંતિના ઉપર પ્રકાશ વેર્યો જેનો સબબ હુઝૂર ﷺ ની ઝાત હતી.

છેવટે ક઼ાબિલ મુકર્રિરે એક નઅતિયા ક઼સીદો પઢયો જેને સાંભળીને શ્રોતાઓ ખૂબ જ ખુશ થયા. તેનાથી ફારિગ થઈને સૌએ જન્મ સ્થળની એક પછી એક ઝિયારત કરી પછી પાછા ફરીને હરમ શરીફમાં ઈશાની નમાઝ અદા કરી. નમાઝથી ફારિગ થયા બાદ સૌ હરામ શરીફના એક હોલમાં નિશ્ચિત વાર્ષિક બયાન મીલાદ વિશેનું સાંભળવા માટે એકત્રિત થઈ ગયા. અહીં પણ મુક઼ર્રિરે ખૂબ જ મધુર રીતે નબી કરીમ ﷺ ના અખ્લાક઼ તથા ગુણો પર ખૂબીઓ પર બયાન કર્યું.

ઈદે મીલાદની ખુશીમાં તમામ કચેરીઓ, ઓફીસો અને મદ્રસા (સ્કૂલો) પણ બારમી રબીઉલ અવ્વલે એક દિવસના માટે બંધ રાખવામાં આવ્યા. અને આ રીતે એ ખુશી અને આનંદનો દિવસ પૂર્ણ થઈ ગયો." *(બહવાલા માહનામા "તરીકત" લાહોર, માર્ચ ઈ.સ. ૧૯૧૭, પેજ : ૨૧, ૨૨, ૨૩)*

હિ.સ. ૧૨૮૮ માં દિલ્હીના માન્યવર આલિમે દીન હઝરત મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીએ હિજાઝના ઉલમાથી ઈદે મીલાદુન્નબીના હવાલાથી એક ફત્વો પૂછયો. હરમૈનના ઉલમાના જવાબનો સાર એ હતો કે, **"જે મૌલુદ શરીફ અને તા'ઝીમી કિયામનો ઈન્કાર કરે તે બિદઅતી છે. શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે એવા મીલાદના મુન્કિર (નકારનાર)ને સખ્ત સજા આપે."** આ ફત્વો મક્કા મુકર્રમા, મદીના મુનવ્વરા, જિદ્દા શરીફ તથા જદીદા શરીફના અગ્રગણ્ય ઉલમાની બારગાહમાં પેશ કરવામાં આવ્યો હતો. જવાબ આપનારા અને તેના પર સમર્થનની સહી કરનારાઓની કુલ સંખ્યા ૯૪ હતી. હઝરત મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીએ આ ફત્વાઓ પોતાની કિતાબ "રૌઝતુન્નઈમ ફી ઝિક્રિન્નબી કરીમ"માં લખીને પ્રસિદ્ધ કર્યા હતા. એ કિતાબ અત્યારે દુર્લભ છે એટલા માટે વિષયને અનુલક્ષીને એને નીચે લખવામાં આવી રહ્યા છે. મૂળ ફત્વા અરબીમાં હતા એટલા માટે દહેલ્વી સાહબે તર્જુમા સાથે પ્રસિદ્ધ કર્યા હતા. તેના તર્જુમા ઉર્દૂ ભાષા પૂરાણી હોવાથી અત્યારે અપ્રતિભાશાળી જણાતી હોવાથી અમે અમારી કલમથી એનો તર્જુમો કરી રહ્યા છીએ :

## ✪ ઈદે મીલાદુન્નબી વિશે મક્કા મદીનાના મુફતીઓના ફત્વા ✪

"નીચેના મસ્અલામાં આપનો શો આદેશ છે કે પેદાઈશે મુસ્તફાનો ઝિક્ર કરવો અને વિલાદતના ઝિક્રની વખતે કિયામ કરવો એ રીતે કે એમાં દિવસની નિશ્ચિતતા, મકાનની સજાવટ, ખુશ્બુનો ઉપયોગ, કુર્આનની કોઈ સૂરતની તિલાવત અને મુસલમાનોના માટે ખાવાનો બંદોબસ્ત પણ હોય. શું આવા સ્વરૂપમાં મીલાદની મેહફિલ ગોઠવવી જાઈઝ છે ? અને તેની ગોઠવણ કરનાર સવાબનો હક્કદાર થશે કે નહીં ? વર્ણન કરશો, અલ્લાહ તઆલા બેહતર બદલો આપે.

આ પ્રશ્ન પર **મક્કા મુકર્રમાના મુફ્તિયાને એઝ્ઝામ** તથા ઉલમાએ કેબારે નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

**અર્થાત** : "નિઃશંક ! આ ઉપર જણાવેલ સ્વરૂપમાં મીલાદ શરીફનો મા'મૂલ અતિશય પસંદીદા અને મુસ્તહબ છે એટલા માટે ઉલમાએ મુતકદ્દેમીન (આગલા)એ પણ એને મુસ્તહસન કહ્યું અને વિલાદતે મુબારકાના ઝિક્ર વખતે કયામ પણ મુસ્તહસન છે અને તેનો મુન્કિર (નકારનાર) બિદઅતે સૈયેઅહ (બુરી બિદઅત)માં સપડાયેલો છે. કેમ કે તે એવી ચીજનો મુન્કિર છે જે અલ્લાહ તઆલા અને જમહૂર મુસલમાનો નજીક મુસ્તહસન છે. અષર ઈબ્ને મસ્ઊદમાં છે કે **મુસલમાનો જે ચીજને પસંદ કરે તે અલ્લાહ તઆલાની નજીક પણ પસંદીદા છે** અને આ સ્થાને **મુસલમાનોથી મુરાદ બાઅમલ ઉલમાએ કિરામ** છે.

અને અરબ, મિસ્ર, સીરિયા, રોમ અને ઉન્દલુસ (સ્પેન)ના તમામ ઉલમાએ કિરામે એને બુઝુર્ગોના કાળથી આજ સુધી મુસ્તહસન જ કહેલ છે, જેથી આ રીતે એના પર **ઉમ્મતનો ઈજમાઅ** થઈ ગયો. જેથી મીલાદની મેહફિલ ગોઠવવી નિઃશંક ! હક્ક છે.

નબી કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે મારી ઉમ્મત કદી ગુમરાહી પર એકમત થશે નહીં **જેથી શરીઅતના હાકિમ પર લાઝિમ છે કે તેના મુન્કિરને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે."

આ ફત્વા પર મક્કા મુકર્રમાના ચારેવ મઝહબના ૪૨ મુફતીઓની સહીઓ છે.

હવે નીચે બરાબર આ જ પ્રમાણે ઉપરોક્ત પ્રશ્ન પર **મદીના મુનવ્વરાના મુફ્તિયાને કિરામ**નો સર્વસમંતિવાળો ફત્વો જોઈ લો :–

"મીલાદ શરીફમાં જે ચીજોની વ્યવસ્થા કરવામાં આવે છે, દા.ત. સદકા ખૈરાત આપવા, સારાં ભોજનો તથા મીઠાઈ વગેરે વહેંચવી, રસૂલે કરીમ ﷺ ના ઝિક્ર તથા તિલાવતના સમયે કિયામ કરવો, ગુલાબનો છંટકાવ

કરવો, અગરબત્તીઓ સળગાવવી, મકાનને શણગારવું, કુર્આને અઝીમની આયતોની તિલાવત કરવી, નબી કરીમ ﷺ ની બારગાહમાં સલાતો સલામ પઢવી અને ખુશી આનંદને ભરપુર રીતે પ્રદર્શિત કરવું, કશીય શંકા વિના આ અતિશય પસંદીદા અને અજ્ર તથા ફઝીલતવાળી ચીજ છે. **તેનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરશે.** તેની વાત પર કદી પણ ધ્યાન ધરવામાં ન આવે. બલ્કે **ઈસ્લામના હાકિમ પર લાઝિમ છે કે તેને સજા આપે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

આ ફત્વા પર મદીના મુનવ્વરાના ૩૦ ઉલમાએ કિરામ અને મુફતિયાને એઝામની મોહરો લાગેલી છે. **જિદ્દાના મુફતીઓ**એ મૌલાના અબ્દુર્રહીમ દહેલ્વીના પ્રશ્નનો નીચે પ્રમાણે જવાબ આપ્યો :–

"ઉપર જણાવ્યાનુસારના સ્વરૂપમાં મેહફિલે મીલાદની ગોઠવણ કરવી શરીઅતની રૂએ બિદઅતે હસના (સારી બિદઅત) અને મુસ્તહબ છે. **તેના મુન્કિરના દિલમાં યકીનન ! નબી કરીમ ﷺ થી નિફાક તથા કીનો અને અદાવત છે.** તેનાથી ઈન્કારની શક્યતા કઈ રીતે જાઈઝ રાખી શકાય છે જ્યારે કે ઈર્શાદે ઈલાહી છે કે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ દિલોની પરહેઝગારી છે."

આ ફત્વા પર જિદ્દા શરીફના દસ મુફતિયાને કિરામની મોહરો અને સમર્થનમાં સહીઓ છે. **જદીદાના મુફતીઓ**એ એ જ ઉપરોક્ત સવાલનો જવાબ આ પ્રમાણે આપ્યો :–

"ઉપરોક્ત ચીજોની વ્યવસ્થા સાથે મીલાદ શરીફ પઢવી ન કેવળ જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે અને એની ગોઠવણ કરનાર સવાબનો હક્કદારનો છે. ઉલમાએ આ વિષય પર મજબૂત કિતાબો લખી છે અને એને ગોઠવવા પ્રોત્સાહન આપ્યું છે તેમજ તેમણે ફર્માવ્યું કે **એનો ઈન્કાર કોઈ બિદઅતી જ કરી શકે છે. શરીઅતના હાકિમ પર જરૂરી છે કે મીલાદના મુન્કિરને સજા આપે."**

આ ફત્વા પર જદીદા શરીફના ૧૨ મુફતિયાને કિરામની મોહરો તથા સહીઓ છે. હિજાઝ મુકદ્દસના આ ફત્વાઓની રોશનીમાં મેહફિલે મીલાદના જાઈઝ તથા મુસ્તહબ હોવાનો હુકમ ૧૪ મીના ચાંદની જેમ રોશન તથા મુનવ્વર થઈ ગયો. તેમ છતાં પણ કોઈ કલ્મો પઢનારો સંતોષ ન પામે તો તેણે પોતાની ઈમાની હાલત પર વિચાર કરવો જોઈએ કે યકીનન ! તેનું દિલ રસૂલુલ્લાહ ﷺ ની પ્રતિ મુનાફિકત અને ઉઘાડી દુશ્મનીમાં સપડાયું છે. *(હવાલો : ભારતખંડમાં મુસ્લિમોમાં વિખવાદના સબબો, લેખક : મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી–મુબારકપુર)*

આ ચર્ચામાં સચોટ પુરાવા ઐતિહાસિક તથા શરઈ રીતે "ઈદે મીલાદુન્નબી" મનાવવું જાઈઝ તથા મુસ્તહસન હોવા વિશે રજૂ કર્યા. તો જે એને "બિન ઈસ્લામી તહેવાર" કહે તે ખૂદ બિદઅતી તથા સજાને પાત્ર તથા દિલમાં નિફાક તથા કીનો ધરાવનાર અને પોતે જ બિન ઈસ્લામી હોવું પુરવાર થયું. હવે આ માસિક **"બચાને મુસ્તફા"** છે કે **"બચાને મુખાલિફે મુસ્તફા"** છે ? તેનો ફેંસલો ખૂદ વાંચકો જ કરી લે.

ચર્ચા ઘણી લાંબી થઈ ગઈ, બસ ! એ વિચારે કે ક્યાંક અમારા વાંચકો કોઈક પ્રકારની અકળામણ ન અનુભવે અમે અમારી કલમને અટકાવીએ છીએ, નહીં તો આ વિષય પર અમારી સમક્ષ એટલી સાક્ષીઓ છે કે એક જાડી તથા મોટી કિતાબ અસ્તિત્વમાં આવી શકે છે. ખુદા કરે કે આ થોડાક પુરાવાઓ મીલાદના મુન્કિરોના ચિંતનની ગાંઠોને ઉકેલવાના માટે પૂરતા થાય અને વિવિધ ટોળીઓમાં વહેંચાયેલી કૌમ અકીદા તથા માન્યતાની ગલત રાહો પર ભટકવાથી તૌબા તથા રુજૂઅ કરી જમહૂર અહલે સુન્નત વ જમાઅતના મસ્લક પર હમ સફર તથા હમનવાં થઈ જાય.

**ઔર તુમ પર મેરે આકા કી ઈનાયત ન સહી - નજદીયો ! કલ્મા પળ્હાનેકા ભી એહસાન ગયા !**

**નોંધ :** આવતા અંકમાં આ બિન ઈસ્લામીઓના **"૨૭ રજબે શબે મેઅરાજ મનાવવા"** તથા **"ગૈરુલ્લાહથી મદદ સંબંધે વાંધાઓ"**ના મુદ્દાઓ પર ઈસ્લામી શરીઅતની રૂએ ચર્ચા રજૂ થશે. (ઈન્શાઅલ્લાહ !) –*તંત્રી*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَلَا تَجْعَلُوا اللّٰهَ عُرْضَةً لِّاَيْمَانِكُمْ اَنْ تَبَرُّوْا وَ تَتَّقُوْا وَ
تُصْلِحُوْا بَيْنَ النَّاسِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٢٤﴾ لَا يُؤَاخِذُكُمُ
اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا كَسَبَتْ
قُلُوْبُكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ﴿٢٢٥﴾ لِلَّذِيْنَ يُؤْلُوْنَ مِنْ نِّسَآئِهِمْ
تَرَبُّصُ اَرْبَعَةِ اَشْهُرٍ ۚ فَاِنْ فَآءُوْ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٢٦﴾
وَاِنْ عَزَمُوا الطَّلَاقَ فَاِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٢٧﴾ وَالْمُطَلَّقٰتُ
يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوْٓءٍ ؕ وَلَا يَحِلُّ لَهُنَّ اَنْ يَّكْتُمْنَ
مَا خَلَقَ اللّٰهُ فِيْٓ اَرْحَامِهِنَّ اِنْ كُنَّ يُؤْمِنَّ بِاللّٰهِ وَالْيَوْمِ
الْاٰخِرِ ؕ وَبُعُوْلَتُهُنَّ اَحَقُّ بِرَدِّهِنَّ فِيْ ذٰلِكَ اِنْ اَرَادُوْٓا اِصْلَاحًا ؕ
وَلَهُنَّ مِثْلُ الَّذِيْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ ۪ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ
دَرَجَةٌ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٢٨﴾

### ત.....ર્જુ.....મો.....

અને ન બનાવો અલ્લાહ (ના નામ)ને આડ[૨૮૯] તેની કસમ ખાયને કે નેકી નહીં કરો અને પરહેઝગારી નહીં કરો અને સુલહ કરશો નહીં લોકોમાં, અને અલ્લાહ તઆલા સારી રીતે જાણનાર સાંભળનાર છે. પકડશે નહીં તમને અલ્લાહ તઆલા તમારી નિરર્થક કસમો પર[૨૯૦] પરંતુ પકડશે તમને એ કસમો પર જેનો ઈરાદો તમારાં દિલોએ કર્યો છે. અને અલ્લાહ ઘણો જ બખ્શનાર સંયમવાળો (સહનશીલ) છે એમના માટે જેઓ કસમ ઉઠાવે છે કે તેઓ[૨૯૧] પોતાની પત્નીઓની પાસે નહીં જાય, મોહલત છે ચાર મહિનાની. પછી જો રુજૂઅ કરી લે (પાછી લઈ લે) (એ મુદ્દતમાં) તો બેશક ! અલ્લાહ ગફૂર રહીમ છે. અને જો પાકો ઈરાદો કરી લે તલાક આપવાનો તો બેશક ! અલ્લાહ તઆલા સર્વ કાંઈ જાણનાર સાંભળનાર છે. અને તલાક આપેલી સ્ત્રીઓ રોકી રાખે પોતે પોતાને ત્રણ હૈઝો સુધી[૨૯૨]. અને જાઈઝ નથી એમના માટે કે છુપાવે[૨૯૩] જે પેદા કર્યું છે અલ્લાહ તઆલાએ તેણીઓના ગર્ભમાં જો તેણીઓ ઈમાન ધરાવતી હોય અલ્લાહ પર અને આખેરતના દિવસ પર. અને તેણીઓના પતિઓ અધિક હક્કદાર છે તેમને પરત કરવાના એ મુદ્દતમાં જો તેઓ ઈરાદો કરી લે સુધારણાનો[૨૯૪] અને તેણીઓના પણ હક્કો છે (પુરૂષો પર) જેવી રીતે પુરૂષોના હક્કો છે તેમના પર દસ્તૂર પ્રમાણે, અલ્બત્ત પુરૂષોને સ્ત્રીઓ પર ફઝીલત છે, અને અલ્લાહ તઆલા ઈજ્જતવાળો હિકમતવાળો છે.

### તફસીર...............

**૨૮૯.** عرضة ای حاجز *(બયઝાવી)* એટલે રુકાવટ—આડ. અમુક નાદાનો કસમ ખાય લેતા હોય છે કે તેઓ માં બાપ સાથે નહીં બોલે અથવા પોતાના ભાઈ વગેરેની સાથે સંબંધ કાપી નાખશે અને જૂઠી ગવાહી જરૂરથી આપીશું. અને પછી કસમોના કારણે પોતે પોતાને નેકી ન કરવાના પાબંદ સમજતા હતા. (અને આજકાલ પણ આ રિવાજ આમ છે) આ આયતમાં બતાવવામાં આવ્યું કે, નેકી ન કરવા માટે અલ્લાહ તઆલાની કસમ ન ખાવ, હુઝૂર ﷺનો

ઈર્શાદે ગિરામી છે : (અર્થ) જો તમે કોઈ કામની કસમ ખાઈ લો અને પછી એનાથી બીજુ કામ નેક જણાય તો તે નેક કામ કરી લો અને કસમનો કફ્ફારો અદા કરી આપો." એટલે કે અલ્લાહ પાકના નામને નેક કામ ન કરવાનો ઝરીયો ન બનાવો. કસમ તોડવાનો કફ્ફારો એ છે કે દસ મિસ્કીનોને ખાવા ખવડાવવું કે કપડાં આપવાં કે ત્રણ રોઝા રાખવા.

**૨૯૦.** એટલે કે જો ઈરાદો તથા નિશ્ચિય વિના કસમના શબ્દો જીભ પર આવી જવાની આદત થઈ ગઈ હોય તો તેનો એ'તેબાર થશે નહીં.

**૨૯૧.** અમુક લોકો પોતાની પત્નીઓને સતાવવાના માટે કસમ રાખી દેતા હતા કે તેઓ તેણીઓના સાથે સંભોગ કરશે નહીં. આ રીતે સ્ત્રી નિકાહમાં પણ રહેતી અને પત્નીના હક્કોથી વંચિત પણ જઈ જતી. કુર્આને આ જુલ્મનો પણ ખાત્મો કરી આપ્યો અને ફર્માવ્યું કે જો ચાર મહિનાની અંદર તમે તમારી આ કસમ તોડી દીધી તો પત્ની તમારા નિકાહમાં રહેશે, તમારે કેવળ કફ્ફારો અદા કરવાનો થશે. અને જો તમે ચાર મહિના પસાર થવા છતાં તમારી કસમ ન તોડી તો નિકાહ તૂટી જશે. અને સ્ત્રીને હક્ક હાંસલ હશે કે તેણી કોઈ બીજા સાથે નિકાહ કરી લે. એવું નથી થઈ શકતુ કે તમે સ્ત્રીને પોતાનામાં પણ જકડી રાખો અને તેણીના પત્નીત્વના હક્કો પણ અદા ન કરો. હા ! જો પોતાની ખુશીથી તે પતિ સાથે નિકાહ કરવા ચાહે તો કરી શકે છે.

**૨૯૨.** જો પતિ પોતાની પત્નીને તલાક આપી દે તો પત્નીને એવી ઈજાઝત નથી કે ત્યાંથી ઉઠે અને તરત બીજા શખ્સ પાસે જઈને શાદી કરી લે, જેમ કે યહૂદીઓને ત્યાંનો કાયદો છે. બલ્કે તેણીને હુકમ છે કે ત્રણ હૈઝ પસાર થવાની મુદ્દત સુધી ધીરજ રાખે, ત્યાર બાદ તેણીને નિકાહ કરવાની ઈજાઝત છે. આ રાહ જોવાના સમયગાળાને શરીઅતમાં "ઈદ્દત" કહે છે. એમાં ઘણી મસ્લેહતો છે. આ મુદ્દતમાં પતિ ચાહે તો રુજૂઅ (પરત) કરી શકે છે. (શરત એ કે તેણે ત્રીજીવાર તલાક ન આપી દીધી હોય) તેમજ આ અરસામાં જો સ્ત્રી સંગર્ભા છે તો ખબર પડી જશે અને આ ચીજ પતિને રુજૂઅ કરવા (તલાક પરત લેવા) માટે પ્રોત્સાહિત કરી શકે છે. એનાથી વધીને શરીઅતને આ પેદા થનારા બાળકના હક્કોનો લેહાઝ છે કે તેની નિસ્બત શંકાસ્પદ તથા ભેળસેળવાળી ન થઈ જાય. તદ્ઉપરાંત તલાકના મહત્વ પ્રતિ પણ નિર્દેશ છે કે તલાક કોઈ મામૂલી બનાવ નથી જેની કોઈ અસર ન હોય. બલ્કે આ એક દર્દનાક બનાવ છે, પરંતુ ઈદ્દતની આ મુદ્દત તે સ્ત્રીના માટે જે (મદખુલ બિહા) પતિથી સંભોગ પામી ચૂકી હોય અને વૃદ્ધાવસ્થાને કારણે તેણીનું હૈઝ પણ બંધ ન થયું હોય અને સગર્ભા પણ ન હોય. આ પ્રકારની સ્ત્રીઓની ઈદ્દતનું વર્ણન બીજી આયતોમાં વર્ણન થયેલ છે.

**૨૯૩.** સ્ત્રી માટે જરૂરી છે કે તે પોતાની સાચી આંત્રિક સ્થિતિ જણાવી આપે કે તેણી સગર્ભા છે કે નહીં, જેથી ઈદ્દતના ફાયદા લાગુ થઈ શકે.

**૨૯૪.** તેમના પતિઓ જો સુધારણા કરી લે અને આબાદ કરવાની નિય્યતથી ફરીવાર તેણીઓને પોતાના ઘરમાં વસાવી લે તો ઘણુ જ સારું છે, શરત એ કે તેમણે ત્રીજીવાર તલાક ન આપી હોય.

::::::::::::::: **"તકબીરે તશરીક"** :::::::::::::::

નવમી ઝિલ હજ્જની ફજરથી તેરમીની અસર સુધી દરેક ફર્ઝ પંજગાના નમાઝ પછી જે જમાઅતે મુસ્તહબા સાથે અદા કરવામાં આવી, એકવાર તકબીર મોટા અવાજથી કહેવી **વાજિબ** છે અને ત્રણ વાર **અફઝલ** છે, તેને "તકબીરે તશરીક" કહે છે. તે આ પ્રમાણે છે : **"અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર લાઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર વલ્લાહુ અકબર વલિલ્લાહિલ હમ્દ."**

*(તન્વીરુલ અબ્સાર વગેરે, બહારે શરીઅત-૪)*

મુનફરિદ (એકલો પઢનાર) પર તકબીર વાજિબ નથી.

*(જૌહરા નૈયરા, બહારે શરીઅત-૪)*

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

## હદીષ ૬૮

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે મૈયતને દફન કરવામાં આવે છે[૧] તો તેની પાસે બે કાળા રંગના લીલી આંખોવાળા ફરિશ્તા આવે છે[૨] એક મુન્કર બીજાને નકીર કહેવામાં આવે છે[૩]. તેઓ કહે છે કે તું આ સાહબના બારામાં શું કહેતો હતો ?[૪] તો મૈયત કહે છે કે આ અલ્લાહના બંદા છે અને રસૂલ, હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને યક઼ીનન ! મુહમ્મદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે[૫]. ત્યારે તેઓ કહે છે, અમે તો જાણતા હતા કે તું આવું કહીશ ![૬] પછી તેની ક઼બ્રને વિશાળતા આપવામાં આવે છે સિત્તેર ગજ સિત્તેર ગજમાં[૭]. પછી તેના માટે ત્યાં રોશની કરી દેવામાં આવે છે[૮] પછી કહેવામાં આવે છે કે સૂઈ જા ! તે કહે છે, હું મારા ઘરે જાઉં જેથી તેમને ખબર આપું[૯]. તો તેઓ કહે છે, દુલ્હનની જેમ સૂઈ જા જેને તેના પ્યારા પતિના સિવાય ઘરનું કોઈ નથી જગાડતું[૧૦]. ત્યાં સુધી કે અલ્લાહ તેને તેની આરામની જગાએથી ઉઠાડશે. અને જો મુડદું મુનાફિક઼ હોય તો કહે છે કે મેં લોકોને કાંઈક કહેતા સાંભળ્યા હતા એ જ પ્રમાણે હું પણ કહી આપતો હતો ! હું નથી ઓળખતો ![૧૧] ત્યારે તેઓ કહે છે કે, અમે તો જાણતા હતા કે તું આવું કહીશ[૧૨]. પછી જમીનને કહેવામાં આવે છે કે, એના માટે સાંકડી થઈ જા ! તે એટલા પ્રમાણમાં સાંકડી થઈ જાય છે કે મુડદાની પાંસળીઓ આમથી તેમ થઈ જાય છે[૧૩] પછી તે ક઼બ્રના અઝાબમાં જ રહે છે ત્યાં સુધી કે અલ્લાહ તેને ઠેકાણેથી ઉઠાવે[૧૪]. *(તિર્મિઝી)*

### :::: સ....મ....જૂ....તી.... ::::

**૧.** દફનનું વર્ણન સંજોગોને અનુરૂપ જ છે કેમ કે અરબમાં સામાન્ય રીતે મુડદાં દફન જ થતાં હતાં એટલા માટે ફર્માવવામાં આવ્યું, નહીં તો જો મુડદુ દફન ન પણ થાય બલ્કે તેને સળગાવીને રાખ કરી દેવામાં આવ્યું હોય અથવા સિંહ તથા માછલીઓ ખાઈ ગઈ હોય તેના અંશો સાથે રૂહને સંબંધિત કરી દેવામાં આવે છે અને સવાલ જવાબ થઈ જાય છે, ભલે તે અંશો દુનિયામાં વિખેરાયેલા હોયા. *(મિર્ક઼ાત તથા લમ્આત વગેરે)*

**૨.** એ બંનેવ ફરિશ્તા તે છે જે ક઼બ્રના હિસાબ માટે નિશ્ચિત છે એઓ માનવ સ્વરૂપ બનાવીને એવા રંગમાં એટલા માટે આવે છે જેથી તેમનો દેખાવ જોઈને મુત્મઈન (નચિંત) રહે અને આસાનીથી આપી શકે. આ ગભરામણ તથા સંતોષ એ કાફિર તથા મો'મિનમાં ફરક કરવાના માટે છે. આ પરથી બે મસ્અલા માલૂમ થયા : એક એ કે નૂરાની મખ્લૂકમાં એક જ સમયે હજારો જગાએ હાજર થવાની શક્તિ છે. બે ફરિશ્તા એક ક્ષણમાં હજાર ક઼બ્રોમાં પહોંચી જાય છે જેથી અવલિયાનું એક જ સમયે કેટલીયે જગાએ જવું શક્ય છે. બીજુ એ કે જ્યારે નૂર માનવ સ્વરૂપમાં આવે તો માનવ શરીરની જરૂરી ચીજો તેનામાં જોવા મળશે. ફરિશ્તાઓ નૂર છે અને નૂર ન કાળુ હોય ન લીલુ, પણ જ્યારે માનવ સ્વરૂપમાં આવ્યા તો તેમના ચહેરાનો રંગ કાળો પણ થઈ ગયો, આંખો લીલી પણ થઈ ગઈ. મૂસા عليه السلامની લાઠી જ્યારે સાપ બનતી તો ખાતી પીતી પણ હતી. تَلْقَفُ مَا يَأْفِكُوْنَ હારૂત ફરિશ્તા જ્યારે માનવ સ્વરૂપમાં આવ્યા તો ખાતા પીતા બલ્કે સંભોગ પણ કરી શકતા હતા, આ પરથી તે લોકો બોધગ્રહણ કરે કે જેઓ કહે છે કે જો હુઝૂર નૂર હતા તો ખાતા પીતા કેમ હતા ?!

**૩.** આ શબ્દનો અર્થ છે : અજનબી કે જેને જોઈને ગભરામણ થાય. કેમ કે મૈયતે કદી તેમને જોયેલા નથી હોતા તથા તેમનો ચહેરો ડરામણો પણ હોય છે એટલા માટે એમનું એ નામ છે. શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ અશઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે કાફિરોને પ્રશ્ન કરનારા ફરિશ્તાઓનું આ નામ છે અને મુસલમાનોને પ્રશ્નકર્તા ફરિશ્તાઓનાં નામ મુબશ્શિર તથા બશીર છે, પણ નામો ફરક છતાં જાત તો એક જ છે.

**૪.** મિર્ક઼ાતમાં ફર્માવ્યું કે હુઝૂર ﷺની શક્લ મુબારક દરેક ક઼બ્રમાં જલ્વાગર થાય છે જેમ કે દરેક આઈનામાં સૂરજ. અમુક ઉલમા ફર્માવે છે કે ક઼બ્રથી રોઝા મુબારક સુધીના પર્દા ઉઠાવી લેવામાં આવે છે જેના લીધે મૈયત કશીય તકલીફ વિના હુઝૂર ﷺના જમાલે જહાંઆરાનો નઝારો કરે છે. અમુકે ફર્માવ્યું કે મો'મિનથી પછી આ જમાલ ક઼યામત સુધી ગાયબ નથી થતો. એટલા માટે અમુક આશિક઼ો મૌતની તમન્ના કરે છે. હુઝૂરે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاને ફર્માવ્યું કે, "મારા અહ્‌લે બયતમાં પ્રથમ તમે મને મળશો." અથવા અજવાઝે પાકથી ફર્માવ્યું કે, "તમારામાં જે અધિક સખી હશે તે મને પ્રથમ મળ શે." એનો આ જ મતલબ છે. યાદ રાખશો કે આ ફરિશ્તાઓનું હુઝૂરે અન્વર ﷺને "રજૂલ" (શખ્સ) કહેવું તૌહીનના માટે નથી, કેમ કે એ કુફ્ર છે બલ્કે ઈમ્તેહાનની પરિપૂર્ણતા માટે છે કે જો તે નબી રસૂલ કહી આપે તો પછી પરીક્ષા જ કઈ રીતે થતી ?!

**૫.** ક઼બ્રમાં સવાલ પણ ત્રણ થાય છે અને જવાબ પણ ત્રણ, પણ અહીં સવાલ તો એક જ કરવામાં આવ્યો જે સૌમાં સમૃદ્ધ હતો. (સર્વને સમાવે છે) અને જવાબ ત્રણેવનો તૌહીદનો પણ, દીનનો પણ અને રિસાલતનો પણ થશે. એનાથી જાણવા મળે છે કે બંદો હુઝૂરને જ જુએ છે ન કે આપના ફોટાને, નહીં તો આ જવાબ તદ્દન કુફ્ર ગણાત. કેમ કે ફોટાને નબી કહેવું જ કુફ્ર છે, જેમ કે રબના નામનો પથ્થર ઘડીને તેને ખુદા કહેવું.

**૬.** એટલે કે આ સવાલ જવાબ ક઼ાનૂની રીતે છે, અમે તારા ઈમાનથી બેખબર ન હતા. જાણવા મળ્યું કે ફરિશ્તા દરેક વ્યક્તિની સદ્‌નસીબી તથા બદ્‌નસીબી, કુફ્ર તથા ઈમાનથી માહિતગાર છે. આપણા હુઝૂર ﷺ જેઓ અઅ્‌લમુલ્‌ ખલ્ક઼ (દુનિયાની મખ્લૂક઼ને જાણનાર) છે તો એમના ઈલ્મનું તો શું પૂછવું ?! મિર્ક઼ાતમાં ફર્માવ્યું કે, ફરિશ્તા મુસલમાન મૈયતની પેશાનીમાં ઈમાનના નૂરનાં કિરણો, ઈબાદતની અસર અને સદ્‌નસીબીની નિશાનીઓ જોઈ લે છે જેમ કે ક઼િયામતમાં દરેક શખ્સ મુસલમાન તથા કાફિરને ઓળખી લેશે. ફર્માવે છે :

**يَوۡمَ تَبۡيَضُّ وُجُوۡهٌ وَتَسۡوَدُّ وُجُوۡهٌ**

**૭.** એટલે કે ૪૯૦૦ ગજ જેને ૭૦ × ૭૦ કરવાથી મળે છે એટલે કે ૭૦ ગજ લાંબી અને ૭૦ ગજ પહોળી કુલ ૪૯૦૦ ચોરસ ગજ. આ બયાન વિશાળતા દર્શાવવા માટે છે ન કે સીમા માટે. અમુક રિવાયતોમાં છે કે નજર પહોંચે ત્યાં સુધી. એ એની તફસીર છે.

**૮.** એ રોશની ચંદ્ર, સૂય વગેરેની નથી હોતી બલ્કે નૂરી ઈલાહી કે નૂરે મુસ્તફવીની જગમગાહટ હોય છે. શક્ય છે દિલના ઈમાનનું નૂર હોય, તો પણ એ જ છે.

**૯.** કે હું કામયાબ થઈ ગયો અને ખૂબ જ આરામથી છું. જાણવા મળ્યું કે મૈયત પોતાનાં ઘરવાળાંઓને ઓળખે છે અને ત્યાં પહોંચવાની પણ શક્તિ ધરાવે છે. કેમ કે તે એવું નથી કહેતો કે તમે મને લઈ ચાલો, અથવા સવારી લાવો, બલ્કે કહે છે, "હું જાઉં છું" ભલેને તેનાં ઘરવાળાં સેંકડો માઈલ દૂર હોય.

**૧૦.** મિર્ક઼ાતમાં ફર્માવ્યું કે અહીં સૂવાથી મુરાદ આરામ કરવું છે, એટલે કે આ બરઝખી જીવન આરામથી પસાર કરે કે તારા સુધી ખુદાની રહમત સિવાય કોઈ આફત બલા પહોંચી શકશે નહીં કે ઉરૂસ દુલ્હનની પાસે દુલ્હા સિવાય કોઈ નથી પહોંચતું. આ સૂવું એ ગફલતવાળી ઊંઘ મુરાદ નથી.

રબ ફર્માવે છે :–

**يَرۡزُقُوۡنَ فَرِحِيۡنَ بِمَاۤ اٰتَاهُمُ اللّٰهُ مِنۡ فَضۡلِهٖ وَيَسۡتَبۡشِرُوۡنَ بِالَّذِيۡنَ لَمۡ يَلۡحَقُوۡا بِهِمۡ**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહના મકબૂલ બંદાઓ ક઼બ્રમાં જન્નતની રોજી ખાય છે, ખુશ આનંદમાં રહે છે અને દુનિયાના લોકોની ખબર રાખે છે. જો તેઓ ઊંઘી ગયા હોત તો ફળ કેવી રીતે ખાત, અહીંની ખબર કેવી રીતે રાખતે. તેમજ ક઼બ્રસ્તાનમાં પહોંચીને સલામ કરવું સુન્નત ન હોત કેમ કે ઊંઘતાને સલામ કરવી મના છે, જેથી આ હદીષથી વહાબી દલીલ નથી લઈ શકતા. આ હદીષ બુઝુર્ગોના ઉર્સને પુરવાર કરે છે કેમ કે આ દિવસે ફરિશ્તાઓએ ક઼બ્રવાળાને "ઉરૂસ" કહ્યું છે જેથી એ દિવસનું નામ ઉર્સનો દિવસ છે. **મૌત મો'મિનની શાદી (ખુશી)નો અને કાફિરની ધરપકડનો દિવસ છે.**

**૧૧.** જાણવા મળ્યું કે દિલી ઈમાન ક઼બ્રમાં સાથે જશે ન કે ઝબાની. એની તેહક઼ીક઼ અગાઉ થઈ ચૂકી છે.

**૧૨.** કેમ કે લોહે મેહફૂઝ અમારી સાથે છે, તારું કુફ્ર પર મરવું અમારી જાણમાં છે, તારી પેશાનીમાં કુફ્રનો અંધકાર જોઈ રહ્યા છીએ. આ સવાલ જવાબ ફક્ત ક઼ાનૂનના ખાતર છે.

**૧૩.** એટલે કે જમણી પાંસળીઓ ડાબા તરફ અને ડાબી પાંસળીઓ જમણી તરફ. પરંતુ તેની આ સ્થિતિ આપણી પહોંચથી બહાર છે. જો આપણે કાફિરની લાશ જોઈએ તો એવી જ સહીહ માલૂમ પડશે. યાદ રાખશો કે એ એક જ ક઼બ્રમાં કાફિર તથા મુસલમાન દફન થઈ ગયા તો તે જ ક઼બ્ર મો'મિનના માટે વિશાળ તાવાળી થઈ ગઈ અને કાફિરના માટે તંગ, મો'મિનના માટે રોશન અને કાફિરના માટે અંધકારમય, મો'મિનના માટે ઠંડી અને કાફિરના માટે ગરમ અને મો'મિનના માટે સુગંધીદાર અને કાફિરના માટે બદબૂદાર. જેમ કે એક બિસ્તરમાં બે આદમી સૂઈ રહ્યા હોય, એક સારો દિલને ખુશ કરનાર ખ્વાબ જુએ અને બીજો પરેશાન કરનાર તથા ભયાનક ખ્વાબ જુએ. બિસ્તર એક છે પણ બંનેની હાલતો વિવિધ છે. ખ્વાબ એ બરઝખ (મૌત પછીના ક઼યામત સુધીના જીવન)નું એક દૃષ્ટાંત છે. ખ્વાબ મોટા ભાગે ખયાલી હોય છે જ્યારે બરઝખમાં હક઼ીક઼તમાં થશે. પાંસળીઓ વિશે કહેવું કેવળ સમજાવવા માટે છે, નહીં તો જે કાફિરોની પાંસળીઓ રાખ બનાવી દેવામાં આવી અથવા જાનવરે હજમ કરી લીધી તેમની રૂહ પર પણ એવી તંગી જશે, એના માટે ક઼બ્ર એક સંકજો છે.

**૧૪.** એટલે કે ક઼યામત સુધી જાણવા મળ્યું કે કાફિરનો અઝાબ કોઈ તદબીર વડે પણ ખત્મ કે હલકો નથી થઈ શકતો. ગુનેહગાર મો'મિનનો અઝાબે ક઼બ્ર બુઝુર્ગોનાં ક઼દમ, જીવતાઓના ઈસાલે સવાબ કરવાથી વગેરેથી હલકો થઈ જાય છે.

કાર્યાલય

## ફતવા વિભાગ

## હોજરી ખાવા વિશેનો મસ્અલો

**સવાલ** : હલાલ જાનવરોની હોજરીનો શું હુકમ છે ? દેવબંદીઓએ ૧૦–૪–૨૦૦૬ના દૈનિક પત્ર આફતાબ, પેજ–૪ (કાશ્મિર)માં હલાલનો ફત્વો આપ્યો છે.

**જવાબ** : હલાલ જાનવરોનાં જે અંગો ખાવાં મકરૂહ તથા નાજાઈઝ છે, એમાંથી એક અંગ હોજરી પણ છે. તેહક઼ીક઼ એ છે કે હોજરી ખાવી મકરૂહે તહરીમી છે કે એ ویحرم علیهم الخبائثમાં દાખલ છે. કેમ કે હોજરી મળદ્વાર, ગૃપ્તાંગ તથા પુરૂષના ગુપ્તાંગથી ગંદકીમાં વધારે નથી તો કોઈ રીતે ઓછી પણ નથી, કે એ સૌ પેશાબ એકત્ર થવાની કે પેશાબ તથા વિર્ય પસાર થવાની જગા છે તો હોજરી મળનું સંગ્રહ સ્થાન છે જે કોઈ રીતે નાપાકીમાં એનાથી કમ નથી જેથી એ કારણે એ પણ કરાહતના હુકમમાં દાખલ થશે. અને આ પાકને હરામ ઠરાવવું નથી બલ્કે ગંદાને મકરૂહ ઠરાવવું છે. અલ્બત્ત, દેવબંદી આલિમો એને પવિત્ર તથા મરગૂબ સમજે છે તો એ એમના શોખની વાત છે, તેમની નજીક તો બકરાના કપૂરા અને કાળા કાગડા પણ હલાલ છે ! તેમનો ધર્મ અલગ છે અને આપણો અલગ છે.

*–(વધુ માટે વાંચો : ફતાવા મર્કઝે તિર્બયતે ઈફતા–૧૧, ઓઝાગંજ, યુ.પી.)*

شفا شریف شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

❋❋❋❋❋❋❋ વિભાગ : ૨ ❋❋❋❋❋❋❋

## અહાદીષે નબવીની રોશનીમાં મેઅરાજનો બનાવ

આમાં અલ્લાહના હમ્દો ષના, અલ્લાહના દીદાર, અંબિયાની ઈમામત, સિદ્રતુલ મુન્તહા સુધી ઉન્નતિ અને પોતાના રબની મહાન નિશાનીઓનું જોવું છે. મેઅરાજ અને અસ્રાનો બનાવ આપની તે વિશિષ્ટતાઓમાંથી છે જેના દ્વારા આપના મહાન દરજ્જા અને ઉચ્ચ મર્તબાનું પ્રગટીકરણ થાય છે. અને જેના પર અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં સાવધાન કરેલ છે અને સહીહ હદીષો અને ખબરોએ આ વિશિષ્ટતાનું સ્પષ્ટીકરણ કર્યું છે. એ માટે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

**(અર્થ)** : "પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી જેની આજુબાજુ અમે બરકત મૂકી જેથી અમે તેને અમારી મહાન નિશાનીઓ દેખાડીએ, બેશક ! તે સાંભળતો દેખતો છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આયત–૧)*

આ ક્રમમાં અલ્લાહ તઆલાએ આ પણ ફર્માવ્યું છે :–

**(અર્થ)** : "તે પ્યારા ચમકતા તારા મુહમ્મદની ક઼સમ ! જ્યારે કે તે મેઅરાજમાંથી ઉતરે. તમારા સાહેબ ન તો ભટકયા ન તો ખોટા માર્ગે ચાલ્યા. અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા. તે તો જે વહી તેમને કરવામાં આવે છે તેના સિવાય (બીજું કશું જ) નથી. તેમને શિખવ્યું સખત તાકાતવાળા શક્તિશાળીએ પછી તે જલ્વાએ ઈરાદો કર્યો અને તે આકાશની સર્વથી ઊંચી કિનારી પર હતો. પછી નજીક આવ્યો તે જલ્વો અને ખૂબ ઉતરી આવ્યો. તો તે જલવા અને મહબૂબ વચ્ચે બે હાથનું અંતર રહી ગયું બલ્કે એનાથી પણ ઓછુ. હવે વહી કરી પોતાના બંદાને જે વહી કરી, જે જોયું તે હૃદયે ખોટુ કહ્યું નહીં, તો શું તેમની સાથે તેમના જોયેલ બાબત ઝઘડો છો ? અને તેમણે તો એ જલ્વો બે વખત જોયો સિદ્રતુલ મુન્તહા પાસે, તેની પાસે જન્નતુલ માવા છે. જ્યારે સિદરહ પર છવાયું હતું જે છવાયું હતું. આંખ કોઈ બાજુ ફરી નહીં ન તો હદથી વધી, બેશક ! પોતાના રબની બહુ મોટી નિશાનીઓ જોઈ."

મેઅરાજના અને અસ્રાના બનાવની શુદ્ધિ બાબત મુસલમાનોમાં કોઈપણ મતભેદ નથી કેમ કે કુર્આનની આયતોથી સાબિત છે અને તેની વિગતો પછી તેની અજાયબી અને વિશિષ્ટતાની સ્પષ્ટતા સહીહ મશ્હૂર હદીષોમાં પણ આવેલ છે. સૌ પ્રથમ અમે આ ક્રમાંકમાં તે હદીષને રજૂ કરીએ છીએ જે આ વિષયની બીજી હદીષોથી સર્વાંગ સંપૂર્ણ છે અને વધારેપણા તરફ પણ જરૂર ઈશારા કરી દેવામાં આવશે.

ક઼ાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમારાથી ક઼ાઝી શહીદ અબૂ અલી رحمۃ اللہ علیہ અને ફકીહ અબૂ બહર رحمۃ اللہ علیہ એ પોતપોતાની સનદના સાથે હદીષ બયાન કરી છે કે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલ ﷺ એ ફર્માવ્યું કે મારા પાસે બુરાક લાવવામાં આવ્યો જે સફેદ રંગનું જાનવર, ગધેડાથી મોટું અને ખચ્ચરથી નાનુ હતું, તે એટલુ તેજ ગતિથી ચાલનાર જાનવર છે કે જેટલુ દૂર એક સામાન્ય માનવીની નજર પહોંચે છે. એટલા અંતર પર તેનો એક ક઼દમ (પગલુ) પડે છે. નબી કરીમ ﷺ ફર્માવે છે કે હું તેના પર સવાર થઈ લયલતુલ મુક઼દ્દસ ગયો અને તે પથ્થરના સાથે બુરાકને બાંધ્યો જેના સાથે અન્ય અંબિયાએ કિરામ પોતાની સવારીઓને બાંધ્યા કરતા હતા. તે પછી મસ્જિદમાં બે રકાત નમાઝ અદા કરી. મસ્જિદની બહાર આવ્યો ત્યારે જિબ્રઈલ કહેવા લાગ્યા કે રસૂલુલ્લાહ ! આપે પ્રકૃતિ (ફ઼િતરત)ને અપનાવી છે.

તેના પછી તે અમને લઈને આસમાન સુધી પહોંચ્યા પછી જિબ્રઈલ علیہ السلام એ આસમાનના દરવાજા પર ટકોરા માર્યા. પૂછવામાં આવ્યું, આપ કોણ છો ? તેમણે જવાબ આપ્યો, હું જિબ્રઈલ છું. પૂછયું, આપના સાથે કોણ છે ? જવાબ આપ્યો, મારા

સાથે સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ છે. વધુમાં પૂછવામાં આવ્યું કે તેમને બોલાવવામાં આવ્યા છે ? જવાબ આપ્યો, હા ! તેમને બોલાવવામાં આવ્યા છે. જેથી દરવાજો ખોલી દેવામાં આવ્યો. મેં જોયું કે ત્યાં હઝરત આદમ عليه السلام પણ તશરીફ લાવ્યા હતા તેમણે મને "મર્હબા" કહ્યું અને ખૈરો બરકતની દુઆઓ આપી.

આ પછી બુરાક અમને બીજા આસમાન સુધી લઈ ગયો જિબ્રઈલ عليه السلامએ દરવાજો ખોલવા માટે કહ્યું. ત્યારે અવાજ આવ્યો, આપ કોણ છો ? જવાબ આપ્યો, હું જિબ્રઈલ છું. પૂછયું, આપના સાથે કોણ છે ? જવાબ આપ્યો, મારા સાથે સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ છે. વધુ પૂછવામાં આવ્યું કે તેમને બોલાવવામાં આવ્યા છે ? જવાબ આપ્યો, હા ! બોલાવવામાં આવ્યા છે. જેથી દરવાજો ખોલી દેવામાં આવ્યો. નબી કરીમ ﷺ ફર્માવે છે કે યહ્યા عليه السلام ત્યાં તશરીફ લાવ્યા હતા. તેમણે મને "મર્હબા" કહ્યું અને ખૈરો બરકતની દુઆઓ કરી.

તેના પછી બુરાક અમને ત્રીજા આસમાન સુધી લઈ ગયો પાછળના આસમાનવાળો બનાવ ત્યાં પણ બન્યો એટલે કે તેવી જ રીતે સવાલ જવાબ થયા. છેવટે દરવાજો ખોલવામાં આવ્યો તો ત્યાં હઝરત યૂસુફ عليه السلام તશરીફ લાવ્યા હતા જેમને અડધું સૌંદર્ય બક્ષવામાં આવ્યું હતું. તેમણે મને "મહર્બા" કહ્યું અને મારા માટે ખૈરો બરકતની દુઆઓ કરી. તે પછી બુરાક અમને આસમાન સુધી લઈ ગયો ત્યાં પણ પાછળના જેમ સવાલ જવાબ થયા, દરવાજો ખોલવામાં આવતાં જાણવા મળ્યું કે હઝરત ઈદ્રીસ عليه السلام તશરીફ લાવ્યા છે. તેમણે મને "મર્હબા" કહ્યું અને ખૈરો બરકતની દુઆઓ આપી. તેમના વિશે અલ્લાહ عزوجلએ ફર્માવ્યું છે, (અર્થ) : "અમે તેને ઊંચા સ્થાને બેસાડી દીધો." *(સૂરએ મરયમ, આ. નં. ૫૭)*

પછી બુરાક અમને છઠ્ઠા આસમાન સુધી લઈ ગયો, અહીં પણ એ જ રીતના સવાલ જવાબ થયા અને દરવાજો ખુલતાં જોયું કે ત્યાં હઝરત મૂસા عليه السلام ઉપસ્થિત છે. તેમણે પણ મને "મર્હબા' કહ્યું અને ખૈરો બરકતની દુઆઓ આપી. આ પછી બુરાક અમને સાતમા આસમાન સુધી લઈ ગયો. પાછળના જેમ અહીં પણ એ જ પ્રસંગ બન્યો.

દરવાજો ખુલતાં જોયું કે ત્યાં હઝરત ઈબ્રાહીમ عليه السلام હાજર છે. "લયલતુલ મઅમૂર" સાથે ટેકો લગાડેલ છે. બયતુલ મઅમૂરમાં દરરોજ સીત્તેર હજાર ફરિશ્તાઓ દાખલ થાય છે. ફરિશ્તાઓને તેમાં દાખલ થવાનો એક જ વખત વારો આવે છે બીજી વખત કયામત સુધી આવશે નહીં.

પેજ નં. ૨૧ નું ચાલુ...

રીતે ડાબા ખભા તરફ મોં કરી સલામ ફેરવવી.

બસ હવે નમાઝ પૂરી થઈ એટલે હાથ ઉઠાવી કોઈ પણ દુઆ જેમ કે **અલ્લાહુમ્મ રબ્બના આતિના**.....વગેરે પઢીને મોં ઉપર હાથ ફેરવી લેવા.

આ રીતે ઈમામ અથવા એકલા પઢનાર પુરૂષ માટે છે પરંતુ જો નમાઝી ઈમામની પાછળ પઢનાર હોય તો તેણે કિરાઅત ન પઢવી એટલે કે **અલહમ્દુ** અને સૂરત ન પઢવી. ભલે ઈમામ જોરથી કિરાઅત પઢતા હોય કે ધીમેથી પઢતા હોય. ઈમામની પાછળ કોઈ પણ નમાઝમાં કિરાઅત જાઈઝ નથી.

જો નમાઝી સ્ત્રી હોય તો તેણી તકબીરે તહરીમા વેળા ખભા સુધી હાથ ઊંચા કરે અને ડાબી હથેળી સિના પર છાતીની નીચે મૂકી એના ઉપર જમણી હથેળી મૂકે અને રુકૂઅમાં થોડીક જ વાંકી વળે, એટલે કે એટલું જ કે ફક્ત ઘૂંટણો ઉપર હાથ મૂકી દે, ભાર ન દેવું, વળી હાથની આંગળીઓ સાથે સાથે મળીને રહે અને પીઠ અને પગ ઝુકેલા રહે. પુરૂષો જેમ ખૂબ જ સીધી ન કરે. સિજદામાં પણ ખૂબ સમેટાઈ સિજદો કરે એટલે કે હાથોને પાંસળીઓથી મિલાવી દે, પેટને જાંઘો સાથે અને જાંઘોને પીંડીઓ સાથે પીંડીઓ જમીન સાથે મેળવવી. બંને પગોને પાછળ કાઢી નાખવા તથા કાએદામાં બંને પગોને જમણી તરફ કાઢી નાખી ડાબી બાજુના થાપા ઉપર બેસવું અને હાથોને જાંઘોની વચ્ચે મૂકવા.

આ બતાવેલી રીતમાં કેટલીક બાબતો ફરજ છે કે એના વિના નમાઝ થશે જ નહીં, કેટલીક વાજિબ છે કે એને જાણી બુઝીને છોડવું ગુનોહ તેમજ નમાઝ ફરીથી પઢવી વાજિબ છે, પણ ભૂલથી છૂટવાથી સિજદએ સહવ (ભૂલનો સિજદો) કરવો વાજિબ છે. વળી કેટલીક બાબતો સુન્નતે મોઅક્કદા છે જેને છોડવાની આદત ગુનોહ છે. અને કેટલીક મુસ્તહબ છે કે જેને કરવું સવાબ અને ન કરવું ગુનોહ નથી.

# રહમતે દારૈન ﷺના શયદાઈ

રચયિતા: ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ઝુહરી رضی اللہ عنہ

સરય્યાએ દૂમતુલ જુન્દુલના પછી હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ ફતહે મક્કાથી ગઝવએ તબૂક સુધી તમામ લડાઈઓમાં સરવરે આલમ ﷺની સરદારીનો મોક઼ો પ્રાપ્ત કર્યો.

એક રિવાયતમાં છે કે ફતહે મક્કા પછી હુઝૂર ﷺએ હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની સાથે બનૂ જઝયમાને ઈસ્લામની તબ્લીગ માટે મોકલ્યા.

ગઝવએ તબૂકના દરમ્યાનમાં એક એવો બનાવ ઉપસ્થિત થયો. જેણે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہની મહાનતામાં ઓર વધારો કરી દીધો. સહીહ મુસ્લિમમાં હઝરત મુગીરા બિન શઅબા رضی اللہ عنہથી રિવાયત છે કે,

"મેં રસૂલુલ્લાહ ﷺની સાથે તબૂકની લડાઈ કરી. જ્યારે આપ ﷺ તહારતના માટે તશરીફ લઈ ગયા હું ફજરની નમાઝથી પહેલાં (પાણીનું) વાસણ લઈને સાથે થયો. જ્યારે આપ પાછા આવ્યા તો મેં વાસણથી આપ ﷺના હાથો પર પાણી નાખ્યું. આપ ﷺએ ત્રણવાર બંને હાથ ધોયા પછી મોં ધોયું પછી પોતાના જભ્ભા (ની બાંય) ચઢાવવા લાગ્યા. બાંય ફીટ હતી જેથી ચઢી ન શકી તો અંદરથી હાથ કાઢયા અને બંને હાથ કોણી સુધી ધોયા. પછી મોજાઓ પર વુઝૂ (મસહ) કર્યો પછી ચાલ્યા, હું પણ ચાલ્યો. લોકોએ અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہને ઈમામ બનાવી દીધા અને એમણે નમાઝ શરૂ કરી દીધી. રસૂલુલ્લાહ ﷺને એક રકાત મળી. આપ ﷺએ લોકોની સાથે (જમાઅત સાથે) બીજી રકાત પઢી, જ્યારે અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ સલામ ફેરવી, રસૂલુલ્લાહ ﷺ પોતાની નમાઝ પૂરી કરવાના માટે ઉભા થયા. હવે મુસલમાન ગભરાયા અને વારંવાર "સુબ્હાનલ્લાહ" કહેવાનું શરૂ કર્યું. જ્યારે રસૂલુલ્લાહ ﷺએ નમાઝ પૂરી કરી તો ફર્માવ્યું, "તમે સારું કર્યું, ઠીક કર્યું." મતલબ એ હતો કે નમાઝ સમય પર પઢયા કરો.

મુસ્લિમની જ એક આ બનાવની બીજી રિવાયતમાં આ પ્રમાણે વધારો છે : "મુગયરા رضی اللہ عنہ કહે છે કે, મેં ઈચ્છયુ કે અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہને હટાવી દઉં પરંતુ નબી ﷺએ ફર્માવ્યું, એમને રહેવા દો."

મુસ્નદે અહમદમાં પણ આ પ્રકારની એક રિવાયત છે જેમાં કહેવામાં આવ્યું છે કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہએ એક દિવસ ફજરની નમાઝ પઢાવી અને રસૂલુલ્લાહ ﷺએ એમની સાથે નમાઝ પઢી. આ રિવાયતમાં એ નથી જણાવ્યું કે આ ક્યારનો બનાવ છે.

અમુક અહલે સિયરે આ બનાવને હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہના અઝીમતરીન ફઝાઈલમાં ગણતરી કરી છે. અને અમુકે લખ્યું છે કે આ રિવાયત જરહ (પકડ)થી મેહફૂઝ નથી.

તબૂકથી પાછા ફરવા પર સ.હિ. ૯માં ઝી કઅદાના છેવટે કે ઝિલ હજજના શરૂ મહીનામાં સરવરે આલમ ﷺએ ત્રણસો મુસલમાનોનો એક કાફલો મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમા રવાના ફર્માવ્યો. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ આ કાફલાના અમીર અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એના નક઼ીબ હતા. કુર્બાનીના માટે વીસ ઊંટ કાફલાની સાથે હતાં. આ કાફલામાં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ પણ સામેલ હતા. રિસાલતકાળમાં આ મુસલમાનોની પહેલી હજ્જ હતી જેને કુર્આને કરીમે હજ્જે અકબરનું નામ આપ્યું છે. એમાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ લોકોને હજ્જના સહીહ તરીક઼ાઓ બતાવ્યા અને શીખવાડયા અને કુર્બાનીના દિવસે ઉભા થઈને ઈસ્લામનો ખુત્બો પઢયા. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ સૂરએ બરાતની ચાલીસ આયતો પઢીને સંભળાવી જેમાં કાફિરોથી દરેક પ્રકારના સંબંધો કાપવાનું એલાન હતું. આ મોક઼ા પર એલાન કરવામાં આવ્યું કે હવેથી કોઈ મુશ્રિકને ખાનાએ કા'બામાં દાખલ થવાની રજા નહીં મળે અને ન કોઈ નગ્ન થઈને હજ્જ કરી શકશે.

સ.હિ. ૧૦માં રહમતે આલમ ﷺ હજ્જતુલ વિદાઅના માટે મક્કા મુઅઝ્ઝમા તશરીફ લઈ ગયા તો હઝરત અબ્દુર્રહમાન પણ આપ ﷺના સાથે હતા.

હજ્જતુલ વિદાઅથી પાછા ફર્યાના થોડાક સમય બાદ (સફર સ.હિ. ૧૧માં) સરવરે આલમ ﷺની બીમારી મુબારકની શરૂઆત થઈ. તિબ્રાનીએ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂર ﷺની વફાતથી થોડાક પહેલાં સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમને લોકોને વસિયત ફર્માવો. આપ ﷺએ ફર્માવ્યું, તમને હું મહાજિરોના વિશે (હુસ્ને સુલૂક)ની વસિયત કરુ છું, જો તમે એવું નહીં કરશો તો અલ્લાહ તઆલા તમારાથી કોઈ નફ્લ અને ફર્ઝને ક઼બૂલ કરશે નહીં.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
### એટલે
# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## નમાઝની છઠ્ઠી શરતનું બયાન

### :::: તકબીરે તહરીમા ::::

નમાઝની છઠ્ઠી શરત તકબીરે તહરીમા છે, એટલે કે નિય્યત કરી હાથ બાંધતી વેળા જે **અલ્લાહુ અકબર** કહેવામાં આવે છે. તેને "તકબીરે તહરીમા" કહે છે. આ તકબીર કહેતાં જ નમાઝ શરૂ થઈ ગઈ, આ ફર્ઝ છે એના વગર નમાઝ શરૂ થતી નથી.

**મસ્અલો** : મુકતદીએ ઈમામથી પહેલાં તકબીર કહી લીધી તો તે જમાઅતમાં સામેલ થએલો ગણાશે નહીં.

હવે જ્યારે કે નમાઝની છએ શરતો એટલે કે (૧) પાકી (૨) સતરે અવરત (૩) સમય (૪) ઈસ્તિક્બાલે ક્બ્લા (૫) નિય્યત (૬) તકબીરે તહરીમાના મસ્અલા બયાન થઈ ગયા તો હવે નમાઝ પઢવાની રીત બયાન કરવામાં આવે છે.

### :::: નમાઝની રીત ::::

નમાઝ પઢવાની રીત એ છે કે વુઝૂ કરી કિબ્લા તરફ મોઢું કરી એવી રીતે ઊભું રહેવું કે બંને પગના પંજાઓમાં ચાર આંગળ જેટલી જગ્યા રહે. પછી બંને હાથો કાનો સુધી લઈ જવા કે અંગૂઠા કાનની ટીસીઓને અડકી જાય, બાકીની ચારેય આંગળીઓ પોતાની હાલત પર રહે, ન તો બિલકુલ મળી જાય અને ન તો વધારે ફેલાયેલી રહે અને હથેળીઓ ક્બ્લા તરફ હોય તેમજ નજર સિજદાગાહ પર હોય. અને જે વખતની જે નમાઝ પઢતા હોય દિલમાં એનો પાકો ઈરાદો કરીને "અલ્લાહુ અકબર" કહી હાથ નીચે લાવી દૂંટીની નીચે બાંધી લેવા એવી રીતે કે જમણી હથેળીની વચ્ચેનો ભાગ ડાબા કાંડા ઉપર રહે અને જમણા હાથની વચલી ત્રણે આંગળીઓ ડાબા હાથ ઉપર રહે તથા અંગૂઠો અને છેલ્લી નાની આંગળી ડાબા કાંડાને આજુબાજુથી પકડે અને પછી "ષના" પઢવી. **ષના : સુબ્હાનકલ્લાહુમ્મ વબિહમ્દિક વતબારકસ્મુક વતઆલાજદ્દુક વલાઈલાહ ગયરુક.**

પછી તઅવ્વુઝ (**અઊઝુ બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ**) પઢી તસ્મિયહ એટલે **બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ** પઢવી.

ત્યારબાદ **અલ્હમ્દુલિલ્લાહ**ની પૂરી સૂરત પઢીને જ્યારે સૂરત પૂરી થાય ત્યારે "આમીન" ધીમેથી કહેવું. ત્યાર પછી કોઈ સૂરત કે ત્રણ નાની આયતો કે એક આયત જે ત્રણ નાની આયતોની બરાબર હોય પઢવી. હવે પછી **અલ્લાહુ અકબર** કહી રુકૂઅમાં જવું અને ઘુંટણોને હાથથી બરાબર પકડવા એવી રીતે કે હથેળીઓ ઘુંટણોની ઉપર રહે અને આંગળીઓ ખૂબ ફેલાયેલી રહે. કમર સીધી હોય માથુ અને કમર (બરડો) સમાંતરે રહે, ઊંચુ નીચું ન હોય. દૃષ્ટિ પગોના પંજા તરફ રહે અને ઓછામાં ઓછું ત્રણવાર **સુબ્હાન રબ્બિયલ અઝીમ** પઢવું. પછી **સમીઅલ્લાહુલિમન હમીદહ** કહેતાં ઊભા થવું અને જે માણસ "મુનફરીદ" એટલે એકલો નમાઝ પઢનાર હોય તે એના પછી **અલ્લાહુમ્મ રબ્બના વલકલ હમ્દ** પણ કહે પછી **અલ્લાહુ અકબર** કહી સિજદામાં જવું. એવી રીતે કે પહેલા ઘુંટણ અને પછી હાથ જમીન ઉપર પડે અને પછી બંને હાથોની વચમાં માથુ મૂકવું. એમાં પણ પહેલું નાક પછી કપાળ જમીન પર મૂકવું અને નાકનું હાડકુ જમીન સાથે બરાબર લાગે અને દૃષ્ટિ નાક તરફ રહે. હાથોને છાતીની પાંસળીઓથી પેટને જાંઘોથી અને જાંઘોને પીંડીઓથી દૂર રાખવી, બંને પગોની બધી આંગળીઓ કિબ્લા તરફ એ રીતે જમીન સાથે બરાબર અડકી રહે કે આંગળીઓનાં પેટો જાણે જમીન સાથે ચોંટી ગયાં છે, હથેળીઓ જમીન સાથે અને આંગળીઓ ક્બ્લા તરફ રહે. પછી ત્રણ વખત (ઓછામાં ઓછું) **સુબ્હાન રબ્બિયલ આઅલા** પઢવું પછી સિજદામાંથી માથું ઊંચુ કરી બેસવું એ રીતે કે પ્રથમ માથુ (કપાળ) પછી નાક પછી માથુ ઊંચુ કરી બેસવું એ રીતે કે પ્રથમ માથુ (કપાળ) પછી નાક પછી

મોં પછી હાથ ઊંચકવા. બેસવામાં જમણો પગ ઉભો રહે તેની આંગળીઓ કિ઼બ્લા તરફ રાખી ડાબા પગને આડો બિછાવી એવી રીતે રાખે કે હાથોની આંગળીઓના છેડા ઘુંટણો પાસે રહે તથા કિ઼બ્લા તરફ સીધી રહે. પછી જરાક થોભી ફરીથી **અલ્લાહુ અકબર** કહી સિજદામાં જવું. આ બીજો સિજદો પણ પહેલા સિજદાની જેમ જ કરવો, પછી માથુ ઉઠાવી હાથોને ઘુંટણો ઉપર મૂકી પગના પંજાના આધારે ઉભા થઈ જવું. ઉઠતી વેળા ખાસ લાચારી વિના જમીન ઉપર હાથનો ટેકો આપી ન ઉઠવું. આ એક રકાત પૂરી થઈ. હવે બીજી રકાતમાં ફક્ત **બિસ્મિલ્લલાહિર્રહ્‌માનિર્રહીમ** કહી **અલ્હમ્દુ** અને બીજી સૂરત પઢવી. પહેલી રકાતની જેમ જ રૂકૂઅ અને સિજદા કરવા પછી જ્યારે બીજા સિજદામાંથી માથુ ઉઠાવે જમણો પગ ઉભો રાખી ડાબા પગને આડો બિછાવી તેના ઉપર બેસી જવું. (ઉપર બે સિજદાની વચમાં જે રીતે બેસવાનું બતાવ્યું છે તે રીતે) પછી **અત્તહિય્યાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ અસ્સલામુ અલૈક★ અયુહન્નબીય્યુ વરહમતુલ્લાહિ વ બરકાતુહુ અસ્સલામુ અલયના વ અલા ઈબાદિલ્લાહિસ્સલાહિન, અશ્હદુ અન્લાઈલાહ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન અબ્દુહુ વ રસૂલુહ** પઢવું એને તશહહુદ કહે છે. જ્યારે "લા" અક્ષર નજીક પહોંચે ત્યારે જમણા હાથની વચલી આંગળી અને અંગૂઠાને મેળવી વર્તુળ (રાઉન્ડ) બનાવી નાની આંગળી અને એની બાજુની આંગળીને હથેળી સાથે મેળવી દેવી જ્યારે "લા" શબ્દ ઉપર પહોંચે ત્યારે કલમાની આંગળી ઊંચી કરી **ઈલ્લલ્લાહ** ઉપર નીચી મૂકી દેવી. પરંતુ યાદ રહે કે આંગળી ઊંચી કરી આમ તેમ હલાવવી નહીં. કલમાની આંગળી નીચી મૂકતાં જ તરત બધી આંગળીઓ સીધી કરી દેવી. હવે જો બેથી વધુ રકાતો પઢવી હોય તો **અલ્લાહુ અકબર** કહેતાં ઉભા થઈ જવું અને આજ રીતે ત્રીજી અને ચોથી રકાતો પઢવી, પરંતુ ફરજ નમાઝની ત્રીજી–ચોથી રકાતમાં **અલ્હમ્દુ** પછી સૂરત પઢવાની જરૂરત નથી.

હવે છેલ્લો કાયદો કે જેના પછી નમાઝ પૂરી થશે, એમાં તશહ્‌હુદ પછી દુરૂદ શરીફ **અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદીંવ વઅલા આલે મુહમ્મદીન કમા સલ્લયત અલા ઈબ્રાહીમ વઅલા આલિ ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ મજીદ.**

**અલ્લાહુમ્મ બારિક અલા મુહમ્મદીંવ વ અલા આલિ મુહમ્મદીન કમા બારકત અલા ઈબ્રાહીમ વ અલા આલિ ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ મજીદ** પઢવું. પછી આ દુઆ પઢવી :–

**અલ્લાહુમગફિરલી વલિવાલિદય્ય વલિમન તવાલદ વલિજમીઈલ મુઅમિનીન વલ મુઅમિનાતિ વલ મુસ્લિમીન વલમુસ્લિમાતિ અલ અહયાઈ મિન્હુમ વલ અમ્વાતિ ઈન્નક મુજીબુદ્દાઅવાતિ બિરહમતિક યા અરહમર્રાહિમીન** અથવા બીજી કોઈ **દુઆએ માષૂરા** પઢવી અથવા આ દુઆ પઢવી :–

**અલ્લાહુમ્મ રબ્બના આતિના ફિદુન્યા હસનતંવ વફિલ આખિરતિ હસનતંવ વકિના અઝાબન્નાર અને આ દુઆને અલ્લાહુમ્મ મેળવ્યા વિના ફક્ત રબ્બના આતિનાથી** ન પઢવી.

✪પછી જમણા ખભા તરફ મોં કરી **અસ્સલામુ અલયકુમ્ વરહ્‌મતુલ્લાહ** કરી સલામ ફેરવવી એવી જ

★ *હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે જ્યારે અત્તહિય્યાત પઢવા બેસે ત્યારે તું તારા દિલમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની શિકલ મુબારકને હાજર કરી હુઝૂર رحمۃ اللہ علیہ નો ખ્યાલ જમાવી* ***અસ્સલામુ અલયક અય્યુહન્નબીય્યુ વરહમતુલ્લાહિ વ બરકાતુહુ*** *કહે. અને યકીનન ! ચોક્કસ ! ખાત્રીપૂર્વક જાણે કે હુઝૂરને આ સલામ પહોંચે છે અને હુઝૂર એનાથી વધુ સારો જવાબ આપે છે. (અહયાઉલ ઉલૂમ)*

✪ *સલામ ફેરવતી વેળા એકલો પઢનાર જમણી તરફની સલામમાં જમણી તરફના ફરિશ્તા અને જિન્નાતોને સલામની નિય્યત કરે અને ડાબી તરફની સલામમાં ડાબી તરફના ફરિશ્તા અને જિન્નાતોની નિય્યત કરે અને જો નમાઝી પોતે ઈમામ હોય તો એ બધા સાથે સાથે જમણી તરફની સલામમાં જમણી તરફના મુકતદી નમાઝીઓ અને ડાબી તરફની સલામમાં ડાબી તરફના મુકતદી નમાઝીઓની નિય્યત કરે અને જો નમાઝી પોતે ઈમામની પાછળ પઢનાર હોય તો તેણે જે બાજુ ઈમામ હોય તે તરફની સલામમાં ઈમામની નિય્યત પણ કરવી. ઈમામની પાછળ બરાબર સામે હોય તો બંને સલામમાં ઈમામની નિય્યત પણ કરવી.*

☞ વધુ પેજ નં. ૧૮.....૫ર

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

## ખાધા પહેલાં હાથ ધોવા સુન્નત

નબી કરીમ ﷺના દરેક ફર્માનમાં અમલમાં હજારો હિકમતો મસ્લેહતો ભરેલી પડી છે તેનું દષ્ટાંત જોઈલો ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ખાતા પહેલાં તથા બાદમાં વુઝૂ કરવું મોહતાજી દૂર કરે છે અને આ રસૂલોની સુન્નતોમાંથી છે." *(તિબ્રાની)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે તાજદારે મદીના ﷺએ ફર્માવ્યું, જે એવું ચાહે કે અલ્લાહ તઆલા તેના ઘરમાં અધિક ભલાઈ કરે તો જ્યારે ખાવાનું શરૂ કરવામાં આવે ત્યારે વુઝૂ કરે અને જ્યારે ઉઠાવવામાં આવે ત્યારે પણ વુઝૂ કરે એટલે હાથ મોં ધૂએ. (ઈબ્ને માજહ) ખાવાનું વુઝૂ એ છે કે બંને હાથોને કાંડા સુધી ધૂએ અને કુલ્લી કરે. ખાતા પહેલાં હાથ ધોઈને ટુવાલથી ન લૂછવા કેમ કે પાણીથી સ્વચ્છ કોઈ ચીજ નથી, અને જમ્યા બાદ ભીના હાથ ટુવાલથી લૂછી શકાય છે.

### ❑ ગ્લોબલ હેન્ડ વોશ ડે ! ❑

"હવે એના અનુસંધાનમાં હાલમાં એક ગુજરાતી દૈનિક વર્તમાન પત્રમાં અમે લેખ વાંચ્યો જેનો સંક્ષિપ્ત ભાગ નીચે રજૂ કરીએ છીએ. લખ્યું છે :–

### ❑ સાબુથી હાથ ધુઓ, બાળકોને મૌતના મોમાં જતા બચાવો ! ❑

ગ્લોબલ હેન્ડ વોશ ડે ગઈ ૧૫ ઓક્ટોબરે ખૂબ ગંભીરતા સાથે ઉજવાયો હતો. વ્યક્તિગત સ્વચ્છતા અને આરોગ્યને લગતો આ વિષય ભલે પ્રથમ નજરે કોમન લાગતો હોય પરંતુ તેનું અનેરું મહત્વ છે.

ભારતમાં બાળકોની પર્સનલ હાઈજીનની સમસ્યા ગંભીર છે, પર્સનલ હાઈજીનની ઉણપના કારણે અથવા તે સમજાવટના અભાવે બાળકો જમતા પહેલાં હાથ ધોતા નથી.

જેના કારણે ભારતમાં દર કલાકે ૧૦૦૦ અંકે એક હજાર બાળકો જાન ગુમાવે છે, ગણત્રી મૂકીએ તો પર્સનલ હાઈજીનનો આ એક એવો પ્રોગ્રામ છે કે જેમાં કશું ચૂકવણું નથી કરવાનો છતાં સૌથી અસરકારક અને ઉપયોગી મુદ્દો છે. હાથને સાબુથી ધોવા એવા ખૂબ સાદા અભિગમના કારણે જો બાળકો મૃત્યુના ખપ્પરમાં હોમાતા બચતાં હોય તો પછી ટેવ પાડવામાં ખોટુ શું છે ?!

દર મિનિટે ૪૧ બાળકો પર્સનલ હાઈજીનના અજ્ઞાનથી મૃત્યુ પામે છે. એકદમ સાદી પર્સનલ હાઈજીનને લગતી વાત એ છે કે તમારા હાથ સાબુથી ધુઓ અને પછી જ જમવા બેસો !

પર્સનલ હાઈજીન પર શહેર કરતાં ગામડામાં વધુ ભાર મૂકાય છે. ત્યાં ઘરમાં પ્રવેશતા પહેલાં હાથ પગ મોઢું ધોવાની ટેવ પાડવામાં આવી હોય છે, જ્યારે શહેરમાં સખત પ્રદૂષણ વચ્ચે ઘેર આવેલી વ્યક્તિ ફટાફટ જમવા બેસી જાય છે.

આવા લોકો બેક્ટેરીયાના અને વાયરસની તાકાતના પરચાની ત્યારે જ ખબર પડે છે કે જ્યારે તેઓ માંદગીના બીછાને પટકાય છે અને વાયરસ તેમનું શરીર જકડી લે છે.

ઘણી બધી જગ્યાએ ફરતો હાથ પછી ખાવાની થાળી તરફ જાય છે અને તે ગંદા હાથે ખાય છે, અંત એ આવે છે કે તે કોઈ રોગને આમંત્રણ આપતી કંકોત્રી લખાઈ જાય છે અને રોગના ભરડામાં આવી જાય છે.

આપણે ત્યાં હેન્ડ વોશિંગ ડેનું મહત્વ વધારવા વ્યવસ્થિત ઝુંબેશ શરૂ કરવાની જરૂર છે, પર્સનલ હાઈજીનના અજ્ઞાનના કારણે કોઈ બાળક મરવું ન જોઈએ એવા શપથ લેવા જોઈએ. દર વર્ષે ઝાડા–ઉલ્ટીના કારણે ભારતમાં ૧૦૦૦ બાળકો મૃત્યુ પામે છે, માટે સુધરો !"

આ પરથી માનવું પડશે કે ખરેખર નબી કરીમ ﷺની સુન્નતમાં પુષ્કળ લાભો આર્થિક, શારીરિક, દુનિયવી, ઉખરવી સમાયેલા છે. ૧૪૦૦થી અધિક વરસો પહેલાં ઈસ્લામના પયગંબરનું ફર્માન કે દરરોજ અને દરેક સમયે ખાતાં પહેલાં હાથ ધૂઓ ! જ્યારે તેની ટેવ પાડવા આજનું વિજ્ઞાન તથા સ્વાસ્થ્ય ચિંતકો "ગ્લોબલ વોશિંગ ડે" વિશ્વકક્ષાએ મનાવી રહ્યા છે ! હાથ ન ધોવાથી બીમારીઓ આવે, બીમારીઓ માણસને આર્થિક તથા શારીરિક બધી જ રીતે તોડી નાખે છે અને મોહતાજી આવી જાય છે. એ સ્વભાવિક સમજની વાત છે ઉપરાંત અસંખ્ય ભલાઈઓ આ સુન્નતોમાં છે જેને આપણી બુદ્ધિ તથા ભૌતિક આંખ નથી જોઈ શકતી, જેથી નબી કરીમ ﷺની સુન્નતો પર ખાસ અમલ કરવો જોઈએ.

## કુર્બાની શું છે ? અને તેને કેવી રીતે કરવી

કાર્યાલય

પ્યારા દીની ભાઈઓ બહેનો ! કુર્બાની હઝરત ઈબ્રાહીમ عليه السلامની સુન્નત છે જે આ ઉમ્મતના માટે બાકી રાખવામાં આવી અને નબી કરીમ صلى الله عليه وسلمને કુર્બાની કરવાનો હુકમ આપવામાં આવ્યો. ઈર્શાદ ફર્માવ્યો : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમે તમારા રબના માટે કુર્બાની કરો અને નમાઝ પઢો." સારાંશ કે કુર્બાની કુર્આની આયતથી સાબિત છે એમાં કોઈની કાંઈ ફિલોસોફી ચાલશે નહીં.

### ★ કુર્બાનીના ફઝાઈલ ★

કેટલાક ઈસ્લામ વિરોધીઓ કુર્બાનીનો અર્થ પોતાની સડેલી બુદ્ધિ વડે જણાવે છે કે કુર્બાની એટલે ગરીબો વિધવાઓને મદદ કરવી વગેરે કરીને મુસલમાનોને ગેર માર્ગે દોરવા પ્રયત્નો કરે છે, તો એના અનુસંધાનમાં આવો આપણે પ્યારા નબી પાક صلى الله عليه وسلمનાં ફર્માનોનો અભ્યાસ કરીએ :–

"અબૂદાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, ઉમ્મુલ મો'મિનીન આઈશા رضي الله عنهاથી રિવાયત છે કે હુઝૂરે અક્દસ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે, "યવમે નહર (દસમી ઝિલ હજ્જ)માં **આદમની ઔલાદનો કોઈ અમલ ખુદાની નજીક લોહી વહાવવાથી (કુર્બાની કરવાથી) અધિક પ્યારો નથી** અને તે જાનવર ક્યામતના દિવસે પોતાની શીંગ તથા વાળ અને ખરીઓની સાથે આવશે અને કુર્બાનીનું લોહી જમીન પર પડતાં પહેલાં ખુદાની નજીક કુબૂલિયતના મકામમાં પહોંચી જાય છે **જેથી તેને ખુશદિલીથી કરો."** *(બહારે શરીઅત, ભાગ–૧૫)*

મુસલમાનો માટે નબી કરીમ صلى الله عليه وسلمનું ઉપરોક્ત ફર્માન પૂરતું છે અને એના પર જ ઈમાન તથા યકીન રાખવાનું છે અને હદીષે પાકના શબ્દો ખાસ યાદ રાખવાના છે કે "તેને ખુશદિલીથી કરો !" સારાંશ કે કેવળ કુર્બાની વિધિ પૂરતી નહીં, જિમ્મેદારી મટાડવા નહીં, પણ ખુશદિલીથી કરવામાં આવે. રબ તઆલા સૌને એ જ રીતે કુર્બાની કરવાની તૌફીક આપે.

વળી ખુશદિલીથી કુર્બાની કરનારાઓને શું ઈનામો મળશે તે પણ જોઈ લો !

તિબ્રાની હઝરત ઈમામ હસન બિન અલી رضي الله عنهماથી રિવાયત કરે છે કે હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, જેણે ખુશદિલીથી સવાબ પામવાની નિય્યતે કુર્બાની કરી તો **તે જહન્નમની આગ સામે આડ** બની જશે.

એક હદીષમાં છે કે, **જે રૂપિયા ઈદના દિવસે કુર્બાનીમાં વાપરવામાં આવ્યા જેનાથી અધિક કોઈ રૂપિયો (રબની નજીક) પ્યારો નથી.** *(તિબ્રાની, ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત)*

તેમજ નબી કરીમ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, **જેનામાં શક્તિ હોય છતાં કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક ન આવે.**

ઈબ્ને માજહએ ઝૈદ ઈબ્ને અરકમ رضي الله عنهથી રિવાયત કરી કે સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم કુર્બાનીઓ શું છે ? ફર્માવ્યું કે, તમારા બાપ ઈબ્રાહીમ عليه السلامની સુન્નત છે. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારા માટે એમાં શો સવાબ છે ? ફર્માવ્યું, **દરેક વાળના બદલામાં નેકી** છે. અર્ઝ કરી, ઊનનો શું હુકમ છે ? ફર્માવ્યું, ઊનના દરેક વાળના બદલામાં નેકી છે.

હદીષે પાકમાં એ પણ છે કે, "જેણે ઝિલ હજ્જનો ચાંદ જોઈ લીધો અને એનો ઈરાદો કુર્બાની કરવાનો છે તો જ્યાં સુધી કુર્બાની ન કરી લે ત્યાં સુધી વાળ તથા નખો ન કપાવે.

### ★ કુર્બાનીના મસાઈલ ★

દરેક તે મુસલમાન જે મુકીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

**મસ્અલો** : જેમ પુરુષ પર કુર્બાની વાજિબ છે

તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે. *(દુર્રે મુખ્તાર વગેરે)* અને દર વરસે વાજિબ છે.

**મસ્અલો** : મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. તેમ છતાં નફ્લ સમજીને કુર્બાની કરે તો તેમ કરી શકે છે તેનો સવાબ જરૂર મળશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. એને બીજી રીતે સમજવામાં આવે તો એ છે જેની પાસે તેની જીવન જરૂરિયાત ઉપરાંત **૭॥ તોલા સોનું** અથવા **૫૨॥ તોલા ચાંદી બરાબરનો માલ** હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)* એટલે કે વર્તમાન ચાંદીના ભાવના હિસાબે જેની પાસે સૌ મિલાવીને રૂા. ૧૧,૫૦૦/– જેટલું થાય તેણે કુર્બાની કરવી વાજિબ થશે.

**કુર્બાનીની રીત** : કુર્બાનીના જાનવરને ઝબહ કરતાં પહેલાં ઘાસચારો પાણી આપવું, પહેલેથી જ છરી તેજ કરી લેવી, જાનવરની સામે છરી તેજ ન કરવી. તે પછી જાનવરને ડાબી કરવટ પર એવી રીતે સૂવાડવું કે તેનું મોઢું કિબ્લા તરફ રહે. ઝબહ કરનાર માણસ પોતાનો જમણો પગ જાનવરની કરવટ પર મૂકી તેજ છરીથી એકદમ જલ્દીથી ઝબ્હ કરી નાખે.

**કુર્બાનીનો સમય** : ઝિલ હજ્જ મહિનાની ૧૦મી તારીખની સુબ્હ સાદિકથી લઈ ૧૨ મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે ત્યારે કુર્બાની આપી શકાશે. એટલે કે કુલ ત્રણ દિવસ અને બે રાત્રિ. તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખ.

**મસ્અલો** : કુર્બાનીના દિવસો વિતી ગયા પછી કુર્બાની ફૌત થઈ ગઈ ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહીં. તેવી રીતે અગર કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદકા તરીકે આપી દેવામાં આવે અથવા તો એક બકરીની કિંમત સદકા તરીકે આપી દેવામાં આવે. *(રદ્દુલ મુહતાર, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી, ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ગાય કે ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહીં.

**મસ્અલો** : કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહીં પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે અકીકા કરનાર અગર કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામેલ થઈ શકે છે કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અકીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો નહીં કેમ કે ભારતના કાફિરો ઝિમ્મી નહીં પણ હર્બી છે.

**કુર્બાનીનું જાનવર** : ઊંટ, ગાય, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) ખસીવાળુ કે ખસી વગરનું એ દરેકની કુર્બાની થઈ શકે છે. *(આલમગીરી)*

**મસ્અલો** : જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શક્શે નહીં. *(આલમગીરી)*

**મસ્અલો** : ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરનાં હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુંબાનું છ માસનું બચ્ચુ એટલું મોટું હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુર્બાનીનું જાનવર મોટું, તાજું, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુર્બાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુર્બાની જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જે જાનવરને જન્મથી જ શિંગડા ન હોય તેની કુર્બાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુર્બાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલાં શિંગવાળા જાનવરની જાઈઝ છે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : આંધળું, લૂલું, લંગડું, કાણું, એકદમ દુબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખનસા (જેનામાં નર–માદાની બંને નિશાની હોય) જે જાનવર ફક્ત ગંદુ (નાપાક) જ ખાતું હોય એવાં દરેક જાનવરની કુર્બાની જાઈઝ નથી. *(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુર્બાની કરતી વેળા જાનવરના ઉછળ વા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડખામી આવી ગઈ છતાં તેની કુર્બાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કુર્બાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબહ કરી દેવું અને જો મરેલું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશ્તને કામમાં લઈ શકાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બીમારી સાધારણ હોય અને લંગડાપણું એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુર્બાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય તેવા જાનવરની કુર્બાની જાઈઝ છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

**મસ્અલો** : જાનવર ખરીદયા પછી અને કુર્બાની કર્યા પહેલાં બચ્ચું જન્મયું તો તે બચ્ચાને પણ ઝબહ કરી દેવું, કુર્બાનીના દિવસોમાં જો તેને ઝબહ ન કર્યું તો તેને જીવતું જ સદકા તરીકે આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદકો કરી દેવી. *(આલમગીરી, બહારે શરીઅત)*

**ફાયદો** : આપણા આકા વ મૌલા તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મતે મર્હૂમાના તરફથી ખૂદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં પછી આપણામાંથી જેનાથી થઈ શકે તેણે હુઝૂર ﷺના તરફથી કુર્બાની આપી તો એ ઘણી જ ખુશનશીબી ગણાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બાલિગ પુત્રીઓ અથવા પત્ની તરફથી કુર્બાની કરવા ચાહે છે તો તેમનાથી ઈજાઝત લઈ લે, તેમને કહ્યા વિના જો કરી દીધી તો તેમના તરફથી વાજિબ અદા ન થયો. અને નાબાલિગ તરફથી જો કે વાજિબ નથી પણ કરી આપવી બેહતર છે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : કુર્બાનીમાં સાત ભાગીદારોમાં એક કાફિર છે તો કોઈની કુર્બાની ન થઈ. *(બહારે શરીઅત)* જેથી સાત ભાગોમાં સુન્ની સિવાય કોઈ મુર્તદ વહાબી દેવબંદીનો હિસ્સો હશે તો કોઈની કુર્બાની થશે નહીં.

**મસ્અલો** : કુર્બાનીનું જાનવર મુસલમાન પાસે ઝબહ કરાવવું જોઈએ. જો કે મજૂસી (અગ્નિપૂજક) અથવા અન્ય મુશ્રિક (કાફિર પાસે) કુર્બાનીનું જાનવર ઝબહ કરાવ્યું તો કુર્બાની થશે નહીં, બલ્કે જાનવર હરામ તથા મુરદાર છે. (બહારે શરીઅત) જેથી સુન્ની સિવાય બીજા મુર્તદો વહાબી દેવબંદી પાસે ઝબહ કરાવશો નહીં.

## ★ ખસ્સી કરેલાની કુર્બાની અફઝલ ★

**સવાલ** : ખસ્સી કરેલા જાનવરની કુર્બાની જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી કરતાં અફઝલ છે. તબીયિનુલ હકાઈક શરહે કન્ઝુદકાઈકમાં છે : (અર્થ) : ''ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે ખસ્સીની કુર્બાની અફઝલ છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે.'' એ જ અર્થમાં ગુરુરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહુરમાં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા અમજદીયા, ભાગ–૩, પેજ–૩૦૪)*

# ઈસ્લામની દા'વતમાં

## નબુવ્વતનો તરીક઼ો

અઝ : અલ્લામા મુહમ્મદ ઈફ઼્તેખાર અહમદ મિસ્બાહી *(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબ નવાઝ, લેડીસ્મીથ, સા. આફ્રિકા)*

અનુવાદક : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

ખાલિકે ક઼ાએનાત ઈર્શાદ ફર્માવે છે :–

**ادع الیٰ سبیل ربك بالحکمة و الموعظة الحسنة**

**(ભાવાર્થ)** : "પોતાના રબના તરફ લોકોને હિક઼્મત અને સારી નસીહત સાથે બોલાવો !"

રબ્બે કાએનાતની તરફ લોકોને દા'વત આપવા માટે ઘણી હિક઼્મત, ઘણી અક્ક઼લમંદી અને અંદાઝમાં મીઠાશ અને ખૂબસૂરતીની જરૂરત છે. એક દાઈ (નિમંત્રક) પોતે મેહસૂસ કરે કે તે ઘણા મોટા મન્સબ અને ઉચ્ચ મર્તબા પર બિરાજમાન છે, કારણ કે તે નબીએ અકરમ ﷺનો નાઈબ અને આસિસ્ટન્ટ છે અને અલ્લાહ તઆલાનો દાઈ અને (પ્રતિનિધિ) છે.

સુબ્હાનલ્લાહ ! એક દા'વત આપનારનો મર્તબો કેટલો ઉચ્ચ અને બુલંદ છે ! એવા દા'વત આપનાર માટે ઉલૂમે નુબુવ્વત અને મઆરિફે રિસાલતથી વધુ પ્રમાણમાં સજ્જ થવું પણ જરૂરી છે. તે દા'વત આપનારે એવા ઈન્સાનોને જેઓ રસ્તાથી ભટકેલા હોય તેમને પોતાના માલિકે હક઼ીક઼ીથી મિલાવવાનો મહાન ફરીઝો અંજામ આપવાનો છે એ ઘણી મોટી જિમ્મેદારી છે. તે મહાન અને મુક઼દ્દસ ફરીઝાને પૂરો કરવા માટે દાઈ અને મુબલ્લિગ ન કેવળ કુર્આન અને સુન્નતના ઉલૂમ (ઈલ્મો)થી સજેલો હોય, બલ્કે તેને ખૂબસૂરત અને આકર્ષક અંદાજમાં દા'વતનો તરીક઼ો અને નબુવ્વતનો તરીક઼ો અપનાવવાની રીત પણ આવડતી હોય.

એક જગાએ રબ તઆલા ફર્માવે છે :–

**وقل لعبادی یقولوا التی ھی احسن** "હે રસૂલ ! આપ મારા બંદાઓથી ફર્માવી દો કે એવી વાતો કરે જે ઉમદા અને દિલ માને તેવી હોય, જે સાંભળે તો બોધ લે અને તેને ક઼બૂલ કરે." *(બની ઈસરાઈલ–પ૩)*

હાદીએ આ'ઝમ વાએઝે અકરમ સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺના સંબોધનનો અંદાઝ કેવો હતો તેને આપણે એક સહીહ હદીષની રોશનીમાં જોઈએ :–

હઝરત અરબાઝ બિન સારિયા رضی اللہ عنہ ફર્માવે છે કે, એક વેળા નબીએ અકરમ ﷺએ અમોને એવું વઅઝ ફર્માવ્યું કે અમારી આંખો આંસૂઓથી લબરેઝ અને અમારા દિલ ખૌફથી ઘણા પ્રભાવિત થઈ ગયાં. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું આ આખરી વઅઝ અને નસીહત છે ? જો એવું છે તો આપ અમોને શું નસીહત આપશો ? આપે ફર્માવ્યું, હું તમને એક રોશન અને સારા રસ્તા પર છોડી રહ્યો છું જેની રાત તેના દિવસ સમાન છે, જે કોઈ તેનાથી હટીને બીજો રસ્તો અપનાવશે તે હલાક થઈ જશે. તમારામાંનો જે જીવંત રહેશે તે ઘણા બધા વિખવાદો જોશે પરંતુ તમે મારી સુન્નત અને મારા ખુલ્ફ઼ાની સુન્નતથી આગાહી રાખો છો તેને મજબૂતીની સાથે દાંતોથી પકડી રાખશો અને હમેશાં પોતાના અમીરની ઈતાઅત અને પેરવી કરજો ચાહે તમારી ઉપર કોઈ હબશી અમીર કેમ ન હોય, એટલા માટે કે બંદાએ મો'મિનનું દૃષ્ટાંત તે ઊંટની જેમ છે જેને લગામ દઈ દેવામાં આવી હોય, તેને જ્યાં લઈ જવામાં આવે ત્યાં જાય છે. *(હવાલો : ઈબ્ને માજા)*

કેટલો ખૂબસૂરત છે નબવી ઉસ્લૂબ (તરીક઼ો) અને કેટલી ઉચ્ચ અને હિકમતભરી છે તે વાતો જે ઝબાને નબવીથી નીકળી ! ઉસ્લૂબે નબવીનો એક નઝારો એ છે કે વઅઝ અને નસીહત ઘણા નરમ અંદાઝમાં કરવામાં આવે છે, કારણ કે સાંભળનાર જેમનાં દિલો સખ્ત છે તે પણ મીણ જેવા નરમ થઈ જાય.

ઈમામ બુખારીએ એ જ પ્રકરણ રચ્યું : "દરેક વળાંક પર અને દરેક જગાએ નરમીનો દેખાવ કરવો." તે પ્રકરણમાં ઈમામ બુખારીએ જે હદીષ નકલ કરી છે તેનો આપણે પણ અભ્યાસ કરીએ :–

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે : યહૂદીઓનું એક ટોળુ રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં આવ્યું, તેમણે પોતાની ઝબાનથી આ શબ્દો કહ્યા, **السام علیکم** (આપ પર મૌત !) હઝરત આઈશા ફર્માવે છે, મેં

યહૂદીઓની એ ચાલ સમજી લીધી, તુરંત જવાબ આપ્યો, عليكم السام واللعنة (તમો બધા પર મૌત અને લઅનત !) ઉમ્મુલ મો'મિનીન બયાન કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! رضی اللہ عنہا થોડી નરમીથી ! અલ્લાહ તઆલા દરેક કામમાં નરમી પસંદ ફર્માવે છે. ઉમ્મુલ મો'મિનીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું આપે તે ન સાંભળ્યું જે તેઓએ કહ્યું ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, હા ! કેમ નહીં ?! અને મેં તેનો જવાબ પણ દીધો, "અને તમારી ઉપર મૌત !" *(હવાલો : સહીહ બુખારી, પેજ–૮૯૦, ભાગ–૨)*

શારેહીન (હદીષને સમજાવનાર) ફર્માવે છે કે, વાત અસલમાં એ છે કે યહૂદીઓની દુઆ તો શૂન્ય (નામક઼બૂલ) છે અને હુઝૂર ﷺની દુઆ તો મક઼બૂલ છે, તેઓને મૌત તો આવવાની જ હતી એટલા માટે આપણા હુઝૂર ﷺનું એક વાક્ય (وعليكم) "અને તમારી ઉપર મૌત ! એ તેઓની તબાહી અને બર્બાદી માટે પૂરતુ છે.

હઝરત આઈશા رضی اللہ عنہاને આપે દર્સ આપ્યો કે કોઈપણ જાતની ઝિયાદતી (અતિશયોક્તિ) અલ્લાહને પસંદ નથી. દરેક હાલતમાં નરમી અપનાવવી હક઼્ક઼વાળાઓનો તરીક઼ો હોવો જોઈએ.

ઈમામ બુખારી એક હદીષ નક઼લ કરે છે, "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક એઅ્રાબી (ગામડામાં રહેનાર) ઊભો થયો અને મસ્જિદે નબવીમાં પેશાબ કરવા લાગ્યો. સહાબાએ કિરામે તેને ધમકાવ્યો. હુઝૂરે સહાબાને ફર્માવ્યું, તેને છોડી દો ! (તેનો પેશાબ ન રોકો !) અને તેના પેશાબ પર એક ડોલ પાણી વહાવી દો, એટલા માટે કે તમે આસાની કરવાવાળા અને સખ્તી ન કરવાવાળા બનાવીને દુનિયામાં મોકલવામાં આવ્યા છો. *(હવાલો : સહીહ બુખારી, પેજ–૩૬, ભાગ–૧)*

સુબ્હાનલ્લાહ ! કેટલો ઉમદા તરીક઼ો છે ! અને કેટલી ખૂબસૂરત છે હુઝૂરની ટ્રેનિંગ ! મસ્જિદ જેવી મુક઼દ્દસ જગા બલ્કે હરમે નબવી જેવી મુબારક જગાને એક આદમી નાપાક કરી રહ્યો છે છતાં હુઝૂર સરાપા નૂરા ﷺ તે કામથી એટલા માટે તેને તુરત નથી રોકતા કે શક્ય છે કે પેશાબના રોકાણથી તેને કોઈ તકલીફ અથવા નુકસાન ન થાય અને તેને કોઈ બીમારી ન લાગી જાય ! આપની રહમદિલી પણ કેટલી ઉચ્ચ છે !

કોઈને ઈસ્લામની દા'વત આપવાની હોય અથવા કોઈને દીન પર સાચી રીતે ચલાવવો હોય તો આવા મૌક઼ા પર આ નબવી તરીક઼ો જરૂર આંખો સમક્ષ રાખવો જોઈએ, યક઼ીનન ! આ અમલ આખી ઈન્સાનિયત માટે આઈડીયલ છે. ઉપરની હદીષમાં બીજી ઘણી જ અહમ વાત એ દર્શાવવામાં આવી છે કે ઉમ્મતે મુહમ્મદિયા એ આસાન અને નરમ ક઼ૌમ છે, લોકોના માટે આસાની પેદા કરવી તેમનો મિજાઝ અને આદત છે. એવી જગાઓ પર નરમ અને આસાન રૈવયા (વર્તણૂક)થી ઘણા ફાયદાકારક પરિણામો સામે આવે છે.

ઈસ્લામની દા'વત પેશ કરનારાઓમાં એક ઘણી અહમ વાત એ હોય છે કે દાઈ (નિમંત્રક) જે વાતની તબ્લીગ કરી રહ્યો છે તેના પર જાતે તેનો અમલ પણ છે કે નહીં ? જો તે અમલના મેદાનમાં પાછળ છે તો પછી તેની દા'વતની કોઈ અસર થતો નથી અને મુબલ્લિગ પર આ આયતે કરીમા લાગુ થાય છે :–

**اتأمرون الناس بالبر و تنسون انفسكم** "તમે લોકોને ભલાઈનો હુકમ આપો છો અને તેના પર ખૂદ અમલ નથી કરતા." *(સૂરએ બકરહ્, ૪૪)*

તેના વિશે પણ નબીએ અકરમ ﷺનો અમલ કેટલો અનમોલ અને કેટલો હસીન છે ! આપણા નબી ﷺ જ્યારે કોઈ વાતની દા'વત આપતા અથવા કોઈ હુકમ સંભળાવતા તો સૌથી પહેલાં તેના પર આપનો ખૂદ અમલ રહેતો. હુજ્જતુલ વિદાઅના ઐતિહાસિક ખુત્બામાં જ્યારે આપે જાહિલિયતના બાકી રહી ગયેલા અમુક કિસાસ (ખૂનનો બદલો)ના વિશે એલાન ફર્માવ્યું તો સૌથી પહેલાં આપે આપના કુટુંબનું ખૂન માફ ફર્માવ્યું. આપે ઈર્શાદ ફર્માવ્યો :–

**(અર્થ)** : "જાહિલિયતના બધાં ખૂન માફ કરી દેવામાં આવ્યાં અને સૌથી પહેલું ખૂન જે હું માફ કરું છું તે મારા કાકા હારિષના પુત્ર રબીઆનું ખૂન છે. તે બની સઅદમાં દૂધ પીનાર પુત્ર હતો હુઝૈલે તેને ક઼ત્લ કરી દીધો હતો." *(હવાલો : સબ્લુલ હુદા વર્રશાદ)*

કેટલો ખૂબસૂરત કેટલો અનમોલ છે નબીએ કરીમ ﷺનો તરીક઼ો કે તા'લીમાત આપતાં પહેલાં દાઈએ આ'ઝમ ﷺ જાતે તેના પર અમલ કરી રહ્યા છે ! પછી બીજાને અતા કરી રહ્યા છે. ઈસ્લામની દા'વતના લાંબા સિલસિલામાં ઉસ્લૂબે નબવી (નબીના તરીક઼ા)નો આજ જલ્વો આપણને દરેક જગાએ અને દરેક મૌક઼ા

પર જોવા મળશે. વ્યાજની હુરમત (હરામ હોવું)નું જ્યારે આપે એલાન ફર્માવ્યું તો સૌથી પહેલાં આપે ફર્માવ્યું કે સૌથી પહેલાં હું અબ્બાસ (હુઝૂરના કાકા)નું સૂદ (વ્યાજ) માફ કરું છુ. આપણા હુઝૂર ﷺનો આ જ તરીકો અને અમલ હતો જેને જોઈ જોનાર જોતા રહી જતા, સાંભળવાવાળા સાંભળતા અને આપ પર કુર્બાન થઈ જતા.

ઈસ્લામની દા'વત વિશે હુઝૂર ﷺના ઉસ્લૂબનો એક જલ્વો ઔર જોઈએ, કા'બા શરીફના કલીદ બરદાર (જેમની પાસે કા'બા શરીફની ચાવીઓ હતી) તે હઝરત ઉષ્માન બિન તલ્હા رضی اللہ عنہ બયાન કરે છે : મદીના શરીફની હિજરત પહેલાં એક દિવસ મારી મુલાકાત હુઝૂર ﷺ સાથે થઈ. હુઝૂરે મને ઈસ્લામ કબૂલ કરવાની દા'વત આપી. મેં જવાબ આપ્યો, હે મુહમ્મદ ! ﷺ આપ કેવી અજીબો ગરીબ વાતો કરી રહ્યા છો ?! આપ મારાથી એ ઉમ્મીદ રાખો છો કે હું તમારું આજ્ઞાપાલન કબૂલ કરી લઈશ ! જ્યારે કે તમે પોતાની કૌમનો મઝહબ છોડી દીધો છે અને એક નવો દીન લઈને આવ્યા છો ! આગળ વધુ ફર્માવ્યું કે જાહિલિયતના જમાનામાં અમારો એ કાનૂન હતો કે અમે ઝિયારત કરનારાઓ માટે સોમવાર અને ગુરૂવારના દિવસે કા'બા શરીફનો દરવાજો ખોલ્યા કરતા હતા. એક વખત હુઝૂર તશરીફ લાવ્યા એ મકસદથી કે બીજા લોકોની સાથે આપ પણ કા'બામાં દાખલ થાય. મેં આપની સાથે બુરો વર્તાવ કર્યો અને એકદમ બદ્અખ્લાકીથી વાતચીત કરી. પરંતુ હુઝૂરે જરા પણ નારાજગી ન દર્શાવી, બલ્કે ઘણા હિલ્મ (સંયમપૂર્વક) અને બર્દાશ્તથી મારી બદ્કલામીને સહન કરી અને ઘણી નરમીથી ફર્માવ્યું (અર્થ) : "હે ઉષ્માન ! યાદ રાખજે ! એક દિવસ આવશે જ્યારે તમે જોશો કે આ ચાવી મારા હાથમાં હશે અને હું જેને ચાહીશ તેને અતા કરીશ." *(હવાલો : સબ્લુલ હુદા વર્રશાદ, પેજ–૩૬૬, ભાગ–૫)*

આ સાંભળી હું ખસીયાણો પડી ગયો અને મેં કહ્યું કે શું તે દિવસે કુરૈશની ઈજ્જત અને આબરૂ માટીમાં મળી ગઈ હશે, ત્યારે જ આ ઈન્કેલાબ જોવામાં આવી શકે છે ! હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, હે ઉષ્માન ! જે દિવસે આ ચાવી મારા હાથમાં હશે તે દિવસે કુરૈશ ઝલીલ (ઝિલ્લતવાળા) નહીં હશે બલ્કે તેમની ઈજ્જત અને શાનો શૌકતનો સૂરજ ચમકતો હશે. હઝરત ઉષ્માન ફર્માવે છે કે હુઝૂર ﷺનો આ ઈર્શાદ મારા દિલમાં છવાઈ ગયો, મને યકીન થઈ ગયું કે આવું જ થશે ! એટલા માટે કે આપના મુંહ શરીફથી જે વાત નીકળે છે તે યકીનન ! થઈને રહે છે.

મેં વિચાર્યું કે ઈસ્લામ કબૂલ કરી લઉં, પરંતુ મારી કૌમને મારા ઈરાદાની ખબર પડી ગઈ તો તેમણે મને સખ્તીથી ધમકાવ્યો જેથી મેં ઈસ્લામ અને ઈમાન લાવવાનો ઈરાદો છોડી દીધો.

જે દિવસે મક્કાની ફતહ થઈ તો હુઝૂરે મને હુકમ આપ્યો કે કા'બાની ચાવી પેશ કરો ! મારી શું હિંમત હતી કે ઈન્કાર કરતો ! તુરંત ઘરેથી ચાવી લઈ આવ્યો અને અદબ સાથે બારગાહે રિસાલતમાં પેશ કરી દીધી. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ઉષ્માન ! તમોને તે દિવસ યાદ છે ? જ્યારે મેં તમને કહ્યું હતું કે એક દિવસ આ ચાવી મારી હાથમાં હશે અને હું જેને ચાહીશ તેને અર્પણ કરીશ ?! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બેશક ! આપે એવું જ ફર્માવ્યું હતું. હું ગવાહી આપુ છું કે આપ અલ્લાહના રસૂલ છો ! સરવરે દો આલમ ﷺએ એ ચાવી મને અતા ફર્માવી અને તેની સાથે એ પણ ફર્માવ્યું :

**خذوها خالدة تالدة لا ينزعها منكم الا ظالم**

**(અર્થ)** : "આ ચાવી લઈ લો ! અને હું તમને હમેશાં માટે દઈ રહ્યો છું અને જે તમારાથી આ ચાવી છીનવી લેશે તે જાલિમ હશે." *(હવાલો : ઝિયાઉન્નબી, પેજ–૪૭૦, ભાગ–૪)*

ચૌદસો વરસો વિતી ગયાં પરંતુ હજુ સુધી તે ચાવી જે હુઝૂર રહમતે આલમ ﷺએ તેમને આપી હતી તે તેમની નસ્લ (ખાનદાન)માં જ ચાલી આવી છે અને યકીનન ! કયામત સુધી તેમની નસ્લમાં જ બાકી રહેશે અને કા'બા શરીફની ચાવીઓ રાખવાનો શર્ફ તેમને જ હાંસલ રહેશે.

આ વાકયાથી એક બાજુ હુઝૂરના ઈલ્મે ગૈબની સાબિતી મળે છે તો બીજી તરફ સરવરે કાએનાત ﷺની રહમદિલી અને સહનશક્તિની ઝલક પણ નજર આવે છે.

અલ્લાહ તઆલા આપણા બધા અહલે સુન્નતના મુબલ્લિગોને એ જ નકશે કદમ પર કામ કરવાની અને હુઝૂર ﷺના તરીકાને આંખો સમક્ષ રાખવાની અને હુઝૂર ﷺની હિકમતોને કામમાં લાવવાની તૌફીક ફર્માવે. આમીન. *(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિકનો દા'વત નંબર, પેજ–૭૫, ૭૬, ૭૭)*

# શેર બજાર અને તેની કાર્ય પદ્ધતિ તથા શરીઅતના હુકમો

લેખક : મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી**
(સદર મુફ્તી જામિઆ અશરફિયા–મુબારકપુર)
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

શેર બજાર અથવા સંયુક્ત મૂડીવાળી કંપનીના કારોબારનો શરઈ (શરીઅત મુજબ)નો હુકમ જાણતાં પહેલાં સંક્ષિપ્તપણે આપણે કંપની તથા તેમની કાર્યપદ્ધતિને જાણી લેવી જોઈએ.


**૧.** કંપની એક કારોબારી તથા વ્યાપારી સંસ્થા છે જે નિશ્ચિત થયેલ બંધારણ હેઠળ કામ કરે છે, પણ અર્થતંત્રના નિષ્ણાતોનું દૃષ્ટિબિંદુ એ છે કે કંપની એક અદશ્ય તથા સ્પર્શ ન થાય તેવો કાલ્પનિક શખ્સ છે જેનું પોતાના ભાગીદારોથી અલગ ઈન્ડીપેન્ડન્ડ કાનૂની અસ્તિત્વ હોય છે, હા ! રજીસ્ટ્રેશનથી પહેલાં સુધી તે "વ્યક્તિઓની એક કમિટી" હોય છે.

**૨.** કંપનીનું અલગ અસ્તિત્વ હોવાના કારણે તે ખૂદ પોતાના નામથી કરાર કરે છે અને મિલ્કતો તથા પ્રોપર્ટીઓ ખરીદે છે.

**૩.** ભાગીદારો (શેર હોલ્ડરો)ના આવવા જવા, મરવા, પાગલ થવા, પોતાનો શેર બીજાને નામે ટ્રાન્સફર કરાવવાથી કંપનીના અસ્તિત્વ પર કોઈ અસર પડતી નથી. તે ગમે તે સ્થિતિમાં મૌજૂદ તથા સલામત રહે છે.

**૪.** કંપની બુદ્ધિ તથા સમજથી પર હોય છે એટલા માટે તેની સર્વ ફરજોને અમલી સ્વરૂપ આપવાના માટે તેના નાયબની હૈસિયતથી "સલાહકાર બોર્ડ" નિયુક્ત કરવામાં આવે છે જે અર્થતંત્રના નિયમોની નિષ્ણાત વ્યક્તિઓ પર આધારિત હોય છે, બીજા શબ્દોમાં આ જ બોર્ડ કંપનીની આંખ તથા હાથ પગ હોય છે.

**૫.** કંપનીના શેરો બે પ્રકારના હોય છે : **પ્રેફરન્સ શેર** તથા **ઈકવીટી શેર.**




**પ્રેફરન્સવાળા શેર** હોલ્ડર કેવળ નફામાં શરીક હોય છે, નુકસાનમાં નહીં, અને તેમને તેમના જમા કરેલા રૂપિયા પર એક નિશ્ચિત દરથી નફો આપવામાં આવે છે, ભલે કંપનીને પોતાના વેપારમાં નફો થાય કે નુકસાન થાય.

અને **ઈકવીટી શેર**ના શેર હોલ્ડરો પોતાના શેરના વધઘટના હિસાબથી નફો તથા નુકસાન બંનેવમાં શરીક હોય છે. તેમને નફો કેવળ એ જ સંજોગોમાં આપવામાં આવે છે જ્યારે કંપનીનો કારોબાર નફામાં ચાલી રહ્યો હોય.

**૬.** કંપની શેરોથી અલગ રીતે **ડિબેન્ચર્સ્** બહાર પાડે છે જેના પર તે એક નિશ્ચિત માત્રાથી પોતાને કરજ આપનારાઓને વ્યાજ આપે છે.

**૭.** કંપની પબ્લિક પાસેથી જ કરજની મૂડી તથા પ્રેફરન્સ શેરની મૂડી હાંસલ કરે છે તે વેચી તથા ખરીદી શકાય છે.

**૮.** કંપની પોતાના પ્રેફરન્સ શેર તથા ડિબેન્ચર્સ્ વેચવાના માટે શેર બજારના દલાલોની મદદ લે છે અને તે દલાલોને વેચેલા શેરો પર કમીશન પણ આપે છે.

**૯.** કંપની પોતાના કમસે કમ શેરોના વેચાણ માટે શેરોને વેચનાર એજન્ટથી એક કરાર કરે છે જેના પ્રમાણે એજન્ટ એ વાતની ગેરેન્ટી લે છે કે તે વેચાણથી બચેલા શેરો અને ડિબેન્ચર્સને ખરીદી લેશે અને ખરીદવાની સ્થિતિમાં તેને પણ કમીશન આપવામાં આવે છે. જામિનને એ અધિકાર છે કે ચાહે તો બચેલા શેર ખૂદ ખરીદે અને ચાહે તો કંપનીથી લઈને બીજાઓના હાથે વેચી કાઢે.

**૧૦.** કંપનીના શેર હોલ્ડરોથી કંપનીના કરજોના માટે એટલા જ રૂપિયા કોઈ સમયે વસૂલ કરવામાં આવી શકે છે જેટલા તેના ખરીદેલા શેરો પર અદા નથી કરવામાં આવ્યા એને શેર હોલ્ડરોની મર્યાદિત જિમ્મેદારી કહેવામાં આવે છે.

**૧૧.** કંપનીને ઘણા ખરે અંશે ઈન્કમટેક્સથી છૂટ મળે છે જેનો ફાયદો તેના મેમ્બરોને મળે છે.

**૧૨.** કંપનીમાં મૂડી રોકાણમાં ઘણા ફાયદાઓની સાથે નુકસાન પણ વેઠવું પડે છે. પરંતુ નુકસાનના ખતરા ઓછા જોવા મળે છે. અને આવા ખતરા કોઈ પણ વેપારની સાથે ઉપસ્થિત થઈ શકે છે.

## શરઈ હુકમો

હવે કંપનીમાં મૂડી રોકાણના શરઈ હુકમો જોઈ લો :

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**:: અલ્ જવાબ ::**

**૧.** કંપનીની કાર્યપદ્ધતિના અભ્યાસ પરથી જણાય આવે છે કે તેની ઈમારત મૂડી રોકાણના ત્રણ પાયાના સ્તંભો પર ઉભી કરવામાં આવી છે :–

૧. મુસાવાતી હિસ્સિ એટલી **ઈક્વીટી શેરો**

૨. તરજીહી હિસ્સિ : **પ્રેફરન્સ શેરો**

૩. કર્ઝે તમસ્સુકાત : **ડિબેન્ચર્સ**

કરજની લેણદેણ મૂળભૂત રીતે જાઈઝ છે, બલ્કે કરજ આપનારા તરફથી એ એક પ્રકારનું એહસાન છે જે અજરો સવાબનો સબબ છે, પણ કંપનીની દુનિયામાં આ કરજ વ્યાજની શરત પર આપવામાં તથા લેવામાં આવે છે અને વ્યાજ યક઼ીનન ! ક઼તઈ હરામ તથા સ્વજાતે ખરાબ છે.

**પ્રેફરન્સ શેર** પણ પોતાની શરઈ હક઼ીક઼તના લેહાજથી કરજ છે. અને એના પર મળનાર નફો વ્યાજ છે જેથી તે પણ સ્વજાતે હસન (સારુ) છે અને તેની શરત સ્વજાતે ખરાબ (બુરી) છે.

**ઈક્વીટી** શેર મૂળ મૂડીમાં ભાગીદારીનો પાક સરમાયો છે અને તેના થકી સંયુક્ત વ્યાપાર એક મુબાહ કૃત્ય છે પરંતુ આ મુબાહ કામને એ રીતે બુરુ બનાવી દેવામાં આવ્યું છે કે સંયુક્ત કારોબાર કરવામાં આવે છે.

જેથી જાણવા મળ્યું કે આ ત્રણેવ સ્તંભોમાં કોઈપણ સ્તંભ એવો નથી જે ખરાબીથી દાગદાર ન હોય તથા તેને કશાય ખચકાટ વિના હલાલ ધંધો કહી શકાય.

એમાંથી પાછલા બે સ્તંભો તો ક઼તઅન હરામ તથા ગુનાહે કબીરા છે જેના જાઈઝ હોવાની કોઈ શક્યતા નથી. અને ઈક્વીટી શેરો લેવા ક઼તઈ હરામ તો નથી, છતાં પણ નાજાઈઝ જરૂર છે. કેમ કે "સલાહકાર બોર્ડ" ડિબેન્ચર્સ્ તથા પ્રેફરન્સ શેરો થકી જે મૂડી વેપારમાં લગાડે છે તેનો નફો કંપનીના બંધારણ અનુસાર સર્વ ઈક્વીટી શેર હોલ્ડરોને સમાન રીતે મળે છે અને જ્યારે કંપની નુકસાનનો શિકાર બને છે તો વર્તમાન વેપારની મૂડી વડે જેમાં ઈક્વીટી શેરોની મૂડી પણ હોય છે. સર્વ કરજ આપનારાઓ તથા પ્રેફરન્સ શેર હોલ્ડરોનું કરજ વ્યાજ સાથે અદા કરવામાં આવે છે. તો દસ્તૂર જાણવા છતાં કંપનીના મૂડી રોકાણમાં ભાગીદારી કરવી એક રીતે પોતાના માથે અન્યોના વ્યાજમય કરજનો બોજ ઉઠાવવું છે અથવા કમસે કમ એના પર રાજી થવું છે. અને બીજાનું કરજ અદા કરવું જો કે જાઈઝ છે પરંતુ એ કરજ પર લાગુ થતું વ્યાજ અદા કરવું અથવા એના માટે રાજી થવું નાજાઈઝ છે. ઈર્શાદે બારી તઆલા છે : وَلَا تَعَاوَنُوۡا عَلَی الۡاِثۡمِ وَ الۡعُدۡوَانِ **(અર્થ)** : "ગુનાહનાં કામોમાં એકબીજાની મદદ ન કરો." કેમ કે ઈક્વીટી શેરોના થકી કંપનીમાં ભાગીદારી આ નાજાઈઝ કામના ઝરીયા થઈ તો એ હૈસિયતથી એ ભાગીદારી પણ નાજાઈઝ થઈ. હા ! શરીઅતે તાહિરાનો નિયમ છે કે મુસલમાનના કાર્યને શક્ય ત્યાં સુધી હરામ બાબત તથા ખરાબીથી બચાવવામાં આવે. એટલા માટે ફક઼ીહોએ ઘણા મસાઈલમાં શક્ય પાસાંઓને તલાશ કરીને મામલાઓમાં સુધારણા કરેલ છે જેમ કે :–

બજારમાં હરામના માલની અધિક્તા અને હલાલની કમી હોય તો પણ ચીજોની ખરીદારીને જાઈઝ ફર્માવી. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨, રિસાલા : અહ્લા મિનસ્સકર)*

એટલા માટે કંપનીમાં જો કે શેરોની મૂડી તથા કરજની મૂડી બંનેવ મિશ્ર છે પરંતુ અહીં મામલાની

સુધારણાની શક્યતા એ રીતે છે કે વ્યાજની અદાયગીને ભાગીદારીની મૂડીથી માનવામાં નહીં આવે, બલ્કે એવું માનવામાં આવશે કે વ્યાજ કેવળ કરજના માલના નફાનું છે. એટલે કંપની પાસે જે કાંઈ રૂપિયા છે તે શક્ય છે કે કરજના પણ હોય, શેરોના પણ હોય. પરંતુ મુસ્લિમના કાર્યને હરામ બાબત તથા ખરાબીથી બચાવવા માટે એ ઠરાવવામાં આવશે કે એ સરમાયો (મૂડી) કરજ છે અને શેરોની મૂડી કાંઈક તો સર સામાનના રૂપમાં મૌજૂદ છે અને અમુક તો ભાવ ઘટવાના કારણે નુકસાનીમાં જતુ રહ્યું. પરંતુ અહીં એ ખુલાસો યોગ્ય નથી, કેમ કે જ્યારે શેરો અને કરજના સર્વ રૂપિયા મિશ્ર થઈ જાય છે તો દરેક રૂપિયો કરજની મૂડી હોવાની સાથે સાથે શેરોની મૂડી પણ છે, જેમ કે જૌહરા નૈયરામાં નક્લ થયેલ એક ફિક્હી ચર્ચાથી એની સાબિતી મળી આવે છે.

હનફી ફિક્હની અતિ મહત્વની કિતાબ ''બહારે શરીઅત''માં ગસબ (હડપ કરવું)ના બયાનમાં આ દિલચસ્પ વાર્તાલાપ આ શબ્દોમાં લખેલો છે :–

''મસ્અલા : અલી ઈબ્ને આસિમ رحمۃ اللہ علیہ કહે છે, મેં ઈમામે આ'ઝમ رضی اللہ عنہ થી સવાલ કર્યો કે એક શખ્સનો એક રૂપિયો બીજા શખ્સના બે રૂપિયાના બદલામાં મળી ગયો, તેની પાસેથી બે રૂપિયા જતા રહ્યા એક બાકી છે અને ખબર નથી કે એ કોનો રૂપિયો છે, એનો શું હુકમ છે ?

ઈમામે ફર્માવ્યું, એ જે બાકી છે એમાંથી ૧/૩ એક રૂપિયાવાળાનું છે અને ૨/૩ બે રૂપિયાવાળાનું છે.

અલી ઈબ્ને આસિમ કહે છે, ત્યારબાદ હું ઈબ્ને બશ્રમા رحمۃ اللہ علیہ ને મળ્યો અને તેમને પણ આ જ સવાલ કર્યો. તેમણે કહ્યું, તમે એને કોઈ અન્યને પણ પૂછયું છે ? મેં કહ્યું, હા ! અબૂ હનીફા رحمۃ اللہ علیہ ને પૂછયું છે. ઈબ્ને બશ્રમાએ કહ્યું, એમણે આ પ્રમાણે જવાબ આપ્યો હશે. મેં કહ્યું, હા ! ઈબ્ને બશ્રમાએ કહ્યું, એમણે જવાબ ગલત આપ્યો, એટલા માટે કે બે રૂપિયા જે ગુમ થઈ ગયા એમાં એક તો યકીનન ! એનો છે જેના બે રૂપિયા હતા અને એકમાં સંભાવના છે કે બે વાળાનો હોય અથવા એકવાળાનો. બંનેવ સમાન રીતની સંભાવના ધરાવે છે, જેથી અડધો અડધો બંનેવ વહેંચી લે. કહે છે : મને ઈબ્ને બશ્રમાનો જવાબ ઘણો જ પસંદ પડયો. પછી હું ઈમામે આ'ઝમથી મળ્યો અને તેમને કહ્યું કે, આ મસ્અલામાં આપનાથી વિરુધ્ધ જવાબ મળ્યો છે.

ઈમામે ફર્માવ્યું, શું તમે ઈબ્ને બશરમાની પાસે ગયા હતા ? મેં કહ્યું, હા ! ફર્માવ્યું, તેમણે તમને આ પ્રમાણે કહ્યું છે ! તે સર્વ વાત રજૂ કરી આપી. મેં કહ્યું, હા !

ફર્માવ્યું કે, જ્યારે ત્રણેવ રૂપિયા મળી (મિક્સ થઈ) ગયા અને ફરક બાકી ન રહ્યો તો આ સંજોગોમાં રૂપિયામાં બંનેવ શરીક થઈ ગયા, એકવાળાનો ૧/૩ અને બે વાળાનો ૨/૩ ભાગ થયો. પછી જ્યારે બંનેવ ગુમ થઈ ગયા તો બંનેવની ભાગીદારીના બે રૂપિયા ગુમ થઈ ગયા, અને જે બાકી છે એ પણ બંનેની ભાગીદારીવાળો છે કે ૧/૩ એકની અને ૨/૩ બીજાની.''

*(બહારે શરીઅત, પેજ–૪૨, ૪૩, ભાગ–૧૫, ગસબકા બયાન, ઈત્લાફ સે વજૂબે ઝમાન કી બહષ, બહવાલા અલ્ જૌહરતુન્નૈયરા અલા મુખ્તસરિલ કુદૂરી, પેજ–૨૫, ભાગ–૨, કિતાબુલ ગસબ કુબીલિ કિતાબુલ વદીઅહ્)*

એ જ પ્રમાણે **શેર બજારવાળા આ મસ્અલામાં જ્યારે કરજ, પ્રેફરન્સ શેરો તથા ઈકવીટી શેરો સૌના રૂપિયા એક સાથે રાખવામાં આવે છે તો એમનું આપસમાં મિશ્રણ–ભેળસેળ થયા બાદ સૌમાં સૌની ભાગીદારી થઈ જાય છે એટલા માટે જે રૂપિયા માલમત્તાની ખરીદીમાં લાગ્યા એમાં પણ સૌથી ભાગીદારી છે અને જે રૂપિયા કંપનીની પાસે મૌજૂદ છે એમાં પણ સૌની ભાગીદારી છે એટલા માટે ડિબેન્ચર્સ તથા પ્રેફરન્સ શેરોવાળાને વ્યાજ આપવામાં સૌ ભાગીદાર થયા અને સૌના શેરોમાંથી વ્યાજની અદાયગી થઈ, જેથી શરીઅતનો હુકમ એ જ છે કે મુસલમાન શેર બજારના કારોબારમાં ભાગ ન લે અને ઈકવીટી શેરથી પણ બચે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(ખાદિમે ઈફતા, દારુલ ઉલૂમ અશ્રફિયા, મુબારકપુર, ૧૦–શવ્વાલુલ્ મુકર્રમ, હિ.સ. ૧૪૨૯, અંગ્રેજી તા. ૧૧–૧૦–૨૦૦૮)*

# શેરો થકી મળેલ નફો હલાલ કે હરામ ?

**૨.** કરજની મૂડી તથા શેરોની મૂડી વડે કંપનીમાં જે વેપાર તથા ખરીદ વેચાણ થાય છે તે જાઈઝ તથા દુરુસ્ત છે, ખૂદ એની જાતમાં કોઈ ખરાબી નથી કે હલાલ તથા માલિકીના માલની અદલા બદલી હલાલ તથા માલિકીના માલ વડે એ રીતે થાય છે કે એમાં કોઈ શરત ફાસિદ (ખરાબ) નથી હોતી. બલ્કે અહીં મુદ્દલે કોઈ શરત જ નથી હોતી, ન ફાસિદ ન ગૈર ફાસિદ. અને વ્યાજની ફાસિદ શરત તો કરજના માટે છે, સોદા કે ખરીદ તથા વેચાણ માટે નથી. જેથી **કંપની શેરોની મૂડી તથા કરજની મૂડીથી જે વપાર કરે છે તે વ્યાજની ફાસિદ શરતથી પાક તથા સાફ છે.**

**જેથી શેરો તથા કરજના થકી પ્રાપ્ત કરેલો માલ હલાલ છે, વેપાર હલાલ છે અને એનાથી જે નફો થયો તે પણ હલાલ છે.**

હા ! વ્યાજની શરત પર કરજ લેવું, આપવું અને કેવળ નફાની શરત પર પ્રેફરન્સ શેરો હાંસલ કરવા હરામ છે, એટલે કે **લેવાનો અમલ હરામ છે**, પરંતુ એ ઝરીયાઓ વડે હાંસલ કરેલો નફો હરામ નથી કે એ માલ હવે ન તો વ્યાજ છે અને ન તો તે નિશ્ચિત થયેલ નફો છે જેથી માલની જાત કેવળ હલાલ થઈ. ફતાવા રઝવિય્યહ્માં છે :–

''વિના જરૂરત વ્યાજ આપવું જો કે હરામ છે પણ તે રૂપિયા કે જે તેણે કરજ લીધા એનાથી વેપારમાં જે કાંઈ હાંસલ થાય તે હલાલ છે.

فان الخبث فیما اعطیٰ، لا فیما اخذ۔ وھذ اظاھرٌ جِدًّا۔ اھ

વળી નિશ્ચિત માત્રામાં કરજ આપનારને વ્યાજ આપવું અને તેણે વ્યાજ લેવું એ જ પ્રમાણે પ્રેફરન્સ શેરોનો મિશ્ર નફો લેવો આપવો એ હરામ છે. તો આ હુર્મત (હરામ હોવું) કંપનીના વેપારમાં નથી બલ્કે એનાથી મળતી જુલતી એક અન્ય ચીજમાં છે અને તે છે : ''ફાસિદ શરત તથા નાજાઈઝ નફો તથા વ્યાજની લેવદ દેવડ.''

ખુલાસો એ કે **કંપનીનો વેપાર હલાલ છે અને તેનાથી હાંસલ થયેલો નફો પણ હલાલ છે, પણ વ્યાજ આપવું અને લેવું એ હરામ તથા ગુનોહ છે.** હા ! જો કંપની હરામ કામ જેમ કે શરાબની લે વેચનો વેપાર કરે તો તે દરેક રીતે **હરામ** છે, એમાં તો કોઈ મુસલમાનને શંકા નથી હોઈ શકતી. અલ્લાહ બેહતર જાણનાર છે.

## શેરોની મૂડી પર ઝકાત વિશે હુકમ

**૩.** જ્યારે કંપનીમાં લાગેલી મૂડી, એનાથી વેપાર તથા એનો નફો હલાલ છે તો ઝકાત વાજિબ થવાની શરતો પૂર્ણ થવાના સંજોગોમાં એ મૂડી તથા તેના નફા પર ઝકાત પણ વાજિબ થશે. ''ફતાવા રઝવિય્યહ્''માં છે : મૂળ રૂપિયા જેટલા એના કંપનીમાં જમા છે અથવા ''માલ''માં એનો જેટલો ભાગ છે અથવા ''જાઈઝ તથા વ્યાજ વિનાના નફા''માં તેનો જેટલો હિસ્સો છે તેના પર ઝકાત લાઝિમ થશે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૭/૧૧૧, ૧૧૨, સુન્ની દારુલ ઈશાઅત)*

''જાઈઝ નફા'' તથા ''વ્યાજ વિહિન''નો શબ્દ તદ્દન કાનૂની તથા એકદમ સમૃદ્ધ છે, એનો ફાયદો એ છે કે કંપનીમાં મૂડી રોકાણથી હાંસલ થનાર નફો બે પ્રકારનો છે : જાઈઝ તથા નાજાઈઝ.

**નાજાઈઝ** તો એ નફો છે જે નફો વેપારના એક ખાસ હિસ્સાને કરજ આપવા પર વ્યાજના રૂપમાં પ્રાપ્ત થાય છે, અને **જાઈઝ** તે નફો છે જે કરજના થકી હાંસલ ન થાય બલ્કે વેપારના થકી હાંસલ થાય.

અને જેમ કે કંપનીની કાર્ય પદ્ધતિથી જાહેર છે કે ઈકવીટી શેરોવાળાઓને વેપારના થકી જે નફો હાંસલ થાય છે, કેમ કે તે કરજના રૂપે કાંઈ પણ નથી આપતા, તેઓ તો ભાગીદાર હોય છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

લખનાર : (હઝરત અલ્લામા મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી

દારુલ ઉલૂમ અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમ મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.

**નોંધ** *શેર બજાર સંબંધે હજી પણ જે કોઈ ભાઈ બહેનોને પ્રશ્ન કરવા હોય તેઓ તદ્દન ટૂંકમાં પ્રશ્નનો મૂળ મુદ્દો લખી મોકલી આપે તો ઈન્શાઅલ્લાહ ! આગામી અંકોમાં એનો જવાબ પ્રસિદ્ધ કરવામાં આવશે.*

# ઈસ્લામમાં સાચાબોલીનું મહત્વ અને આપણે !

રજૂકર્તા : મુહમ્મદ તાહિર અલી-જામનગર

લેખ હરિફાઈમાં પ્રથમ આવનાર લેખ

સારા સંસ્કાર અને સદ્‌ગુણોની તા'લીમ પણ આપણા ઈસ્લામના મૂળ પાયારૂપી શિક્ષણોમાંથી છે. લોકોની નૈતિક તથા આત્મિક સુધારણા કરવી તેના મુખ્ય હેતુઓમાંથી છે જેને પૂર્ણ કરવા માટે હુઝૂર રસૂલે ખુદા ﷺને નબી બનાવીને મોકલવામાં આવ્યા. પોતે હુઝૂર ﷺ ફર્માવે છે કે, "હું અલ્લાહના તરફથી એટલા માટે મોકલવામાં આવ્યો છું કે સારા સંસ્કારનું શિક્ષણ આપું અને તેને કમાલના દરજે પહોંચાડું."

આમ તો ઈસ્લામમાં ઘણા સારા અખ્લાક઼ અને ઉત્તમ ગુણોનું શિક્ષણ આપવામાં આવ્યું છે, પરંતુ મારે માત્ર સત્ય અને સાચાબોલીનું મહત્વ અને તેની ફઝીલત વિશે વર્ણન કરવું છે. મારા પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામમાં (સિદ્દ઼) સચ્ચાઈની એટલી મહત્વતા છે કે સર્વ મુસલમાનોને સદા સાચુ બોલવા ઉપરાંત એ વાતની પણ તાક઼ીદ કરવામાં આવી છે કે તે સદા સાચાઓની સાથે અને સત્યવાદીઓના સંગમાં રહે. કુર્આન મજીદમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે : يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ

**(અર્થાત)** : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે (રહો) થઈ જાવ !"

હદીષમાં છે કે, "જે કોઈ એવું ચાહે કે અલ્લાહ તઆલા ﷻ અને રસૂલે ખુદા ﷺથી તેને મહોબ્બત થાય અથવા અલ્લાહ અને રસૂલ તેનાથી મહોબ્બત કરે, તો સદા સાચુ જ બોલે."

સચ્ચાઈનો બીજો પ્રકાર એ છે કે કોઈને પણ જે વચન આપવામાં આવે તેને પાળવામાં આવે. કુર્આન અને હદીષમાં તેની ખાસ રીતે ફઝીલત અને તાક઼ીદ કરવામાં આવી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : وَاَوْفُوْا بِالْعَهْدِ اِنَّ الْعَهْدَ كَانَ مَسْئُوْلًا

**(અર્થાત)** : "પોતાના (દરેક) વચનોને પાળો કે (ક઼યામતના દિવસે) તમારાથી દરેક વચન બાબત પૂછવામાં આવશે."

હદીષમાં છે કે, જે "કોઈ પોતાના વચનને પાળતો નથી તેનો દીનમાં હિસ્સો નથી." હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબિલ હમ્સા رضی اللہ عنہ થી રિવાયત છે કે, નબુવ્વતના એલાન પહેલાં મેં રસૂલે અકરમ ﷺ પાસેથી એક વસ્તુ ખરીદેલી, જેની કિંમતમાંથી કાંઈ આપવાનું બાકી રહી ગયું હતું. મેં વાયદો કર્યો કે બાકીના પૈસા લઈને હમણા આવું છું. હું આ વાયદો ભૂલી ગયો. ત્રીજા દિવસે મને યાદ આવ્યું ત્યારે બાકીના પૈસા લઈને આપની સેવામાં હાજર થયો તો મેં જોયું કે આપ સરકાર ત્યાં જ ઉભેલા હતા ! આપે ફર્માવ્યું કે તે મને તકલીફમાં નાખી દીધો ! હું ત્રણ દિવસથી અહીં તારી રાહ જોઈ રહ્યો છું. *(અબૂ દાઊદ)*

આજે આપણી સામે વાયદાનું શું મહત્વ છે ? વાયદો કરીને ભૂલી જઈએ છીએ વાયદો યાદ હોય તો પણ પૂરો નથી કરતા. આપણા માટે કલાક બે કલાક ભારે પડે છે, જ્યારે રહમતે આલમ ﷺત્રણ ત્રણ દિવસ સુધી વાયદો પૂરો કરવા માટે ત્યાં જ રાહ જોઈને ઉભા રહે છે !

ઈમાનદારી પણ અસલમાં સત્યતા અને સાચાપણાનો જ એક ખાસ પ્રકાર છે. ઈસ્લામે તેની પણ તાકીદ કરી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا

**(અર્થાત)** : "અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતવાળાઓની અમાનત અદા કરો."

મિશ્કાત શરીફની હદીષ છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે, "તમે લોકો પોતાની જાતથી છ બાબતોનો વાયદો કરો તો હું તમારા માટે જન્નતનો જામીન બની જઈશ : (૧) વાત કરો તો સાચુ બોલો. (૨) વાયદો કરો તો પૂરો કરો. (૩) જો તમારી પાસે

અમાનત મૂકવામાં આવે તો તે અમાનત અદા કરો. (૪) શર્મગાહની હિફાઝત કરો. (૫) નજરો નીચી રાખો. (૬) પોતાના હાથ કાબૂમાં રાખો (કોઈને ઈજા ન પહોંચાડો.)

આ હદીષે પાકથી જાણ થાય છે કે જે કોઈ મુસલમાન આ છ બાબતો પર અમલ કરશે તો હુઝૂર સૈયદે આલમ ﷺ તે મુસલમાનને જન્નતની જવાબદારી અને ગેરન્ટી આપી છે તે જરૂર જન્નતમાં જશે. આ હદીષે પાકમાં જરા વિચાર કરો તો સત્ય અને સાચા બોલીનું મહત્વ સ્પષ્ટ થઈ જશે કે ફક્ત છ બાબતો પર અમલ કરવાથી જન્નતની જવાબદારી હુઝૂર ﷺએ આપી છે એ છમાંથી પહેલી ત્રણ બાબતો તો સત્ય અને સચ્ચાઈથી તઅલ્લુક રાખે છે. વાયદોપૂર્ણ કરવું અને અમાનતને બરાબર અદા કરવું તે સત્ય બોલવાનો જ પ્રકાર છે.

દરેક મુસલમાને હમેશાં સાચુ બોલવું જોઈએ અને ખોટુ બોલવાથી બચવું જોઈએ. સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે, "તમોએ પોતાના માટે આ વાતને જરૂરી સમજવી કે હમેશાં સત્ય બોલવું, કારણ કે તે સત્ય તમને નેકીઓ તરફ લઈ જશે અને નેકીઓ તમને જન્નત તરફ લઈ જશે. જ્યારે માણસ સાચુ બોલતો રહે છે અને સત્યને જ ચાહતો રહેશે તો ખુદાના દરબારમાં તેના માટે "સિદ્દીક઼" (હમેશાં સાચુ બોલવાવાળા)નો લક઼બ લખી દેવામાં આવે છે. ખોટુ બોલવાથી બચો કારણ કે તે તમને બુરાઈ તરફ લઈ જશે અને બુરાઈ તમને જહન્નમમાં પહોંચાડી દેશે. માણસ જ્યારે વારંવાર ખોટુ બોલે છે તો ખુદા તઆલાની બારગાહમાં "કઝ્ઝાબ" (હમેશાં ખોટુ બોલવવાળો) લખી દેવામાં આવે છે." *(તિર્મિઝી, ૨/૧૯)*

સાચુ બોલવું તે મુસલમાનો માટે કેટલી ખુશીની વાત છે કે ખુદાના દરબારમાં તેને "સિદ્દીક઼"નો લક઼બ મળી જાય છે. અને કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાએ જલીલુલ ક઼દ્ર નબીઓ અને રસૂલોને "સિદ્દીક઼" લક઼બ આપ્યો છે. જુઓ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاذْكُرْ فِى الْكِتَابِ اِبْرَاهِيْمَ اِنَّهٗ كَانَ صِدِّيْقًا نَبِيًّا

وَاذْكُرْ فِى الْكِتَابِ اِسْمٰعِيْلَ اِنَّهٗ كَانَ صَادِقَ الْوَعْدِ وَكَانَ رَسُوْلًا نَبِيًّا

وَاذْكُرْ فِى الْكِتَابِ اِدْرِيْسَ اِنَّهٗ كَانَ صِدِّيْقًا نَبِيًّا

**(અર્થાત)** : (૧) અને કિતાબમાં ઈબ્રાહીમને યાદ કરો તે સિદ્દીક઼ નબી હતા. (૨) અને કિતાબમાં ઈસ્માઈલને યાદ કરો કે તે વાયદાના સાચા અને રસૂલ, નબી (ગૈબની ખબર આપવાવાળો) હતા. (૩) અને કિતાબમાં ઈદ્રીસને યાદ કરો કે તે સિદ્દીક઼ નબી હતા.

સાચુ બોલવું નબીઓની ખાસ સિફાતોમાંથી છે અને "સિદ્દીક઼ીન" (સાચુ બોલવાવાળાઓ) પર અલ્લાહની રહમતો અને નેઅમતોની વર્ષા થાય છે. જુઓ કુર્આનમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :–

اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِنَ النَّبِيّٖنَ وَ الصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَاءِ وَالصّٰلِحِيْنَ۔

**(અર્થાત)** : "અલ્લાહે ફઝ્લ ફર્માવ્યો એ લોકો પર એટલે કે નબીઓ, સાચાઓ, શહીદો અને નેકો પર."

અને જૂઠુ બોલવાવાળાઓ પર અલ્લાહની લા'નત થાય છે. જુઓ કુર્આનમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : لَعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ۔

**(અર્થાત)** : "જૂઠાઓ પર અલ્લાહની લા'નત."

હદીષે પાકમાં છે કે ખોટુ બોલવાવાળો મો'મિન નથી થઈ શકતો. એક સહાબીએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ શું મો'મિન બુઝદિલ અને ડરપોક હોઈ શકે ? હુઝૂર સરવરે આલમે ﷺ એ ફર્માવ્યું, હા ! ફરીથી કોઈએ પૂછયું કે, શું મો'મિન કંજૂસ (લોભીયો) હોઈ શકે ? આપે જવાબ આપ્યો, હા ! ફરીથી કોઈએ પૂછયું. શું મો'મિન "કઝ્ઝાબ" (એકદમ જૂઠા) હોઈ શકે ? હુઝૂર ﷺએ જવાબ આપ્યો, નહીં ! *(મિશ્કાત શરીફ)*

ફક્ત ત્રણ બાબતોમાં ખોટું બોલવું જાઈઝ છે,

તેમાં ગુનોહ નથી : (૧) કાફિરો સાથે લડાઈ કરવી વખતે એવી જ રીતે કોઈ જાલિમ જુલ્મ કરતો હોય, તો તેના જુલમથી બચવા માટે પણ જાઈઝ છે. (૨) બે મુસલમાનોમાં વિવાદ છે અને કોઈ વ્યક્તિ તેઓની સુલેહ ઈચ્છે છે, તો તે માટે તેને કાંઈક સારા શબ્દો કહેવા, જે ખરેખર તેણે કહ્યા ન હોય જેથી બંને વચ્ચેની દુશ્મની દૂર થઈ જાય. (૩) પત્નીને રાજી કરવા કોઈ એવી વાત કહે જેનું અસ્તિત્વ ન હોય. *(આલમગીરી)*

આ ત્રણ બાબતો સિવાય ખોટુ બોલવુ જાઈઝ નથી. જૂઠાઓ પર અલ્લાહની લા'નત વરસે છે, હમેશાં ખોટુ બોલવાવાળો (કામિલ) મો'મિન નથી રહતો , છતાં આજે આપણે જૂઠથી બચતા નથી. આજના મુસલમાનો દરેક વાતમાં ખોટુ બોલતા નજર આવે છે, જયારે કે ખોટુ બોલવું ગુનાહે કબીરા (મોટો ગુનોહ) છે. મજાક મજાકમાં પણ ખોટુ બોલવાની સખ્ત મનાઈ છે. માત્ર બીજા લોકોને હસાવવા ખાતર બોલવાવાળાઓ માટે હુઝૂર રહમતે આલમ ﷺ એ બદ્દુઆ કરી છે. ફર્માવે છે કે, ''હલાકત છે તેના માટે જે લોકોને હસાવવા માટે ખોટુ બોલે છે, તેના માટે હલાકત છે ! તેના માટે હલાકત છે !''

કેટલાક નાસમજ એવું બોલતા હોય છે કે વેપારમાં ધંધામાં તો જૂઠુ બોલવું જ પડે ! તો તેઓ વિચારે કે શું ઈસ્લામે વેપારની છૂટ નથી આપી ? તો જૂઠની ઈજાઝત સાથે આપી છે ? નહીં ! બલ્કે વેપારમાં જૂઠ તથા ધોકાને હરામ ઠરાવેલ છે. ખૂદ હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામ તથા ઈમામે આ'ઝમ તથા અન્ય ઘણા બુઝુર્ગો મહાન વેપાર કરનાર હતા છતાં સચ્ચાઈથી જ વેપાર કરતા હતા અને ખૂબ જ પ્રગતિ વેપારમાં કરતા હતા. જેથી એવું કહેનારા કે ''વેપારમાં જૂઠ બોલવું જ પડે'' તેઓ પોતાના એ વાક્યથી સત્વરે તૌબા કરી લે.

હે મારા દીની ભાઈઓ ! સચ્ચાઈ ધારણ કરો, ભલે ને તેમાં તમને પોતાની બરબાદી અને મૌત દેખાતું હોય, કારણ કે અસલમાં જિંદગી અને નજાત (છૂટકારો) સત્યમાં જ છે. બધા જ જાણે છે કે પીરાને પીર દસ્તગીર હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ઈલ્મે દીન હાંસલ કરવા માટે બગદાદ જઈ રહ્યા હતા. ડાકૂઓએ આપના કાફલા પર હુમલો કર્યો. ત્યારે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ડાકૂઓ સાથે સાચુ જ બોલ્યા અને આપના સાચુ બોલવાની બરકતથી બધા ડાકૂઓએ લૂટમારથી તૌબા કરી અને બધા લોકોનો સામાન પણ બચી ગયો.

એવી જ રીતે હજ્જાઝ બિન યૂસુફ જે બહુ જ જાલિમ અને જાબિર હાકિમ હતો એક દિવસ ખુત્બો પઢી રહ્યો હતો અને તેણે ખુત્બો લાંબો કરી દીધો. તો લોકોમાંથી એક માણસ ઉભો થયો અને કહ્યું કે, હે હજ્જાઝ ! ખુત્બો પૂરો કરીને નમાઝ પઢો કે સમય ઈન્તજાર નહીં કરશે અને જો નમાઝનો ટાઈમ પૂરો થઈ જશે તો ખુદા તને માફ નહીં કરશે. હજ્જાઝ ક્રોધિત થઈ ગયો અને તે માણસને કૈદ કરાવી દીધો. નમાઝ પછી તે કૈદીના ખાનદાનવાળા હજ્જાઝ પાસે આવ્યાં અને કહ્યું કે તે કૈદીને મુક્ત કરી દો કારણ કે તે પાગલ છે તેનું માનસિક સંતુલન બરાબર નથી. હજ્જાઝ બોલ્યો કે જો તે કૃબૂલ કરી લે કે તે પાગલ છે, તો હું તેને આઝાદ કરી દઈશ. તે લોકો કૈદી પાસે આવ્યા અને કહ્યું કે તું કૃબૂલ કરી લે કે તું પાગલ છે, જેનાથી તને કૈદથી છૂટકારો મળી જશે. તે કૈદીએ કહ્યું કે ''મઆઝલ્લાહ ! ના ! આવું મારાથી નહીં થશે ! હું ખોટુ નથી બોલી શકતો. ખુદાએ મને તંદુરસ્ત રાખ્યો છે. મારું માનસિક સંતુલન બરાબર છે, હું પાગલ નથી. છેલ્લે જયારે હજ્જાઝને આ વાતની જાણ થઈ તો તેના ''સાચુ બોલવા''ના કારણે તેને માફ કરીને કૈદથી આઝાદ કરી છોડી મૂકયો. *(મખ્ઝને અખ્લાક, ૪૨૫)*

ઉપરોક્ત કુર્આન, હદીષ અને વાક્યાઓની રોશનીમાં જાણવા મળ્યું કે સત્યમાં જ ભલાઈ જ છે. સાચુ બોલવામાં જ ફાયદો છે. સાચાઓ પર અલ્લાહની રહમત વરસે છે. સાચું બોલવામાં નજાત અને છૂટકારો છે, અને ખોટુ બોલવામાં નુકસાન સિવાય બીજુ કાંઈ નથી. અલ્લાહ તઆલા સર્વે મુસલમાનોને હમેશાં સાચુ બોલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# ઈસ્લામના વિરોધીઓના નવા હથિયારને સંયમથી નિષ્ફળ બનાવો !!!

રજૂકર્તા : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

શૈતાન રૂશ્દીનું શૈતાની આયતો, બેહયા તસ્લીમા નસ્રીનનું લજ્જા, તેમજ અન્ય ગુસ્તાખોનાં રંગીલા રસૂલ અને બોયા પીટર બબૂલકા જેવાં શૈતાની પુસ્તકોની લિસ્ટમાં એક અન્ય નવું નામ જોડાય ગયું છે : **The Jewel of Madina**. આ પુસ્તક પણ ઈસ્લામ શત્રુઓના ષડયંત્રનો એક ભાગ છે જે તેઓ સેંકડો વર્ષથી મુસલમાનો વિરુધ્ધ કરતા આવ્યા છે. ઈસ્લામ પોતાના માનવાવાળાઓને એ વાતની અનૂમતિ નથી આપતો કે તેઓ કોઈ અન્ય ધર્મના રેહનુમાનું અપમાન તથા તૌહીન કરે, તેમના ધાર્મિક તથા મઝહબી નિર્દેશોનો મઝાક ઉડાવે, ત્યાં સુધી કે કાફિરો તથા મુશ્રિકોના જૂઠા મઅબૂદોને પણ ગાળો આપવાથી મના કરવામાં આવ્યું છે, કેમ કે જો કોઈ મુસલમાન એવું કરશે તો તેઓ તેના જવાબમાં અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّم ની શાનમાં ગુસ્તાખીઓ કરશે, અંબિયા તથા અવલિયાની બેઅદબી કરશે. ઈસ્લામ ફકત મસ્લેહત તથા હિકમતભર્યા ઉપદેશો દ્વારા પોતાની વાતો ઈન્કાર કરનારાઓ સમક્ષ રજૂ કરવાનો હુકમ આપે છે. અલ્લાહના માર્ગ તરફ તેના બંદાઓને આમંત્રિત કરવાનો આ જ તરીકો ઈસ્લામે પોતાના ચાહકોને બતાવ્યો છે. પરંતુ ઈસ્લામના દુશ્મન માટે કોઈપણ નિયમ તથા કાયદો નથી એટલા માટે તેઓ જ્યારે અને જે રીતે ચાહે છે ઈસ્લામ તથા પૈગંબરે ઈસ્લામની શાનમાં ગુસ્તાખીઓ કરતા રહે છે.

## ★ ઉશ્કેરણીજનક ક્રમની એક કડી ★

મલ્ઊન "રુશ્દી"ના પુસ્તક "શૈતાની આયતો"નો ઝેરી વાયુ હજુ વાતાવરણમાંથી નાશ પામ્યો નથી. આ ગુસ્તાખીથી પરિપૂર્ણ પુસ્તકને આજે પણ યૂરોપ તથા અમેરિકામાં આઝાદી પ્રાપ્ત છે. જ્યારે આ નિર્લજ્જ તથા બેશર્મીભર્યા પુસ્તક વિરુધ્ધ સંપૂર્ણ ઈસ્લામી જગત આંદોલનમય બની ગયું હતું તો પણ પશ્ચિમી દેશોએ એવું કહીને લાચારી વ્યક્તિ કરી કે દરેકને પોતાના વિચારો વ્યક્ત કરવાની આઝાદી છે. આ પુસ્તકને છાપવાની તેમજ પ્રસિદ્ધ કરવાની ઉઘાડી છૂટ આપી, ડેન્માર્કના સમાચાર પત્રમાં પ્રસિદ્ધ થયેલ ગુસ્તાખીભર્યા કાર્ટૂનોને સર્વ પશ્ચિમી દેશોએ પોતાની હિમાયત આપી, બાંગ્લાદેશની મલ્ઊન લેખિકા કુર્આનથી બગાવત કરનારી તસ્લીમા નસ્રીનને ભારતથી લઈને ફ્રાંસ સુધી દરેક જગ્યાએ આવકાર મળ્યો. આ સર્વે કૃપાઓનો હેતુ એક માત્ર એ જ હતો કે આ શૈતાનોએ પોતાનો લક્ષ ઈસ્લામ અને પૈગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم ને બનાવ્યો હતો. આવા જ લાનતભર્યા લેખકોથી માર્ગદર્શન પામી "શેરી જોન્સ (**Sherry Jones**) નામની એક યહૂદી ઔરતે **The Jewel of Madina** "નામનું એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તક માત્ર ગુસ્તાખીપૂર્ણ જ નથી બલ્કે અત્યંત બેહૂદા તેમજ શરમજનક પણ છે.

## ★ સર્બિયામાં પુસ્તક પ્રસિધ્ધ થયું ★

**The Jewel of Madina** એટલુ ઉત્તેજનાત્મક તથા ભડકીલું પુસ્તક છે કે અમેરિકી પબ્લિશરોએ એવું કહીને તેને પ્રસિદ્ધ કરવાની ના પાડી આપી હતી કે આ (પુસ્તક) રૂશ્દીની શૈતાની આયતોથી પણ હજારગણુ વધારે ઉશ્કેરણીજનક તથા ભડકીલુ છે. તેને પ્રસિદ્ધ કરાવવાથી તનાવ તથા ઝઘડા ફસાદની આગ ભડકવાની આશંકા છે. આ પુસ્તકનું નિરીક્ષણ કરનાર અમેરિકી પ્રોફેસર "સ્પેલ બર્ગે" તેને એવું કહીને નકારી કાઢયું કે તે એક અનાડી, તુચ્છ તેમજ પછાત તબકાનું બિભત્સ પુસ્તક છે. આ કિતાબની લેખિકા "શેરી જોન્સ" પોતે સ્વીકાર કરે છે કે તેણીને આ પુસ્તકની પ્રેરણા સલ્માન

રૂશ્દીના "શૈતાની આયતો" પુસ્તક વડે મળી અને હવે આ પુસ્તકને સર્બિયામાં પ્રકાશિત કરી આપવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં વિશેષ રીતે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ની શાનમાં ગુસ્તાખી કરવામાં આવી છે. તેમના અખ્લાક઼ તથા ચરિત્ર ઉપર નીચ હુમ્લાઓ કરવામાં આવ્યા છે, અને રસૂલુલ્લાહ ﷺ ની સાથે તેમની શબે ઝુફાફ (સુહાગરાત)નું દૃશ્ય અત્યંત બિભત્સ અંદાઝમાં રજૂ કરવામાં આવેલ છે જે કોઈપણ મુસલમાનના લોહીને ઉશ્કેરવા માટે પૂરતુ છે. મુસલમાન તમામ અઝવાજે મુતહ્હેરાત رضی اللہ عنہن ને ઉમ્મતે મુસ્લેમાની માંઓ સ્વીકારે છે, અને તેઓની શાનમાં ગુસ્તાખીને દુનિયાનો સૌથી મોટો અપરાધ સમજે છે. આ પુસ્તકમાં એવી ગુસ્તાખીભરી વાતો રજૂ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ કોઈ મુસલમાનની સામે કહી આપે તો તેનું ખૂન ઉકળી ઉઠે.

આ પુસ્તક સર્બિયામાં પ્રકાશિત થતાંની સાથે જ ત્યાંના મુસલમાનોમાં બેચૈની ફેલાઈ ગઈ. સર્બિયાના મશ્હૂર મુસ્લિમ રહનુમા મુફ્તી મોઅમ્મર ઝકૂર બિકે તેને પ્રસિદ્ધ કરનાર કંપની બ્યુ બકસથી સંપર્ક કરીને તેને માર્કેટથી પરત કરવાની માંગણી કરી જેને કંપનીએ મંજૂર કરી લઈ તેની એક હજાર કોપીઓ જે અલગ અલગ બુક સ્ટોલો ઉપર વેચાણ માટે પહોંચી ગઈ હતી તેને પાછી મંગાવી લેવામાં આવી. પુસ્તકના પ્રકાશન અંગે કંપનીના પ્રમુખ એલેગ ઝન્ડર જૈસિકે સર્બિયાના મુસલમાનોથી માફી માંગતાં કહ્યું કે કંપનીનો હેતુ કોઈના દિલને ઠેસ પહોંચાડવાનો ન હતો. તેમણે કહ્યું કે અમે પુસ્તકની તમામ કોપીઓ પરત મંગાવી લીધી છે અને આશા રાખીએ છીએ કે આ ઘટના અહીં જ સમાપ્ત થઈ જશે. મુફ્તી મુઅમ્મર ઝકૂરે પણ મુસલમાનને શાંત રહેવાની અપીલ કરી છે.

### ★ મુસલમાનોને ઉશ્કેરવાનું હથિયાર ! ★

તમામ હક઼ીક઼તો હોવા છતાં એ સમાચાર પણ મળ્યા કે પત્રકાર શેરી જોન્સનું પુસ્તક **The Jewel of Madina** ઈસ્લામ શત્રુઓના હાથોમાં એક તાજા હથિયારના રૂપમાં આવી ગયું છે. કાર્ટુનની ઘટના જૂની થઈ ચૂકી છે, હવે મુસલમાનોને આ પુસ્તક દ્વારા ઉશ્કેરીને ભડકાવવામાં આવશે. ભલે અમેરિકાની એક કંપનીએ તેને પ્રકાશિત કરવાથી ઈન્કાર કર્યો છે અને સર્બિયાની એક કંપનીએ પ્રસિદ્ધ કર્યા બાદ પુસ્તકની કોપીઓ માર્કેટથી પાછી મંગાવી લીધી છે, પરંતુ પશ્ચિમી દેશોના ઘણાયે પબ્લિશરો તેને પ્રકાશિત કરવા માટે બેચૈન જોવા મળે છે. મળેલ સમાચાર મુજબ હવે આ પુસ્તકને મોટા પાયા ઉપર છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવશે અને મુસલમાનોને ઉશ્કેરીને સડકો ઉપર વિરોધ દર્શાવતાં આંદોલનો માટે મજબૂર કરવામાં આવશે અને પછી તેમના સીનાઓને ગોળીઓ વડે ચારણી કરવામાં આવશે. *(નઈ દુન્યા, ૧ થી ૭, સપ્ટેમ્બર–૨૦૦૮)*

### ★ મુસલમાનો આટલુ તો કરે ! ★

મુસલમાનોએ જોઈએ કે વિવિધ ટ્રીકો વડે તેમને ઉશ્કેરવા માંગતા આવા દુશ્મનોને કામયાબ ન થવા દે અને ઉશ્કેરણીથી બચે અને યોગ્ય રાહે પાકા પાયે ક઼દમો ઉઠાવવા કોશિશ કરે અને ખાસ તો એ કે ઈસ્લામને વધુને વધુ મજબૂતીથી પકડી રાખે અને અધિકથી અધિક ઈસ્લામી બને, સુન્નતોના પાબંદ બને, ઈસ્લામિક ડ્રેસોને ભાઈઓ બહેનો અપનાવે, પશ્ચિમી નગ્નતાભર્યા ડ્રેસો તથા અંગ્રેજી લિબાસોને બદલે મુસલમાન જણાય તેવા ડ્રેસો પહેરે, સ્ત્રીઓ પર્દો કરે, પુરૂષો દાઢીઓ રાખે અને નમાઝ વગેરેના પાબંદ બને અને ઈસ્લામી અખ્લાક઼ સાથે પબ્લિકમાં વર્તે, મુસલમાનો ઈસ્લામથી વિરુદ્ધ ન વર્તે બલ્કે સારા સંસ્કારો નબી પાક ﷺ ના સૂચવેલા જે છે તેના પર મજબૂતીથી જામી જઈને ઈસ્લામની ઉમદા છાપ પાડી બતાવે તો આપોઆપ ગૈરો પણ ઈસ્લામની પ્રતિ ખેંચાઈ આવશે. સાચા અર્થમાં મુસલમાન બનશો તો દુનિયા તમારા ક઼દમોમાં આવી જશે.

# સ્ત્રીઓ માટે એજ્યુકેશન જરૂરી છે પરંતું..........

રજૂકર્તા
ઈમ્તિયાઝ અલ્વી કુરચણવી
(મુતઅલ્લિમ અલ જામિઅતુલ્ અશરફિયા–મુબારપુર, યુ.પી.)

મુસલમાન સ્ત્રીઓને એ વિચારવું જરૂરી છે કે પોતે અને બીજી સ્ત્રીઓમાં જેઓ ઈસ્લામથી કોઈ સંબંધ નથી ધરાવતી, ન ખુદા અને રસૂલ પર તેમનું ઈમાન છે તેમનામાં કોઈ તફાવત હોવો જોઈએ કે નહીં ? થોડીક પણ ઈસ્લામી શરમ હોત તો બધી જ ઈસ્લામી બહેનો પોતાના નબીનો કલમો પઢવાવાળી અને હઝરત આઈશા رضي الله عنها તથા હઝરત ફાતિમા رضي الله عنهاના નામ પર જાન આપવાવાળી સ્ત્રીઓ જરૂર એવું કહેવા અને માનવા માટે મજબૂર સમજતી કે ખરેખર ! મુસલમાન સ્ત્રીઓ અને બીજી સ્ત્રીઓમાં કાંઈક ફર્ક હોવો જોઈએ. બધી જ સ્ત્રીઓ બરાબર નથી થઈ શકતી.

મુસલમાન સ્ત્રી અને કાફિર સ્ત્રીનું ઉદાહરણ એ રીતે સમજો કે એક માણસ જેલમાં છે અને બીજો માણસ જેલની બહાર છે, બંનેના કામકાજમાં જરૂર ફર્ક હશે. જે માણસ જેલથી આઝાદ છે એ પોતાની આદત પ્રમાણે હરે ફરે છે, ખાઈ છે, પીએ છે, હસે છે અને બોલે છે, તે અલગ રીતનો માલિક છે. અને જે જેલમાં બંધ છે તે બિલ્કુલ જુદી રીતે જીવન પસાર કરે છે, તેનું ખાવાનું અલગ છે, જે પણ મળે તે ખાય છે, જ્યાં રાખવામાં આવે છે ત્યાં રહે છે, જે કામ કરાવવામાં આવે છે તે કરે છે અને જે કામથી રોકવામાં આવે છે તેનાથી રોકાઈ જાય છે. જ્યારે પણ જ્યાં જવું હોય ત્યાં જઈ નથી શકતો, જ્યારે પણ જેની સાથે મળવા ચાહે તેને મળી નથી શકતો. જ્યારે કે ખાવાનુ, પીવાનુ, રહેવાનુ, સેહવાનુ, મળવાનુ, જુલ્વાનુ એને પણ છે પરંતુ બધી જ રીતે જેલના કાનૂનનો પાબંદ છે. આ જ મુસલમાનનો પણ હાલ છે, ચાહે તે સ્ત્રી હોય કે પુરૂષ આપણે આપણી રીતે આઝાદ નથી કે જ્યારે પણ જે વસ્તુ ચાહીએ ખાઈએ પીએ, જ્યાં જવુ હોય ત્યાં જઈએ અને આવીએ, પરંતું આપણે તો અલ્લાહ તઆલાના કેદી છીએ, તેના રસૂલના ગુલામ છીએ, ખુદા અને તેના રસૂલના કાનૂનનાં બધી જ રીતે પાબંદ છીએ. જેમ કે હદીષે પાક છે : **(તર્જુમો)** : ''દુનિયા મો'મિનો માટે જેલખાનુ છે અને કાફિરો માટે જન્નતના જેમ છે.'' *(જામે સગીર, સુયૂતી, હદીષ : ૪૨૭૭, પેજ–૨૬૦)*

જેથી કાફિર અહીંયાં આઝાદ છે અને મો'મિન આઝાદ નથી. જે અહીંયા આઝાદ છે તે આખેરતમાં આઝાદ નથી બલ્કે જહન્નમમાં નાંખવામાં આવશે અને મો'મિન જન્નતની બહારોમાં ખુશહાલ અને આઝાદ હશે.

હવે જો કોઈ મુસલમાન સ્ત્રી પોતાને કાફિરા સ્ત્રીની જેમ આઝાદ સમજે અને ધર્મને છોડીને ફેશનના પાછળ દોડે તો તે પોતાને ખરેખર આઝાદ સમજે છે. અને જે સ્ત્રી પોતાને આઝાદ ગણાવણી હોય તો તે મો'મિના, પારસા, ખુદાની બંદી અને રસૂલની કનીઝ કઈ રીતે થઈ શકે છે ? કારણ કે તેણે તો કાફિરા સ્ત્રીઓનું ચાલ ચલન અપનાવી લીધું છે અને ખુદા عزوجل તથા તેના રસૂલ صلى الله عليه وسلمના નિયમોને તથા બંધારણોને પીઠ પાછળ નાખી દીધાં છે અને જેઓ ખુદા અને રસૂલના ખુલ્લમ ખુલ્લા નાફર્માન હશે તેમનો અંજામ શું થશે તે જાતે જ વિચારવું જોઈએ.

હવે એ પણ વિચારીએ કે જે માણસ જિમ્મેદાર હોય છે તે વિચારીને કદમ રાખે છે, સોચી વિચારીને જિંદગી વિતાવે છે, પરંતુ જે માણસ ગેર જિમ્મેદાર હોય છે તેને કાંઈ સોચવું પડતું નથી. અને મુસલમાન એક જિમ્મેદાર કૌમ છે, મુસલમાન પુરૂષ હોય કે સ્ત્રી તેમણે આઝાદ થઈને નહીં પણ પાબંદ રહીને જિંદગી ગુજારવાની છે, જિમ્મેદારીનો રવૈયો અપનાવાવાનો છે. પોતાની આબરૂ અને ઈજ્જતનો ખયાલ કરવાનો છે, બેપર્દગીનો રવૈયો અપનાવવાનો નથી. ખુદા عزوجل અને તેના પ્યારા રસૂલ صلى الله عليه وسلمને નારાજ નથી કરવાના એટલા માટે કે મુસલમાનોની કામયાબી એમાં જ છે કે તે અલ્લાહ عزوجل અને તેના પ્યારા રસૂલ

ﷺની ફર્માંબરદારી કરીને જિંદગી પસાર કરે.

**(તર્જુમો)** : "અલ્લાહ અને તેના રસૂલના ફર્માંબરદાર થઈ જાવ એ અપેક્ષા કરીને કે તે તમારા ઉપર રહમ કરે." *(સૂરએ આલે ઈમ્રાન, ૩/૧૨૩)*

એટલે કે તમે અલ્લાહ ﷻના રહમો કરમની ભીખ માંગવાવાળા હોઉ તો તેની અને તેના પ્યારા રસૂલ ﷺની ફર્માંબરદારીમાં લાગી જાવ. જો તેમાં ગફલત કરી અને નાફર્માનીને પોતાની આદત બનાવી લીધી તો પછી તમે તેના રહમો કરમથી દૂર થઈ જશો. અને દુનિયા તથા આખિરતમાં કામયાબ કઈ રીતે થશો ?

મુસલમાન માં બહેનો માટે પ્યારા આકા ﷺનું ફર્માન છે : **(તર્જુમો)** : સ્ત્રી પર્દાની ચીજ છે જ્યારે પણ પર્દા વગર નીકળે છે ત્યારે શૈતાન તેના તરફ તાકે છે."

સરકારે દો આલમ ﷺનું દર્દભર્યું ફર્માન કોના માટે છે ? મુસલમાન સ્ત્રીઓ માટે જ તો છે ! હવે આ મુસલમાન સ્ત્રીઓ બીજા લોકોના જેમ ફેશનનો શૃંગાર કરીને નીકળે તો શું અંજામ થશે ? શું એ અંજામ નહીં થાય જે વર્તમાન ન્યુઝ પેપરોમાં (બળાત્કાર, આપઘાત વગેરે વિશે) વાંચવામાં આવે છે ? શું ન્યુઝ પેપરમાં છપાઈને આવતી ભયાનક ખબરો આપણી આંખો ખોલવા માટે કાફી નથી ? શું જ્યારે બધાની ઈજ્જત લૂટાઈ જશે ત્યારે હોશ આવશે ?!

આજે તા'લીમ અને પ્રગતિના નામે આપણી જુવાન છોકરીઓ બેશર્મી (બેહયાઈ)ના કેવાં કરતૂતો રચી રહી છે તે આપણી આંખોથી છુપાયેલુ નથી.

આજની ફેશનેબલ ટુકડી અને પશ્ચિમી દેશોની આશિક઼ વ્યક્તિ પર્દા વિશે વાતો સાંભળીને કહે છે કે આ મૌલ્વીઓ છોકરીઓને શિક્ષણ (એજ્યુકેશન)થી રોકે છે !

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! મૌલ્વી હઝરાત શિક્ષણથી નથી રોકતા, પરંતુ પર્દા સાથે નીકળવાની તાકીદ કરે છે, અને તે પણ પોતાના તરફથી નહીં ! હમણા આપણે પ્યારા રસૂલ ﷺનું ફર્માન વાંચ્યું તો શું આ મૌલ્વીઓની પોતાની વાત છે ? ના ! ના ! પરંતુ તે રસૂલ ﷺની વાત છે જે ઈન્સાનોની ભલાઈ અને માર્ગદર્શન માટે દુનિયામાં આવ્યા, જેમની આદત અને ચાલ ચલન અપનાવવુ આપણા માટે નેકબખ્તી (સદ્નસીબી) છે.

જેમ કે અલ્લાહ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે : **(તર્જુમો)** : "અને અમે કોઈ રસૂલને નથી મોકલ્યા પણ એટલા માટે કે અલ્લાહ તઆલાના હુકમથી તેમનું આજ્ઞાપાલન કરવામાં આવે."

આથી બે વાતોની બિલ્કુલ સાફ રીતે જાણ થઈ કે અંબિયા عليهم السلامને મોકલવાનો મક઼સદ એ હતો કે તેમની ઉમ્મત એમની ફર્માંબરદારી કરે.

બીજી વાત એ કે આ ફર્માંબરદારી તમારે તમારી રીતે નથી કરવાની પરંતુ એ સમજીને કરવાની છે કે એમનું આજ્ઞાપાલન કરવાનો હુકમ અલ્લાહ તબારક વ તઆલાએ આપેલો છે, બીજા કોઈએ નથી આપ્યો.

હવે એ લોકો વિચાર કરે જેઓ શરીઅતના હુકમ અને રસૂલુલ્લાહ ﷺના ફર્માનો જણાવવામાં આવે ત્યારે કહે છે કે, "આ બધું મૌલ્વીઓએ કાઢેલું છે !" આ કેટલી ખરાબ વાત છે ? તે લોકો ખુદાની બારગાહમાં શું જવાબ આપશે ? જ્યારે તે ફર્માવશે, "અમે રસૂલોને ફર્માંબરદારી માટે જ તો મોકલ્યા હતા પછી તમે શા માટે ફર્માંબરદારી ન કરી ?!"

પ્યારા વાંચકો ! પર્દા વિશે હું કાંઈ લાંબી વાત નથી કરવા માંગતો. એના માટે ફુક઼હાના કથનો મૌજૂદ છે જે તેમણે રસૂલે પાક ﷺની હદીષને સામે રાખીને આપણી સમક્ષ રજૂ કર્યા છે. મારે અહીંયા માત્ર એટલું જ જણાવવું છે કે આજે મુસલમાન ભાઈ બહેનોને શું થઈ ગયું છે કે શરઈ અને જરૂરી પર્દાને પણ ભૂલાવી દીધો છે. દિલોમાંથી ખુદાનો ખૌફ (ડર) શા માટે નીકળી ગયો ? આજે માત્ર શિક્ષણ અને પ્રગતિને બહાનું શા માટે બનાવવામાં આવે છે ? શું ભૂતકાળમાં બુઝુર્ગોની પત્નીઓ જ્ઞાનવાળી વિદ્વાન ન હતી ? તેમનામાં ફક઼ીહા, આલિમા, મુહદ્દિષા ન હતી ? પરંતુ તેમણે શરીઅતની હદ પાર કરીને ઈલ્મ હાંસલ નથી કર્યો ! બલ્કે ખુદા અને રસૂલના હુકમો પર ચાલીને ઈલ્મી સફર પાર કર્યો હતો. **આજે પણ સ્ત્રીઓ પર્દો કરીને શરીઅતની હદમાં રહીને ઈલ્મ (વિદ્યા)થી સંવરી શકે છે. શું પ્રગતિ**

**અને તા'લીમમાં આગળ વધવા માટે છોકરીઓનું બની ઠનીને રૂપની રાણી બનીને નીકળવું જરૂરી છે ? શું (ચુસ્ત) કપડાં ધારણ કરીને જ શિક્ષણ મળી શકે છે ? શું જવાન છોકરાઓ સાથે દોસ્તી કરીને જ પ્રગતિના મેદાનમાં પગ મૂકી શકાય છે ? શું પોતાની ઝીનતની જગા (ફીગર) અને શરમજનક જગાઓને દેખાડવાથી જ શિક્ષણ (ઈલ્મ) અને નોલેજમાં આગળ આવી શકાય છે ? શું છોકરાઓ તથા છોકરીઓની મિશ્ર શાળાઓ જ શિક્ષણ (તા'લીમ) મેળવવાનો એક રસ્તો છે ? શું રસ્તામાં મેકઅપ તથા સેટની ખૂશ્બુ લહેરાવીને ચાલવું એ જ તા'લીમ મેળવવાનો એક રસ્તો છે ? શું રસ્તામાં જોર જોરથી વાતો કરીને ચાલવાથી જ સ્કૂલનો રસ્તો કપાઈ છે ? શું છોકરા છોકરીઓના પહેરવેશ, ચાલ-ચલન, વાતચીત અને વાતો કરવાના અંદાજમાં કંઈ ફર્ક (તફાવત) હોવો જોઈએ કે નહીં ?**

હું તો સમજું છું કે જે માં તથા બાપમાં ખુદાનો ડર તથા પરહેઝગારીની થોડીક પણ ઝલક હશે તે પોતાની છોકરીઓને જરૂર બાહયા તેમજ પારસા (પવિત્ર) બનાવવામાં દિલચસ્પી લેશે. સાંભળો ! હદીષે પાકમાં છે : ''હયા (શર્મ) ઈમાનનો એક હિસ્સો છે.''

જો શરમ નથી તો એ ઈમાનની કમજોરી છે અને જ્યારે ઈમાન કમજોર હશે તો બધી જ બુરાઈઓના દરવાજા ખુલતા જશે.

આજે ઘણા જાણકાર મુસલમાન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલ તથા કોલેજ ખોલે છે, પરંતુ તેમના અને યૂરોપિયન સ્કૂલોના માહોલમાં થોડોક પણ તફાવત નજર નથી આવતો. તે લોકો પોતાના નક્કી કરેલા ડ્રેસની તો ખૂબ જ પાબંદી કરે છે પણ મુસલમાન જુવાન છોકરીઓના પર્દા વિશે કાંઈ વિચારતા નથી ! તે સ્કૂલોમાં અભ્યાસ આપવાવાળી મેડમો જાતે જ બેહયા અને પર્દા વગરની હોય છે તો પછી તે પોતાની વિદ્યાર્થીનીઓને પર્દા અને હયાની તા'લીમ કઈ રીતે આપે શકે ?! કેટલીક જગાઓ પર જુવાન છોકરીઓને જુવાન પુરૂષ ટીચર પર્દા વગર પઢાવે છે. આ કઈ રીતે મુસ્લિમ સ્કૂલ છે જ્યાં ઈસ્લામની જરૂરી તા'લીમને જ પડતી મૂકવામાં આવે છે ! અને નામ રાખવામાં આવે છે, ''મુસ્લિમ ગર્લ્સ સ્કૂલ ! મુસ્લિમ કોલેજ વગેરે.''

પ્યારા વાંચકો ! છોકરી બાલિગ છે અથવા બાલિગ થવાની નજીક છે તો તેના ઉપર એટલો પર્દો જરૂરી છે કે હાથની હથેળી અને કાંડા સિવાય કોઈ પણ અંગ ખુલ્લુ ન રહેવું જોઈએ. વાળો સર્વ તથા માથુ આખુ પર્દામાં હોય, કાન, કાનપટ્ટી અને ગળુ બિલ્કુલ ઢાંકેલુ હોય, પણ ગુંટી સુધી ઢાંકેલાં હોવાં જોઈએ, ચેહરો પણ જમાનાની હાલતને સામે રાખીને ઢાંકેલો હોય તો બેહતર છે. એટલા માટે કે બીમાર દિલોને ખરાબ નજર નાખવાનો અવસર ન મળે. અને બાહયા સ્ત્રીઓ જાતે જ એવું નહીં ચાહે કે બીજાઓને એવો અવસર મળે અને પોતાની ઈજ્જત પર આંચ આવે. તેમજ સીના (છાતી)ની હિફાઝત એ રીતે કે પર્દા ઉપર પણ પર્દો હોય એ પણ જરૂરી છે, અને એમાં જ ફિત્નાથી વધારે બચાવ છે. એ પણ જાણી લોકે જુવાન સ્ત્રીઓ અથવા છોકરીના ચેહરા પર શેહવત (વાસના)ની નિય્યતથી નજર નાખવી એ તો હરામ જ છે, પણ તેના સિવાય જરૂરત ન હોય તો મના છે.

અહાદીષ અને ફુકહાએ કિરામના અક્વાલની રોશનીમાં પર્દાનો ઘણો સારો હુકમ મેં વર્ણન કર્યો. ઈમાનવાળાભાઈઓથી મને એ ઉમ્મીદ છે કે પોતાની છોકરીઓને તેના પ્રમાણે રહેવાની ટકોર કરશે.

અને અંતમાં એ પણ વર્ણન કરતો ચાલુ કે પોતાની છોકરીઓને ''જન્નતી ઝેવર'' જે શૈખુલ હદીષ અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْ અથવા ''સુન્ની બહિશ્તી ઝેવર'' જે મુફતી ખલીલ ખાન બરકાતીએ લખેલી છે તેનો અભ્યાસ જરૂર કરાવે, એટલા માટે કે તેમને ઈસ્લામનું જરૂરી શિક્ષણ મળી શકે અને પર્દા વિશે પણ વિગતથી જાણી શકે અને યાદ રાખો.

**તા'લીમ લળકિયોં કી ઝરૂરી તો હૈ મગર ખાતૂને ખાના હો, વો સભા કી પરી નહીં !**

# FEAR OF ALLAH
## SIGNS AND REASONS

**Fatimah Zehra** *-Leicester (U.K.)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**"Fattaqul Laaha Wa Aslihu Dhaata Baynikum; Wa Atee'ullaaha Wa Rasoolahu Inkuntum Mu'mineen."** The last article touched upon the topic of the Fear of Allah, and Allah-Willing, this article will continue to embellish on this topic. It was affirmed that as Muslims, we should have the residual fear of our Lord in our hearts and be aware of our thoughts and actions at all times possible; Allah states in the Holy Qur'an, **"Fattaqul Laaha.."** *'Then fear Allah..'* **"Wa Aslihu Dhaata Baynikum;"** *'and set things right among yourselves;'* **"Wa Atee'ullaha Wa Rasoolahu Inkuntum Mu'mineen."** *'and obey Allah and His Messenger, if you believe.'* (Al-Anfal) From this verse, we learn that to believe is the element – it is the underlying factor to everything a true Muslim does – and it is not a mere belief (that the majority tend to have today) where we simply learn the basics as though it were a subject and get on with our lives in whatever way we wish, but a belief on par with that of the Companions (Sahaba) of Rasoolullah Sallallaho 'Alaihi Wasallam, his followers (Tabi'een/Taba Tabi'een), the Friends of Allah (Awliya) and the true devotees of Hazrat Muhammad Mustafa Sallallaho 'Alaihi Wasallam. This belief needs to be concrete, cemented in to our hearts, our minds and our way of life. Only then is it truly possible for us to obey Allah, the Almighty and His Beloved Prophet Sallallaho 'Alaihi Wasallam as has been commanded to us, and, in turn, only then is it possible for us to understand what fearing Allah actually means. Why? Because, by this point, we will have some idea of what actions and what deeds please and displease our Lord, and the consequences of doing so. The following subsections aim to cover but a few of them, Insha-Allah.

In order to ascertain whether what we are doing is right or wrong, we must first look at ourselves, what we do physically. There are seven main body parts that we should be aware of and how they show us that there is a lack of fear in our hearts: 1) the tongue, when one backbites, talks evil (lying, spreading rumours etc) and engages in frivolous gossip, it shows that there is very little concern with regards to Allah and His Commands; 2) when the heart is full of hatred, enmity and jealousy; 3) when one consumes and puts impermissible (haram) provisions in to their stomach; 4) when the ears (intentionally) listen to impermissible things; 5) when the eyes wander to and view impermissible things; 6) when the hands extend for unlawful (haram) purposes; 7) when the feet walk towards unlawful places; and also, when one performs good deeds for the sake of showing other people, and not for the sake of Allah.

Remember! On the Day of Reckoning, when we shall be standing in front of our Creator, our very own body parts will be given a voice by Allah Az Zawajjal and they will be crying out what we have forced them to do; the tongue will say, "O Allah! This slave of yours would continuously force me to speak evil, gossip and backbite" and then it

would go on to state every thing uttered from the moment of birth to the time of death by that person. The ears will say, "O Allah! This person would continuously force me to listen to evil" and then the ears would go on to state everything the person had listened to (including eavesdropping, listening to rumours, listening to music etc) from the moment of birth until the time of death. The eyes will say, "O Allah! This person would continuously force me to view evil" and then the eyes would go on to state everything they have been forced to see from the moment of birth until the time of death; and so on and so forth, until every single body part has spoken out. On that Day, there will be no hiding, there will be no shying away from our (bad) deeds, and we will indeed be given what we deserve. From this, we learn that it is important for us to use our tongues for what is good: to speak about Allah Az Zawajjal and His Prophets 'Alaihimus Salaam, to recite Qur'an, Ahadith, Duroord Shareef, and to spread knowledge; likewise, we should do the same with our eyes and ears; we should remove any negative feelings that blacken our hearts, and fill it with love; we should always be aware of what we consume and ensure that it is indeed permissible (halal); we should extend our hands for the goodness of Islam and we should only travel to places decreed as lawful by Islamic Shari'ah (Islamic Law).

**N.B.** It is important to note that the body parts will also state the good deeds we have performed.

Now that we have briefly looked at how we can personally tell if we are not taking steps to fearing Allah and how we can overcome them, let us focus on when we should be wary of and fear Allah and for what reasons. As Muslims, we should be fearful that death claims us before we are able to repent; we should be afraid of repenting and then breaking the promise made to Allah (of not committing that bad deed); we must fear that we are not fulfilling our duties and obeying Allah and His Prophet Sallallaho 'Alaihi Wasallam as we should; we should be afraid of hardening our hearts from feelings of mercy, love, kindness etc.; we should be afraid of losing consistency (in our worship); we should be afraid of allowing our temptations to dominate our lives; we must fear being beguiled by the glitter of this world; we must fear that Allah never show us such a day when we perform good deeds out of conceit (for other people); we should be afraid lest we become arrogant and egotistical because of the bounties Allah has blessed on us; we should be afraid of being distracted from (worshipping) Allah by other worldly creations (i.e. idolatry); we should be afraid of being led to an evil ending through excessive bounties; we must fear being punished in the world for our sins; we must fear being disgraced at the time of death; we must fear dying a horrible and painful death; we must fear the pangs of death; we must fear the questioning in the grave; we must fear the Day of Resurrection; we should be afraid for the time when we will be standing in front of our One and Only Creator; we must fear the moment when we are questioned about every little detail of our worldly lives; we must fear Hell, its fires, its chains and its torments; we must fear being deprived of Paradise and we must fear being deprived from seeing the tremendous visage of Allah Az Zawajjal, our Master and our Creator.

As can be noted, the above-mentioned covers everything that can happen in our worldly life and the hereafter. There is not a moment there where we should relax and forget about Allah and the duties assigned to us, in turn, failing to fear Allah, the Almighty. It has been written by Imam Ghazali Rehmatullahe 'Alaih that the jurists (at the time) of Samarkand (Uzbekistan) stated that the person who does one good deed should be weary of four things:

1. The fear of that good deed not being accepted, for Allah clear states in the Holy Qur'an, *"Allah accepts only from the God-fearing."* (Al-Maidah)
2. The fear of showing off for having done that good deed, for Allah states, *"And they were only commanded to worship Allah, being exclusively one sided"* (Al-Bayyinah)
3. The fear of preserving that good deed for, *"Whoso brings one good, then for him there are ten like thereof."* (Al-An'am)
4. The fear of being deserted (socially) in performing good deeds for it is in the Holy Qur'an, *"And my succor is from Allah only. I relied only upon Him and I turn towards Him only."* (Al-Hud)

My dear brothers and sisters, if the above-mentioned are with regards to one who performs good deeds, imagine then what a person who commits sins should be afraid of!

Having read about the fear of Allah, one may begin to wonder how it is at all possible to achieve such fear of Allah, on par with our pious predecessors – it seems almost impossible, being such average human beings. But remember! Allah is the most Merciful, the most Gracious, and indeed He has created us and is aware that we are not all alike, hence He has informed us in the Holy Qur'an, **"Fattaqul Laaha MasTa•a'tum.."** *'Therefore fear Allah as much as you can..'* Furthermore, in the same verse, Almighty Allah enlightens His slaves as to how they may go about achieving this: **"Wasma'oo Wa A•ee'oo Wa Anfiqoo Khayral Li Anfusikum;"** *'And listen to the commands and obey and spend in the way of Allah for your own good;'*. What is our own good? It is to attain the pleasure of Allah Az Zawajjal so that He may reward us. And what happens if we continue to do good and stay away from sin? Allah continues to say, **"Wamay Yooqa Shuĥĥa Nafsihee Fa-Ulaa-Ika Humul Mufliĥoon."** *'And whosoever is saved against the avarice of his own soul, they are the people to get prosperity.'*(Al-Taghabun) It is Allah, the Almighty, who is the One who rewards us, Who graces us with rank and respect in this world, and Who removes obstacles from our course in life so that we may live a contented life; if we obey him, we shall surely live the best of lives, and gain the best of both worlds.

All praises are due to Allah, we praise Him, we seek His Help, and we supplicate to Him and ask for His Mercy and His Forgiveness. May Allah grant us faith, hope and ultimate fear in Him for He alone will surely alleviate us from distress, show us compassion, kindness and mercy. May He forgive our sins and guide us away from the temptations and desires of the world and its belongings; and guide us on to the righteous path. Aameen. Allahumma Aameen. **Wa Maa 'Alayna Illal Balaag**

*References: Qur'anic Translation: Kanzul Iman*

h

મૌતુલ આલિમ મૌતુલ આલમ !

# હુઝૂર અશ્શાહ મુફ્તી આલે મુસ્તફા ક઼ાદરી رحمۃ اللہ علیہ

રજૂકર્તા : મુહમ્મદ તૌફીક઼ રઝવી પેટલાદી
(મુતઅલ્લિમ : દા.ઉ. ગૌષે આ'ઝમ–પોરબંદર)

આ ફાની દુનિયામાં કેટલાય આવ્યા અને આ ફાની દુનિયાને અલવિદા કહીને તશરીફ લઈ ગયા. પણ આ દુનિયાના લોકો તેમાંથી અમુકને ભૂલતા નથી. તેમને તેમના સારા અખ્લાક઼, શિસ્ત, ઈલ્મ, તક઼વો, સારી ચલચલનના લીધે સદા યાદ રાખે છે તેમાંથી જ એક છે ઈલ્મે દીનથી સમૃદ્ધ તક઼વા વ પરહેઝગારીના પયકર, મસ્લકે આ'લા હઝરતના શયદાઈ, કાબિલ મુદર્રિસ, મુદબ્બિર, મુફક્કિર, સૂફીએ બાસફા, યાદગારે બદરે મિલ્લત, રહબરે શરીઅત વ તરીક઼ત, નાશિરે મસ્લકે આ'લા હઝરત ખલીફએ હુઝૂર તાજુશ્શરીઅહ્, શૈખુલ હદીષ વલ્ ઈફતા, હાફિઝો ક઼ારી, આલિમો ફાઝિલ, હુઝૂર અશ્શાહ મુફ્તી આલે મુસ્તફા ક઼ાદરી رحمۃ اللہ علیہની ઝાત છે.

આપ હુઝૂર મુફ્તી આલે મુસ્તફા સાહબ અલાઉદ્દીનપૂર જિ. ગોંડા, યુ.પી.ના વતની હતા. આપના વાલિદે મુહતરમનું નામ હઝરત મુહમ્મદ હસન હતું. આપ દારુલ ઉલૈમ ગૌષે આ'ઝમ (પોરબંદર) ખાતે સદર મુદર્રિસ તરીક઼ ખિદમત આપતા હતા. આપ આલિમે બાઅમલ હતા. મુત્તક઼ી પરહેઝગાર હતા. સાદગી અને નમ્રતા આપના સ્વભાવની અનેરી ખૂબીઓ હતી. દારુલ ઉલૂમના તલ્બા માટે આપ શિસ્તના ખૂબ આગ્રહી હતા. તા'લીમ અને તર્બિયત ક્ષેત્રે વધુ ધ્યાન આપતા હતા, જેથી દારુલ ઉલૂમથી ફારિગ થનાર કોઈપણ હાફિઝ, ક઼ારી, આલિમ, ફાઝિલ તા'લીમની સાથે તર્બિયત લઈને ફારિગ થાય.

**તાલીમ** : હુઝૂર મુફ્તી સાહિબ علیہ الرحمۃ و الرضوانએ પોતાની શરૂઆતની તા'લીમ પોતાના જ ગામમાં પ્રાપ્ત કરી. પછી ઉર્દૂ તા'લીમ માટે આપે દારુલ ઉલૂમ હનફિયા સુન્નિયા–માલેગાંવમાં એક વર્ષ સુધી પ્રાપ્ત કરી. પછી વધારે તા'લીમ માટે મદરસાએ ફયૂઝુલ ઉલૂમમાં જલીલુલક઼દર ખલીફએ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ, હઝરત અલ્લામા બદરુદ્દીન અહમદ ક઼ાદરી સાયએ કરમ વ શફક઼તમાં જમાઅતે રાબિઆ (અરબી કિતાબો વગેરે) સુધી તા'લીમ પ્રાપ્ત કરી. ત્યાર પછી પોતાની આલિમની પળ્હાઈ છોડી હઝરત અલ્લામા બદરુદ્દીન અહમદ ક઼ાદરી رحمۃ اللہ علیہથી ઈજાઝત પ્રાપ્ત કરી દારુલ ઉલૂમ યતીમખાના સફવિયા કરનેલગંજ, જિ. ગોંડા, યુ.પી. હાફિઝ થવા માટે આપ તશરીફ લઈ ગયા, પણ સમય વધારે બરબાદ ન કરતાં ફક્ત નવ મહિનામાં જ કુર્આનના હાફેઝ થઈ ગયા અને એક મહિનામાં જ કુર્આને પાકનો દૌર કરી લીધો. (સુબ્હાનલ્લાહ !) ત્યાર પછી પોતાની આલિમની પળ્હાઈ પૂરી કરવા માટે તેઓ જામિઆ અશ્રફિયા–મુબારકપુર, યુ.પી. તશરીફ લઈ ગયા પણ શરીર તંદુરસ્ત ન હોવાને લીધે તરત જ પાછા ફર્યા. અને દારુલ ઉલૂમ અહલે સુન્નત અન્વારે રઝામાં એક વર્ષ સુધી તા'લીમ પ્રાપ્ત કરી. ત્યાર પછી ફરીથી જામિઆ અશ્રફિયા મુબારકપુર તશરીફ લઈ ગયા. અને ત્યાંથી આલિમ ફાઝિલની ફરાગત હાંસલ કરી.

**તદરીસી ખિદમત** : આપ આલિમ બની ગયા પછી જામેઆ ગૌષિયા ગરીબનવાઝ–ખજરાના, ઈન્દોર તશરીફ લઈ ગયા અને ત્યાં પોતાના સમૃદ્ધ ઈલ્મથી બધાને સૈરાબ કર્યા. પછી હિ.સ. ૧૪૧૪, ઈ.સ. ૧૯૯૩માં આપ દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ (પોરબંદર)માં તશરીફ લાવ્યા અને પોરબંદરમાં પોતાના સમૃદ્ધ ઈલ્મથી ગુજરાત અને ગુજરાત બહારના તલ્બાને સૈરાબ કર્યા. અત્યારે ગુજરાતના ખૂણે ખૂણે હુઝૂર મુફ્તી અશ્શાહ આલે મુસ્તફા ક઼ાદરી رحمۃ اللہ علیہના શાગિર્દ જોવા મળશે. આજે મુફ્તી સાહબના હજારો શાગિર્દો હિંદુસ્તાનમાં ફેલાયેલા છે. આપ મુફ્તી સાહબ ક઼િબ્લા رحمۃ اللہ علیہ ૧૫ વર્ષથી દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદરમાં ખિદમત આપી રહ્યા હતા.

**બૈઅત વ ખિલાફત** : આપ હુઝૂર મુફ્તી સાહબ ક઼િબ્લા હઝરત અલ્લામા મુફ્તી બદરુદ્દીન અહમદ ક઼ાદરી رحمۃ اللہ علیہ (લેખક : તા'મીરે અદબ અને અન્ય કિતાબો)થી બયઅત હતા અને આપના ખાસ શાગિર્દ પણ હતા અને આપને ખિલાફત જાંનશીને હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ, વારિષે ઉલૂમે આ'લા હઝરત, ષાનીએ હુજ્જતુલ ઈસ્લામ, નબીરએ આ'લા હઝરત, તાજદારે અહલે સુન્નત, તાજુલ ઓલમા, તાજુશ્શરીઅહ્, ફક઼ીહે આ'લમ, મરજએ આલમ, શૈખુલ અનામ, ક઼ાઝીઉલ્ કુઝ઼ઝાત ફિલહિંદ, પરતવે આ'લા હઝરત, પયકરે શરીઅત વ તરીક઼ત, સાહિબે તક઼વા વ તહારત, હક્ક઼ગો, હક્ક઼ આગાહ, હઝરત અલ્લામા અશ્શાહ મુફ્તી મુહમ્મદ અખ્તર રઝાખાં ક઼ાદરી دام ظلہ العالیએ પોરબંદરમાં અર્પણ કરી હતી.

મુફ્તી સાહબ કેટલાક વર્ષોથી પોરબંદરની નગીના મસ્જિદમાં ઈમામત ફર્માવતા હતા. અને આપ હાફેઝ હોવાથી લગભગ સાત વર્ષથી ભાણવડની જુમ્આ મસ્જિદમાં કુર્આને પાક રમઝાનુલ મુબારકમાં સંભળાવવા માટે તશરીફ લઈ જતા હતા. અને આ વર્ષે પણ હુઝૂર હાફિઝ આલે મુસ્તફા ક઼ાદરી رحمۃ اللہ علیہ રમઝાનુલ મુબારકમાં કુર્આનથી તરાવીહ પઢાવવા માટે ભાણવડ તશરીફ લઈ ગયા હતા. તા. ૧૮–૯–૨૦૦૮ના જુમેરાતે કુટુંબીજનોને મળવા આપ ભાણવડથી પોરબંદર આવ્યા હતા. અને ઝોહર બાદ આપને બેચૈની અને છાતીમાં દુઃખાવાની ફરિયાદ થતાં આપને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ રાત્રે ૧૧.૧૫ વાગ્યે હાર્ટએટેક આવતાં આપની રૂહ કબ્જ થઈ ગઈ હતી. અને આપ પોતાના કુટુંબીજનો અને હજારો ચાહકોને ૪૪ વર્ષની ઉંમરે રંજોગમના અંધકારમાં છોડી આખેરતના સફરે કૂચ કરી ગયા. (ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન) અલ્લાહ તઆલા મુફ્તી સાહબની મગફેરત કરે, તેમના સદક઼ામાં આપણને ઈલ્મે નાફેઅ અતા ફર્માવે. (આમીન)

## ★ નૂરાની મસ્જિદની ઈફતેતાહ ★

**સૂડી** : (તા. આમોદ, જિ. ભરૂચ) મુકામે તા. ૩૧/૧૦/૨૦૦૮ના રોજ જુમ્આની નમાઝથી નવેસરથી તામીર થયેલ નૂરાની મસ્જિદની ઈફતેતાહ હઝરત મૌલાના સૈયદ નૂરાનીબાવા બડાસાહબ (ખલીફા શૈખુલ ઈસ્લામ) દયાદરાવાળાના હસ્તે થયું જેમાં હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહીએ નઅતેપાક પેશ કરી, હઝરત મૌલાના સાદિક઼ દહેગામી સાહબે નૂરાની બયાન કર્યું જનાબ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળાએ નિઝામત સંભાળી હતી. પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) તેમજ જનાબ હાફેઝ સાદિક દાઊદ મૂસા અન્ય દયાદરા તથા આમોદ આસપાસના ઘણા સુન્ની મુસ્લિમોએ હાજરી આપી હતી. મસ્જિદ કમિટીવાળાએ સારી વ્યવસ્થા કરી હતી, ન્યાઝનો બંદોબસ્ત પણ થયો હતો.

## ★ તશરીફે જહાં ★

જનાબ મકસૂદભાઈ માંચવાલા મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–બ્લેકબર્ન, યુ.કે. (મૌલાના ઈકબાલ વોરાસમનીવાળાના દામાદ)ના ત્યાં પુત્રી જન્મ ૨ રમઝાન શરીફ હિ.સ. ૧૪૨૯ના રોજ થયો છે. બેબીનું નામ 'સઅદિયા ફાતિમા' રાખ્યું છે. ફાતિમા નામ હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરીમિયાં دامت برکاتہم એ આપ્યું છે. મૌલા તઆલા નામની બરકતો તથા બુઝુર્ગોના ફયૂઝથી બેબીને બંને જહાનમાં આબાદ રાખે, નેક સાલેહ બનાવે. (આમીન) *–તંત્રી*

## ★ બરકાતે ખ્વાજા (માસિક)થી ઘણુ શીખવા મળે છે ★

તંત્રી સાહબ, સલામ બાદ લખવાનું કે ''બરકાતે ખ્વાજા'' (માસિક) નવે. ૦૮ના અંકમાં દીની દુનિયાવી ખબરો વાંચી ઘણુ નવુ જાણવા મળે છે. દુનિયાના મુસ્લિમોને કેવી રીતે ''હલાલ''ના નામે ઊંધા ચશ્મા પહેરાવાય છે ! આપનો આભાર કે આવી વાતોનો ભેદ ખોલી આપો છો, હવે લોકોએ મુરદારથી બચવું એમની ફરજ છે. બીજો એક પ્રશ્ન છે કે અમારે ત્યાં એવી માન્યતા છે કે, ''જાનવર અઢી છરીમાં હલાલ કરી દેવું, નહીં તો હરામ થઈ જશે !' તો એના ખુલાસામાં શરીઅતનો મસ્અલો રજૂ કરશો. *લિ. ઓસામા મુહમ્મદ અલ્તાફ–સૂરત*

*[નોંધ : જનાબ ઓસામા મુહમ્મદભાઈ ! સલામ મસ્નૂન, પત્ર બદલ આભાર. હલાલ જાનવર સુન્ની મુસ્લિમ* **''બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર''** *કહી તેજ છુરીથી ગળાના ભાગે ઝબહ કરે અને ચાર અથવા તો કમસે કમ ત્રણ રગો કપાવી જોઈએ, ભલે ગમે એટલીવાર છરી આગળ પાછળ કરવી પડે. આ જ મસ્અલો ''બહારે શરીઅત''માં છે. અન્ય સર્વ લોકવાયકાઓ વજૂદ વિનાની છે. –તંત્રી]*

બરકાતે ખ્વાજાની ટપાલ
≺ કાર્યાલય ≻

## ★ શાદી મુબારક થજો ! ★

લાતૂર : (મહારાષ્ટ્ર) મુકામે જનાબ મુહમ્મદ યૂનુસ હાજી ઉમર દાઊદ કચ્છીની નેક દુખ્તર રેહાનાબાનુ (અફરીન)ની શાદી તા. ૨/૧૧/૨૦૦૮ના રોજ રવિવારે જનાબ મુહમ્મદ ફારૂક઼ મુહમ્મદ સિદ્દીક઼ મ્યાનુર અંબાજોગાઈવાળાના નેક ફરઝંદ મુહમ્મદ અલ્તાફ સાથે રાખવામાં આવી. (મુબારકબાદ ! *–તંત્રી*)

**ભરૂચ** : (રોશનપાર્ક)થી હનીફ મુહમ્મદ માસ્તર અરગામાવાળા જણાવે છે કે તેમના નેક ફરઝંદ ડો. ઈકરામુલહક્કની શાદી વડોદરા નિવાસી યાકુબ આઈ. પટેલની નેક પુત્રી સાઈમા સાથે તા. ૧૮/૧૦/૨૦૦૮ બુધવારે ગોદરેજ હોલ વડોદરા ખાતે રાખવામાં આવી. તેની ખુશીમાં રૂા. ૧૦૧/– હનીફ માસ્તર તરફથી લિલ્લાહ મળ્યા છે. (જઝાકલ્લાહ ! મુબારકબાદ ! *–તંત્રી*)

તે ઉપરાંત જનાબ હનીફ માસ્તરના જ ફરઝંદ મોહસિન હનીફ મુહમ્મદ પટેલે દક્ષિણ ગુજરાત વીર નર્મદ યુનિ. સૂરતમાંથી એમ.એ.ની પદવી સ્પે. ઈંગ્લિશ વિષયમાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ લાવી પાસ કરેલ છે. (મુબારકબાદ ! અલ્લાહ પાક ઔર તરક્કી આપે. આમીન *–તંત્રી*)

**સૂરત** : મુકામે જનાબ હાફિઝ મુહમ્મદ અમીન રઝવી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, સૂરત) સાહબની નેક દુખ્તરો કનીઝ ફાતેમાની શાદી મુહમ્મદ ઝબીહુલ્લાહખાન સાથે અને અનીસ ફાતેમાની શાદી ઝાહિદ અહમદ સાથે તા. ૨૩/૧૧/૨૦૦૮ રવિવારે રાખવામાં આવી. જનાબ હાફેઝ સાહબ તથા દુલ્હા–દુલ્હનો સૌને ખૂબખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**સૂરેલી** : થી શફીઉલ્લાખાન અમાનુલ્લાખાન પઠાણ જણાવે છે કે તેમના વાલિદ સાહબ જનાબ અમાનુલ્લાહખાન તથા વાલિદા ઈકબાલબીબી તા. ૨૪–૧૧–૨૦૦૮ બરોઝ પીર ઝહોર બાદ હજ્જે બૈતુલ્લાહ શરીફ જવા રવાના થશે. (મુબારકબાદ ! મૌલા તઆલા હજ્જો ઝિયારત કૂબૂલ ફર્માવે, સફર આસાન ફર્માવે. *–તંત્રી*)

### ★ મફત મંગાવો ★

કિતાબ : **હયાતે અખ્તર** (આવૃત્તિ–૨)

સંપાદક : હાજી ઈબ્રાહીમખાન શેરવાની

પ્રકાશક : અલ રઝા મજલિસ કમિટી, C/o. તૌસીફ રઝાખાં હાજી ઈબ્રાહીમ, શેરવાની, જૂની દીવાદાંડી પાછળ, સિપાહીવાડા, પોરબંદર–૩૬૦ ૫૭૫ (મો. ૯૯૯૮૬ ૯૯૯૦૧) હદિયો : પોસ્ટકાર્ડ કે SMS કરી મફત મંગાવો !

હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાં અઝહરી مدظلہ العالیના મુબારક જીવન વૃત્તાંત વિશે સંક્ષિપ્તમાં ચિતાર રજૂ કરવામાં આવ્યો છે. નબીરએ આ'લા હઝરત હુઝૂર તાજુશ્શરીઅહની હસ્તી ઓળખની મોહતાજ નથી, આ'લા હઝરત رضی اللہ عنہ નો ફયૂઝાનના આપ મઝહર છે. આપની ખાનદાની સ્થિતિ, તા'લીમ, બયઅત, ખિલાફત, આપના પર સઊદી ગર્વન્મેન્ટે કરેલા જુલ્મની દાસ્તાન, આપની દીની, કૂલમી, તહરીકી, ઈન્કિલાબી ખિદમતોનો સરસ ઉલ્લેખ જોવા મળે છે. લેખક તથા સંપાદક સાહબને તથા પ્રકાશકને મુબારકબાદ ! *–તંત્રી*

### ★ હુઝૂર તાજુશ્શરીઅહનું અમદાવાદ આગમન ! ★

અમદાવાદ મુકામે સરખેજ બડી દરગાહ હઝરત શેખ અહમદ ખટ્ટુ ગંજબખ્શ رحمۃ اللہ علیہના મઝારે મુકદ્દસની શાહી મસ્જિદ ખાતે તા. ૫/૧૧/૨૦૦૮ બુધવારે ઝહોર બાદથી શાનદાર જશ્ને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં મગરિબ બાદ હુઝૂર તાજુશ્શરીઅહ મુફતી અખ્તર રઝા અઝહરી મિયાં સાહબ مدظلہ العالی ની તશરીફ આવરી થઈ. આપની સાથે હઝરત મૌલાના અસ્જદરઝાખાં સાહબ (સાહબઝાદા તાજુશ્શરીઅહ) પણ તશરીફ લાવ્યા હતા. ખૂબ જ શાનો શૌકત સાથે "મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !" વગેરે નારાઓ સાથે હજારોની મેદનીએ આપનું ભવ્ય સ્વાગત કર્યું અને હજારો લોકોએ આપના નૂરાની બયાનથી તથા આપના નૂરાની ચેહરાની ઝિયારતથી ફયૂઝ મેળવ્યો. ઘણા લોકો આપના દસ્તેહક્ક પરસ્ત પર બયઅત થયા હતા.

એ જ પ્રમાણે ઈશા બાદ દારુલ ઉલૂમ સૈયદ અલી સરકાર, મંડાલી, જિ. મહેસાણા ખાતે હઝરત અલ્લામા અસ્જદ રઝાખાં સાહબની સદારતમાં તથા પીરે તરીકત સૈયદ મુહમ્મદ કમરુદ્દીન–કારંટા શરીફની કયાદતમાં શાનદાર રીતે "મસ્લકે આ'લા હઝરત કોન્ફરન્સ" યોજાયી હતી જેમાં હઝરત મૌલાના સોહેલ અહમદ કાદરી રઝવી સાહબ–દિલ્હી તથા હઝરત મુફતી મુહમ્મદ અફઝાલ રઝવી નૂરી (બરેલી શરીફ) સાહબે ઈમાન અફરોઝ બયાનો કર્યા હતાં. હુઝૂર તાજુશ્શરીઅહ કિબ્લાની તશરીફ આવરી થતાં મજમો આપની ઝિયારતના જઝબાતમાં બેકાબૂ થઈ ગયો હતો જેને કન્ટ્રોલ કરવામાં ખૂબ તકલીફ પડી હતી. અસંખ્ય લોકો આપના ફયૂઝાને કરમથી માલમાલ થયા તથા મુરીદ થયા હતા.

**વડોદરા** : ગ્રાહક નં. ૧૧૩૮ જનાબ અહમદહુસૈન અલ્લારખા દિવાને "માહે નૂર" નામથી ફૂટવેરની દુકાન શરૂ કરી તેની ખુશીમાં રૂા. ૧૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા તઆલા રોજી રોજગારમાં બરકત આપે. *–તંત્રી*

### ★ થામમાં ચેહલૂમનો જલસો ★

દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ ખાતે મર્હૂમ હાજી વલીભાઈ ગોરજી સાહબના ઈસાલે સવાબ અર્થે તેમના ચેહલૂમના પ્રસંગે તા. ૧૬–૧૧–૨૦૦૮ રવિવારે સવારે નવ વાગ્યે શાનદાર જલ્સો દારુલ ઉલૂમની મસ્જિદ ખાતે યોજાયો જેમાં મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત વડોદરા) પીરે તરીકત શેરે સૌરાષ્ટ્ર ખલીફા તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર) ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, મુફતીએ મહારાષ્ટ્ર, આલિમે બેમિષાલ, ખતીબે બાકમાલ હઝરત અલ્લામા મૌલાના મુફતી મુજીબ અશ્રફ સાહબ–નાગપુર, હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ હનીફ સાહબ (બોલ્ટન, યુ.કે.) જનાબ હાફેઝ ઈકબાલ સાહબ કંબોલ્વી તથા પુષ્કળ સાદાત, ઉલમા, હુફ્ફાઝે કિરામ તથા દારુલ ઉલૂમ થામના ચાહકોએ

હાજરી આપી હતી. હુઝૂર કિબ્લા મુફ્તી મુજીબ અશરફ સાહબ નાગપુરીનું બયાન સૌથી અસરકારક તથા દરેક સુન્નીએ જીવનમાં ઉતારવા જેવું હતું.

આપે ઈમાનવાળો કોણ ? અને તેને શું ઈનામો મળશે ? આ બે મુદ્દા પર કુર્આન હદીષની રોશનીમાં સંક્ષિપ્ત પણ ઈમાનને તાજુ કરી આપે તેવું બયાન કર્યું હતું. અંતમાં સલાતો સલામ બાદ હુઝૂર મોઈને મિલ્લતે વલવલાઅંગેઝ દુઆ મર્હૂમ માટે ગુજારી હતી.

## ★ અમારું અવલોકન ★

કિતાબ : હદાઈકે બખ્શિશ (ગુજરાતી લિપિયાંતર)

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

લિપિયાંતર કર્તા : જનાબ ગુલામ મુહયુદ્દીન ઈસ્માઈલ 'હાફેઝ' નબીપૂરી

પ્રકાશક : સુન્ની મુસ્લિમ કમિટી, હવેલી શેરી, ગોંડલ—૩૬૦ ૩૧૧

ઈમામે ઈશ્કો મહબ્બત, આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہનું નામ પડતાં જ જેના દિલમાં ઈશ્કે રસૂલ ﷺની શમ્આ ઝગારા મારતી હોય છે તે ઝુમી ઉઠે છે, આપે સરકારે દો આલમ ﷺની મહોબ્બતનો શેઅરની શૈલીમાં મોજાં મારતો સમુદ્ર પેશ કર્યો છે જેને "હદાઈકે બખ્શિશ" નામથી ઓળખવામાં આવે છે જેના એક બે છાંટા જ ઈમાનવાળાને ઝુમાવી દે છે અને ઈમાનમાં તાજગીભરી આપે છે. આપના લખેલા શેઅરો, મન્કૂબતો એ કુર્આન, હદીષની, તફસીર રજૂ કરે છે. ખૂદ ફર્માવે છે કે, કુર્આનસે મૈંને નઅતે ગોઈ સીખી.... આપના ઈશ્કનો આલમ એ હતો કે,

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ*
*લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*

અલ્લાહના મહબૂબ ﷺની મહોબ્બત ઈમાનની જાન છે તેની સમજ તથા ગૌષે પાક رضی اللہ عنہ થી આપની દીવાનગીભરી અકીદતનો નઝારો "હદાઈકે બખ્શિશ"માં જોવા મળે છે. ખૂદ જ આપ અભ્યાસ કરી કિતાબની મહાનતાને અનુભવી શકો છો, મારી જેવો અજ્ઞાની એના માટે વિશેષ શું લખી શકે ! ઘણા સમયથી આ કિતાબની ગુજરાતી ભાષામાં જરૂર હતી જે ખોટ આશિકે રઝા અમારા મિત્ર જનાબ ગુલામ મુહયુદ્દીન ઈસ્માઈલ 'હાફેઝ' સાહબે પૂર્ણ કરી છે તેમને તથા પ્રકાશક સુન્ની મુસ્લિમ કમિટી—ગોંડલને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં તેમની મહેનતને કબૂલ કરે તથા આ કિતાબ છપાવવામાં સહાયકર્તાઓને જઝાએ ખૈર આપે.

**નોંધ** : કેટલીક ભૂલો લિપિયાંતરમાં રહી ગઈ છે તેનું નિવારણ જરૂરી છે. *—તંત્રી*

## ★ જરૂરી એલાન ★

**રૂસ્તમપુરા** : (તા. વાઘોડીયા, જિ. વડોદરા)થી જનાબ ઈદરીસભાઈ મુતવલ્લી જણાવે છે કે અમારા ગામમાં વીસ વરસથી વહાબીઓનો મસ્જિદ—મદસા પર વહિવટ હતો. માહે રમઝાન હિ.સ. ૧૪૨૯થી અમોએ સુન્નિયતના સંચાલન હેઠળ લીધું છે. જેથી રૂસ્તમપુરા મસ્જિદ—મદરસાના ચંદા માટે અમારા ત્યાંથી કોઈ વ્યક્તિ આવે તો તપાસ કરીને ચંદા આપવો. *—લિ. ઈદરીસભાઈ મુતવલ્લી, રૂસ્તમપુરા*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : ખાતે તા. ૩/૧૦/૨૦૦૮ના જુમ્આના રોજ ઈશાબાદ હાજી મુહમ્મદ વલી દરબારનો ઈંતેકાલ થયો જેમની દફનવિધિ શનિવારે રાત્રે ઈશા બાદ થઈ. દફનવિધિમાં તેમના ફરઝંદો જનાબ હાફેઝ ઈકબાલ દરબાર તથા ઐયૂબ દરબારે લંડનથી આવી હાજરી આપી હતી. તેમજ તા. ૭/૧/૨૦૦૮ જુમ્આના રોજ અમીનાબેન વલી ભૂરાનો ઈંતેકાલ થયો. અને તા. ૧૫/૧૧/૨૦૦૮ શનિવારે વલીભાઈ અહમદ કંપાઉન્ડરનો ઈંતેકાલ થયો છે.

**પીપળીયા** : (તા. વાગરા) મુકામે ગોટાબેન હબીબભાઈ પટેલ (ઈસ્માઈલ માસ્તર હવેલીવાલા દયાદરાવાળાનાં બહેન) તા. ૨૭/૧૦/૨૦૦૮ના રોજ ઈંતેકાલ કરી ગયાં છે.

**સૂતરેલ** : મુકામે જનાબ ઈબ્રાહીમ વલી માસ્તરનાં વાલિદા ફાતમાબેનનો ઈન્તેકાલ તા. ૧૧—૧૧—૨૦૦૮ થયો, જેમની નમાઝે જનાઝા હઝરત સૈયદ મુહમ્મદ ગુલામબાવા ચાંચવેલવાળા સાહબે પઢાવી. જનાઝામાં ઘણા સાદાત, મૌલાના, હુફ્ફાઝે કિરામે હાજરી આપી હતી. મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૫૦૦/— લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

મૌલા કરીમ સર્વે મર્હૂમોની તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી મગફેરત ફર્માવે છે અને કુટુંબીજનો, સગાંઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *—તંત્રી*

શબ્બીર ટોપીવાલા **ટોપીવાલા આર્ટ** મો. ૯૯૨૫૦ ૯૧૬૭૦

**હમારે ત્યાં કોમ્પ્યુટરાઈઝડ મારબલ ગ્રેનાઈટ પથ્થર ઉપર કોતર કામ કરી આપવામાં આવશે**

ગુજરાતી, ઇંગ્લીસ, હિંદી, અરબી, ઉર્દૂ....વગેરે ભાષમાં તથા નમાઝના ટાઇમ ટેબલ ઘડીયાણ એક્રેલીક અને સ્ટીલના ટાઇપો બનાવનાર

بسم الله الرحمن الرحيم　بسم الله الرحمن الرحيم

ઠે. વાગરા, ચીમન ચોક પાસે, વાગરા, જિ. ભરૂચ

નોંધ : કોઇ પણ ઇસ્લામિક સંસ્થાનુ કામ વ્યાજબી ધોરણે કરી આપવામાં આવશે.

**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ (મનીબેક ગેરેંટી)

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮

**વાંસદાના સુન્નીઓ જોગ :** ગયા મહિને નવેમ્બર–૨૦૦૮ અંકમાં ચાંદ જોવા સંબંધે લેખમાં "વાંસદા"ના વિશે જે લખાણ અમોએ રજૂ કરેલું તેના સંબંધે ત્યાં થોડીક નારાજગી થઈ હતી. પણ વાંસદા મસ્જિદના ટ્રસ્ટી જનાબ ગુલામભાઈએ ખૂબ જ અખ્લાક઼પૂર્ણ વર્તાવ સાથે મને જણાવ્યું કે "અમને મળેલી માહિતી બરાબર ન હતી, સહીહ એ છે કે ચાંદ જોનાર ભાઈ સુન્ની જ છે....વગેરે" તો જનાબ ગુલામભાઈનો હું આભારી છું તેમજ જેમનું પણ એ લખાણથી દિલ દુભાયું હોય તે સર્વ સુન્ની ભાઈઓની હું દિલના અંતઃકરણથી હું માફી ચાહુ છું આશા છે કે મારા સુન્ની ભાઈઓ મને દરગુઝર ફર્માવશે. *–લિ. તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**::::::: કુરચણ મદરસાનું બાંધકામ જરૂરી :::::::**

**કુરચણ** : (તા. આમોદ, જિ. ભરૂચ) મુક઼ામે મદરસાનું મકાન જર્જરીત હાલતમાં છે. છત તથા દિવાલમાંથી પોપડા પડે છે. હાલ મદરસો મસ્જિદના ભોંયતળિયે ચાલે છે. બાળકોની સંખ્યા લગભગ ૩૦૦ છે. આખી સુન્ની આબાદી ખેતી પર નિર્ભર છે જેથી સખીદાતાઓને વિનંતિ કે પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે ઈલ્મે દીનની રોશની વેરતા આ મદરસાના માટે મકાન બનાવી આપશો. રોકડ કે ઈંટો, રેતી, કપચી, લોખંડ વગેરે મોકલી સવાબના હક઼્દાર થશો. સંપર્ક કરો : (૧) પ્રમુખ : હાજી અલી ઈસ્માઈલ, ફોન : (૦૨૬૪૧) ૨૩૯૬૭૫, મો. ૯૯૦૪૧૬૮૨૮૭ (૨) ઉપ પ્રમુખ : હાજી મૂસા ઈસ્માઈલ, ફોન : ૨૩૯૫૪૧

## બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

કાર્યાલય

### વિષય : ઈસ્લામમાં સાચા બોલીનું મહત્વ અને આપણે

**★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★**

નં ૧. મુહમ્મદ તાહિર અલી જામનગરી *(જામિઆ અશરફિયા–મુબારકપુર)* રૂા. ૩૦૦ (પ્રથમ ઈનામ)

નં ૨. પટેલ અલ્તાફહુસૈન કુરચણવી *(જામિઆ અશરફિયા–મુબારકપુર)* રૂા. ૨૦૦ (બીજુ ઈનામ)

નં ૩. અસ્મા અ. લતીફ શેખ *(આલિમા, મુ. પાલેજ, તા. જિ. ભરૂચ)* રૂા. ૧૦૦ (ત્રીજુ ઈનામ)

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

**ઈસ્લામમાં નિકાહનું મહત્વ અને વર્તમાન જગત**

નોંધ : આ લેખ હરીફાઈ મદ્રસાના કે સ્કૂલના વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત છે.

તા. **૧૦–૦૨–૨૦૦૯** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

## મુંબઈનો સુન્ની ઈજતેમા અતિ કામયાબ ! (કાર્યાલય)

આલમી તેહરીક઼ **''સુન્ની દા'વતે ઈસ્લામી''**નો ૧૮મો આલમી સુન્ની ઈજતેમા આઝાદ મેદાન, વાદીએ નૂર–મુંબઈ ખાતે તા. ૭–૮–૯, નવેમ્બર–૨૦૦૮ જુમ્આ, શનિ, રવિ ત્રણ દિવસ માટે યોજાયો. જુમ્આની નમાઝ પહેલાંથી જ ઔરતોની ભીડ શરૂ થઈ ગઈ હતી તે સાંજ સુધી ચાલુ રહી, ચુસ્ત પર્દાની વ્યવસ્થા જલ્સાગાહમાં હતી. હજારોની સંખ્યામાં દર વર્ષ કરતાં અધિક બહેનોએ હાજરી આપી ઉલમા તથા મુબલ્લિગીન તરફથી ઈસ્લામી અખ્લાક઼ની તા'લીમ મેળવી હતી. જનાબ અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ, હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી, અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી... વગેરેનાં ઈન્કિ઼લાબી હૃદયદ્રાવક બયાનો ઈશા સુધી થયાં અને ખાસ તો અસરથી મગરિબ સુધી મોહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી (સદર મુફતી જામિઆ અશ્રફિયા–મુબારકપુર) સાહબે બહેનોના દીની સવાલોના જવાબો આપ્યા હતા. શનિવાર સવારથી મર્દો માટેના ઈજતેમામાં હાજરી આપવા જુમ્આની રાતથી જ મુબલ્લિગો સાથે કાફલાઓમાં આશિક઼ાને મુસ્તફાના ટોળાં આવવાનાં શરૂ થઈ ગયાં હતાં. આગલા સર્વ રેકોર્ડને પાર પાડી આ વખતે અલ્હમ્દુલિલ્લાહ ! સુન્નીઓએ લાખોની સંખ્યામાં હાજરી આપી પોતાની જાગૃતિનો દાખલો બેસાડી મેદાનને છલકાવી દીધું હતું. વિશેષતઃ ઉલમાનાં બયાનોમાં મુફસ્સિરે કુર્આન અલ્લામા ક઼ારી ઝહીરુદ્દીનખાન સાહબે ગુસ્તાખે રસૂલ ઝાકિર નાયકની બેઅદબીઓનો મુદલ્લલ જડબાતોડ જવાબ પોતાના આગવા અંદાજમાં આપીને ઝાકિર નાયકની જેહાલતને જાહેર કરી દીધી હતી. હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં આઝમી (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન)એ પણ અહલે સુન્નતની હક્ક઼ાનિયતને સાબિત કરતું તથા ઈસ્લામ અને માનવતાના પાઠ સંબંધે ખૂબ જ અસરકારક બયાન કર્યું હતું. જનાબ ક઼ારી રિઝવાન સાહબે નિઝામત ખૂબ જ મેહનતથી સંભાળી લાખોના મજમાને કંટ્રોલ કર્યો હતો. તથા અન્ય મુબલ્લિગો જનાબ રાશિદભાઈ, સૈયદ અહમદ, વાસિફ રઝા વગેરેએ નઅતે પાક તથા બયાનો કરી મજમાને ફય્ઝયાબ કર્યો હતો. તેમજ વિવિધ ફઝાઈલ, મસાઈલ, દુરૂદ, દુઆઓ, દિવસભર યાદ કરાવવામાં આવતી રહી, શનિવારે રાત્રે દસ વાગ્યે માઈક બંધ થતાં હલકાઓમાં મુબલ્લિગોએ પાકી, નમાઝ, અખ્લાક઼, સુન્નતો, નેક અમલો વગેરે વિશે બયાનો કરીને ઈલ્મના પ્યાસાઓને સૈરાબ કરી ઈસ્લામી જિંદગી જીવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વર્તમાન માહોલને અનુરૂપ વિશેષ પ્રકારની સીક્યુરીટી આ વરસે મેદાનમાં તહેનાત હતી. રાત્રે મેદાનમાં જ સુન્નત પ્રમાણે સૂવાની તા'લીમ આપવામાં આવી અને સવારે તહજ્જુદ સમયે મેદાનમાં હાજર મજમાને જગાડી નમાઝ પઢાવવામાં આવી. એ રીતે અન્ય તા'લીમો ચાલતી રહી. રવિવાર સાડા દસથી હાજીઓ તથા અન્ય લોકોની હાજરીએ ખૂબ જ રસપૂર્વક જનાબ ક઼ારી રિઝવાન સાહબની અનોખા અંદાઝમાં થતી તર્બિયતને શીખી. ઝહોર બાદ સુન્ની દા'વતે ઈસ્લામી હેઠળ ચાલતા દારુલ ઉલૂમ ગૌષિયા–મુંબઈના ફારિગ થનાર તલબાની દસ્તારબંદી પહેલાં ખત્મે બુખારી જલીલુલ કદર આલિમે દીન ઉસ્તાઝુલ ઉલમા હઝરત અલ્લામા અબ્દુશ્શકુર મિસ્બાહી તથા મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી જામિઆ અશરયિા મુબારકપુરની હાજરીમાં થઈ, 'સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક'ના ''દઅવત નંબર''નો રસ્મે ઈજરા પણ થયો હતો. મૌલાના ફૈયાઝ અહમદ સાહબ (તંત્રી માહે તયબાહ હિંદી) દા.ઉ. ઈસ્હાકિયા–જોધપૂરનું બયાન ત્યાર બાદ મુફતી નિઝામુદ્દીન મિસ્બાહી સાહબ થકી દીની સવાલો જવાબની મેહફિલ ચાલી જેમાં અક઼ીદા પર અમલો પર વિવિધ સવાલો જવાબ થયા. અસર બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવીનું હૃદયને વલોવતું લાજવાબ બયાન થયું, મગરિબ બાદ અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમીએ ઈસ્લામ ઔર ઈન્સાનિયતના વિષયે ઈમાન અફરોઝ બયાન કર્યું ત્યારબાદ હોલેન્ડથી તશરીફ લાવેલ મૌલાના શફીકુદ્દીન સાહબે સુન્ની દા'વતે ઈસ્લામી તેહરીકની પ્રશંસા સાથે ઈમાન અફરોઝ બયાન કર્યું પછી ઈશાબાદ ઝિક્ર દુઆમાં ભરચક મેદાનમાં ગેટ સુધી બેઠેલી પબ્લિકે અશ્રુમય આંખો સાથે ગુનાહોથી તૌબા કરી ઈસ્લામી જીવન જીવવા દુઆઓ કરી હતી. ઝિક્ર દુઆ બાદ સલાતો સલામ સાથે ઈજતેમાની પૂર્ણાહુતી થઈ હતી.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

| | |
|---|---|
| ૧. | **ખત્રી (હાલાઈ) યુવતી** : ઉંમર : ૩૯ વર્ષ, ઊંચાઈ : ૪'.૫", એજ્યુકેશન : B.A. હિંદી, કોમ્પ્યુટર, પંજવક્તા નમાઝી, પર્દાની પાબંદ, ટયૂશન કરે છે, સિલાઈકામ જાણકાર, તલાકશુદા છે. એજ્યુકેટેડ નેક છોકરો પસંદગી પાત્ર (રાજકોટ તરફ) |
| ૨. | **મુસ્લિમ યુવતી** : જ.તા. ૩૦/૧/૧૯૮૭, ઊંચાઈ : ૫'.૪", એજ્યુકેશન : H.S.C. વિજ્ઞાન સાથે ડિસ્ટીંગસન, ફીઝીયોથેરાપી, ઘઉંવર્ણી, ઈસ્લામી જીવન પદ્ધતિ પસંદ સુન્ની, રસોઈ, ઘરકામ, નમાઝ, ડ્રાયવિંગ, સામાજિક કાર્ય, પિતા એડવોકેટ. (ભરૂચ સાઈડના) |
| ૩. | **શેખ યુવાન** : ઉંમર : ૩૨ વર્ષ, છૂટાછેડા લીધેલ, ઘઉંવર્ણો, સિલાઈકામ જાણકાર, દીની તા'લીમ, પ્રાથમિક લીધેલ (રાજપીપલા તરફ) |
| ૪. | **શેખ યુવતી** : જ.તા. ૩૦/૬/૧૯૮૪, હિંદી, ગુજરાતી, અંગ્રેજી સારું લખી બોલી વાંચી શકે. એજ્યુ. B.Com, કોમ્પ્યુટર બેઝીક નોલેજ. (ખંભાત તરફના) |
| ૫. | **શેખ યુવાન** : ઉંમર : ૨૮ વર્ષ, ઘઉંવર્ણો, ટેલરીંગ કામ, પ્રાઈવેટ દુકાન, સંયુક્ત ફેમેલી, સુન્ની પઠાણ, શેખ યુવતી પસંદગી પાત્ર |
| ૬. | **મલેક યુવતી** : જ.તા. ૨૫/૮/૧૯૮૩, ઊંચાઈ : ૫ ફૂટ, એજ્યુ. M.A. હિંદી સાથે, હાલ Bed. કોલેજમાં લેકચરર, માસિક આવક રૂા. ૧૦,૦૦૦/– સુન્ની બરેલ્વી એજ્યુકેટેડ યુવાન પસંદગી પાત્ર |

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## ★ ભરૂચમાં સુન્ની ઈજતેમા યોજાયો ★

(કાર્યાલય)

આલમી તેહરીક **"સુન્ની દા'વતે ઈસ્લામી"**નો બે દિવસીય સુન્ની ઈજતેમા ભરૂચ સબજેલ પાસે તા. ૧૮, ૧૯ ઓકટો. ૨૦૦૮ શનિ–રવિ કામયાબીપૂર્વક યોજાઈ ગયો. શનિવારે ઝહોરથી મગરિબ સુધી બહેનો માટેના ઈજતેમામાં ભરૂચ શહેર ઉપરાંત વિવિધ ગામોમાંથી પુષ્કળ સંખ્યામાં બહેનોએ હાજરી આપી દીની મસાઈલ, ઔરતની શું ફરજો છે, સ્ત્રી કઈ રીતે માહોલની સુધારણા કરી શકે છે વગેરે વિષયે તા'લીમ મેળવી હતી. જનાબ સૈયદ અમીન સાહબ માલેગાંવીની દુઆથી શનિવાર ઝહોર બાદ ઈજતેમા શરૂ થયો. જનાબ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા, જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળા વગેરેએ નઅત બયાન રજૂ કર્યા ત્યારબાદ ક઼ારી રિઝવાન સાહબે પોતાની આગવી ઢબથી બહેનોની ઈસ્લાહ કરતાં નઅત દીની ફઝાઈલ મસાઈલ રજૂ કર્યા. અસર સુધી મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદીન સાહબે (સદર મુફતી જામિઆ અશરફિયા–મુબારકપૂર) વિવિધ પ્રશ્નોના જવાબો આપી ઈલ્મી રોશની ફેલાવી હતી. અસર બાદ જનાબ સૈયદ અમીન સાહબ માલેગાંવીએ ગીબતના વિષયે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. મગરિબ બાદ ઝિક્ર, દુઆ, સલાતો સલામ બાદ બહેનોનો ઈજતેમા સંપન્ન થયો હતો. બીજા દિવસે ભરૂચ શહેર તથા ગામડાંઓ ઉપરાંત વડોદરા, સૂરત, નર્મદા વગેરે જિલ્લાઓમાંથી શમ્એ રિસાલતના પરવાનાઓ હજારોની સંખ્યામાં "વાદીએ રહમત" સબજેલ ગ્રાઉન્ડ ભરૂચ ખાતે ઉમટી પડયા હતા. નમાઝ વગેરેની વિવિધ દુઆઓ વગેરે દીની અખ્લાક઼ી તા'લીમો તર્બિયતનો ક્રમ અસર સુધી ચાલ્યો. અસરથી મગરિબ અને મગરિબ બાદ ઈશાથી પહેલાં સુધી હઝરત મુફતી નિઝામુદીન સાહબ મિસ્બાહીથી સવાલો જવાબનો ક્રમ ખૂબ જ રસપ્રદ રીતે ચાલ્યો જેમાં અક઼ીદા તથા મામલાત વગેરે મસાઈલમાં શ્રોતાઓ ફયૂઝયાબ થતા રહ્યા. ઈશા અગાઉ "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ" ખાતે ફારિગ થનાર હુફ્ફાઝ તથા ઈમામોની દસ્તારબંદીનો અનોખો મંઝર યોજાયો. ઈશા બાદ મર્કઝી બયાન પહેલાં હઝરત મૌલાના સૈયદ નૂરાનીબાવા બડાસાહબ દયાદરાવાળાની તશરીફ આવરી થઈ જેમનું તથા હઝરત સૈયદ શૌકતઅલીબાવા જંબુસરવાળા તથા હઝરત સૈયદ હશમતઅલી બાપુ બરકાતી જંબુસરવાળાનો ઈસ્તેક઼બાલ કરવામાં આવ્યો. ત્યારબાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબે "નેકીમેં જલ્દી કરો !" એ વિષયે ખૂબ જ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ત્યારબાદ ઝિક્ર, દુઆ બાદ સલાતો સલામ સાથે ઈજતેમા પૂર્ણ થયો હતો.